અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ મે ૨૦૨૫, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૯
વર્ષ : ૧૬
અંક : ૩૦૩
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૯૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### સંરક્ષણ સચિવે પીએમ નરેન્દ્ર મોદીની સાથે મુલાકાત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૫ ।

પાકિસ્તાન અને ભારત વચ્ચેના તણાવને લઈને પીએમ મોદી સતત બેઠકો કરી રહ્યા છે. દરમિયાન, પીએમ મોદી અને સંરક્ષણ સચિવ રાજેશ કુમાર વચ્ચે આજે બેઠક શરૂ થઈ છે. આ પહેલા પીએમ મોદી એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહને મળ્યા હતા. બંને વચ્ચેની મુલાકાત લગભગ ૪૦ મિનિટ ચાલી. બંને વચ્ચે સુરક્ષા અને સંરક્ષણ તૈયારીઓ અંગે ચર્ચા થઈ. આ દરમિયાન, એર ચીફ માર્શલ એપી સિંહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પહેલગામ આતંકવાદી હુમલાની પૃષ્ઠભૂમિમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ અંગે ચર્ચા કરી. તે જ સમયે, પીએમ મોદીએ જમ્મુ-કાશ્મીરના સીએમ ઓમર અબ્દુલ્લાને પણ મળ્યા.

### હવે પાકિસ્તાન અને કરાચીમાં ગુરુકુળ બનાવવાની જરૂર છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલા બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. ભારત પાકિસ્તાન સામે સતત કાર્યવાહી કરી રહ્યું છે. એવામાં બાબા રામદેવે કહ્યું છે કે, હવે પાકિસ્તાન અને કરાચીમાં ગુરુકુળ બનાવવાની જરૂર છે. યોગ ગુરુ બાબા રામદેવનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં બાબા રામદેવે પાકિસ્તાનને નિષ્ફળ રાષ્ટ્ર ગણાવીને તેના પર નિશાન સાધ્યું છે. યોગ ગુરુ બાબા રામદેવે કહ્યું કે, મને લાગે છે કે થોડા દિવસોમાં આપણે કરાચી અને લાહોરમાં ગુરુકુળ બનાવવું પડશે. પાકિસ્તાન પોતાની મેળે જ વિખેરાઈ જશે. પશ્તુન અને બલૂચિસ્તાનના લોકો તેમની સ્વતંત્રતાની માંગ કરી રહ્યા છે.

### રોજગારીની શોધમાં આફ્રિકા ગયેલા ૫ ભારતીયોનું બંદૂકની અણીએ અપહરણ

। (એજન્સી) ગિરિડીહ, તા.૫ ।

ઝારખંડના ગિરિડીહ જિલ્લાના બગોદર ગામના પાંચ યુવકો નોકરી કરવા માટે આફ્રિકાના નાઈજર દેશ ગયા હતા, જ્યાં તેમનું અપહરણ કરવામાં આવ્યું છે. એક નાઈજર સરકાર વિરોધી જૂથે એકાએક એમના કેમ્પ પર હુમલો કરીને બંદૂકની અણીએ તેમનું અપહરણ કરી લીધું હતું. આ યુવકો 'કલ્પતરુ પ્રોજેક્ટ્સ ઈન્ટરનેશનલ લિમિટેડ'ની ટ્રાન્સમિશન લાઈનમાં કામ કરતા હતા. અપહરણની ઘટના ૨૫ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ બની હતી. ઝારખંડના જે પાંચ કામદારોનું અપહરણ થયું છે, તેમાં રાજુ મહતો, ચંદ્રિકા મહતો, ફાલજીત મહતો, સંજય મહતો અને ઉત્તમ મહતો સામેલ છે. જો કે, કુલ છ લોકોનું અપહરણ થયું છે, પરંતુ પાંચ ભારતીયોમાં એડમ નામના એક નાઈજર નાગરિકનો પણ સમાવેશ થાય છે. અપહરણની ઘટના નજરે જોનારા અન્ય ભારતીય કામદારોનું કહેવું છે કે, 'એ ઘટના બિલકુલ ફિલ્મોમાં બતાવે છે એવી હતી.

## ધો.૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર

# વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૫૧ ટકા અને સામાન્ય પ્રવાહનું ૯૩.૭ ટકા પરિણામ

**ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં બનાસકાંઠા જિલ્લાનું સૌથી વધું ૯૭.૨૦ ટકા પરિણામ**
**ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં દાહોદ જિલ્લાનું સૌથી ઓછું ૫૯.૧૫ ટકા પરિણામ**

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

ધો.૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે ૧૦:૩૦ કલાકે જાહેર થયુ છે,ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૩.૭ ટકા આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૫૧ પરિણામ આવ્યું છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં બનાસકાંઠા જિલ્લો અગ્રેસર રહ્યો છે. જિલ્લાનું સૌથી વધું ૯૭.૨૦ ટકા પરિણામ આવ્યું છે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં મોરબી જિલ્લા અગ્રેસર રહ્યો છે જેનું પરિણામ ૯૨.૯૧ ટકા આવ્યું છે.ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સૌથી ઓછું પરિણામ વડોદરા જિલ્લાનું આવ્યું છે. જયારે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં દાહોદ જિલ્લાનું સૌથી ઓછું ૫૯.૧૫ ટકા પરિણામ આવ્યું છે. ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું ૯૩.૭ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થતાની સાથે જ વિદ્યાર્થીઓમાં ખુશી વ્યાપી જવા પામી હતી. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ હજાર ૫ શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ખાવડા કેંદ્રનું સૌથી ઓછું ૫૨.૫૬ ટકા પરિણામ આવ્યું છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સપ્રેડા, વાંગધ્રા કેંદ્રનું ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ચંદ્રાલા, છાલા, લીમ્બોદ્રા કેંદ્રનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં વડોદરા જિલ્લાનું સૌથી ઓછું ૮૭.૭૭ ટકા પરિણામ જાહેર થયું છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થિનીઓએ બાજી મારી હતી. વિદ્યાર્થિનીઓએ ૯૫.૨૩ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું હતું. જ્યારે વિદ્યાર્થીઓનું ૯૦.૭૮ ટકા પરિણામ આવ્યું હતું. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અમદાવાદ શહેરનું ૮૯.૨૧ ટકા, અમદાવાદ જિલ્લાનું ૯૦.૯૫ ટકા, અમરેલી જિલ્લાનું ૯૧.૧૯ ટકા, કચ્છ જિલ્લાનું ૯૫.૫ ટકા પરિણામ, ખેડા જિલ્લાનું ૮૮.૭ ટકા પરિણામ, જામનગર જિલ્લાનું ૯૩.૬૧ ટકા પરિણામ, જૂનાગઢ જિલ્લાનું ૮૯.૧૫ ટકા પરિણામ, પંચમહાલ જિલ્લાનું ૮૯.૭૩ ટકા પરિણામ, ભરૂચ જિલ્લાનું ૯૩.૩૩ ટકા પરિણામ, ભાવનગરનું ૯૫.૮૨ ટકા પરિણામ, મહેસાણા જિલ્લાનું ૯૫.૫ ટકા પરિણામ, રાજકોટ જિલ્લાનું ૯૩.૬૬ ટકા પરિણામ, વલસાડમાં ૮૯.૫૨ ટકા પરિણામ, સાબરકાંઠામાં ૯૨.૧૦ ટકા પરિણામ, સુરત જિલ્લાનું ૯૩.૯૭ ટકા પરિણામ, સુરેંદ્રનગર જિલ્લાનું ૯૫.૭૬ ટકા પરિણામ, આણંદ જિલ્લાનું ૯૩.૪૬ ટકા પરિણામ, પાટણ જિલ્લાનું ૯૩.૬ ટકા પરિણામ મળ્યું હતું.




### વિદ્યાર્થીઓની તુલનામાં વિદ્યાર્થીનીઓએ મારી બાજી

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ચંદ્રાલા, છાલા, લીમ્બોદ્રા કેંદ્રનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં વડોદરા જિલ્લાનું સૌથી ઓછું ૮૭.૭૭ ટકા પરિણામ જાહેર થયું છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થિનીઓએ બાજી મારી હતી. વિદ્યાર્થિનીઓએ ૯૫.૨૩ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું હતું. જ્યારે વિદ્યાર્થીઓનું ૯૦.૭૮ ટકા પરિણામ આવ્યું હતું. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૬ કેંદ્રોનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. ખાવડા કેન્દ્રનું સૌથી ઓછું ૫૨.૫૬ ટકા પરિણામ તો સપ્રેડા, વાંગધ્રા કેંદ્રનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. ચંદ્રાલા, છાલા, લીમ્બોદ્રા કેંદ્રનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. વડોદરા જિલ્લાનું સૌથી ઓછું ૮૭.૭૭ ટકા પરિણામ આવ્યું હતું. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું ૯૩.૦૭ ટકા પરિણામ જાહેર કરાયું છે. ૩,૬૨,૫૦૬ પરિક્ષાર્થીઓ પૈકી ૩,૩૭,૩૮૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. વિદ્યાર્થીઓનું ૯૦.૭૮ ટકા અને વિદ્યાર્થીનીઓનું ૯૫.૨૩ ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષની સરખામણીની તુલનામાં આ વર્ષે ૧.૧૪ ટકા પરિણામ વધુ આવ્યું છે. ગત વર્ષ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું ૯૧.૯૩ ટકા પરિણામ આવ્યું હતું. ૧૦૦ ટકા પરિણામ ધરાવતા કેન્દ્રોમાં સપ્રેડા વાંગધ્રા ચંદ્રાલા લીંબોદરા અને મીઠાપુર કેન્દ્રનો સમાવેશ થાય છે. ૫૨.૫૬ ટકા પરિણામ સાથે ખાવડા સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર બન્યું છે. ૯૭.૨૦ ટકા પરિણામ સાથે બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ પરિણામ આવ્યું છે. ૮૭.૭૭ ટકા પરિણામ સાથે વડોદરા જિલ્લામાં સૌથી ઓછું પરિણામ આવ્યું છે. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી ૨૦૦૫ શાળાઓ છે. ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી ૨૧ શાળાઓ હોય છે. વ્યવસાયલક્ષી પ્રવાહનું ૯૦.૮૧ ટકા અને ઉત્તર બુનિયાદી શાળાઓનું ૯૪.૦૪ ટકા પરિણામ આવ્યું છે. ૨૦૦૫ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ હાંસલ કર્યુ છે. જ્યારે ૨૧ શાળાઓએ એવી છે જેણે ૧૦ ટકા કરતા પણ ઓછુ પરિણામ હાંસલ કર્યુ છે. નિયમિત વિદ્યાર્થીઓમાં ૯૦.૭૮ ટકા છોકરાઓ અને ૯૫.૨૩ ટકા છોકરીઓ ઉતિર્ણ થઇ છે. સામાન્ય પ્રવાહમાં છ૧ ગ્રેડમાં ૫૬૫૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે છ૨ ગ્રેડમાં ૪૦,૦૧૮ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થયા છે.


### જાણો કયો જિલ્લો છે મોખરે? કયા કેન્દ્રનું સૌથી ઓછું પરિણામ?

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૨ સામાન્ય તેમજ વિજ્ઞાન પ્રવાહ તેમજ ગુજકેટનું પરિણામ બોર્ડની વેબસાઈટ પર જાહેર કર્યું છે. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૫૧ ટકા પરિણામ જાહેર થયું છે. જેમાં ગુજરાતી માધ્યમ ૮૩.૭૭ ટકા અને અંગ્રેજી અંગ્રેજી માધ્યમ ૮૩.૪૯ ટકા જાહેર થયું છે. જ્યારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું ૯૩.૭ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થતા જ વિદ્યાર્થીઓમાં ક્યાંક ખુશી તો ક્યાંક ગમના દ્રશ્યો જોવા મળ્યા હતા. ગોંડલ કેન્દ્ર ૯૬ ટકા પરિણામ સાથે સૌ પ્રથમ નંબરે છે, તો મોરબી જિલ્લો ૯૨ ટકા સાથે પ્રથમ નંબરે છે. દાહોદ ૫૪ ટકા સાથે સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર છે. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૩.૭ ટકા જાહેર થયું છે. જેમાં બનાસકાંઠા ૯૭.૨ ટકા સાથે સૌથી પ્રથમ સ્થાને છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૯૪ સ્કૂલનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. તે સિવાય ૩૪ સ્કૂલનું ૧૦ ટકાથી ઓછું પરિણામ આવ્યું હતું. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮૩૧ વિદ્યાર્થીને A-1 ગ્રેડ મળ્યો હતો જ્યારે ૮,૦૮૩ વિદ્યાર્થીને A-2 ગ્રેડ મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, શિક્ષણમંત્રી કુબેરસિંહ ડિંડોરે એક્સ પર પોસ્ટ કરી માહિતી આપી છે.

## રશિયાનું ભારતને સમર્થન અને પાકને સંદેશ

# રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।



રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પાકિસ્તાનને સીધો સંદેશ આપ્યો છે. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને કહ્યું કે, પહલગામના ગુનેગારોને સજા મળવી જોઈએ. પુતિને પીએમ મોદીને ફોન કર્યો અને ભારતના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરી હતી. તેમણે નિર્દોષ લોકોના મોત પર ઊંડી સંવેદના વ્યક્ત કરી અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સંપૂર્ણ સમર્થન આપવાની ખાતરી આપી હતી. વિદેશ મંત્રાલયે સોમવારે આ માહિતી આપી હતી.

પુતિને ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ જઘન્ય હુમલાના ગુનેગારો અને તેમના સમર્થકોને ન્યાયના કઠેડામાં લાવવા જોઈએ. બંને નેતાઓએ ભારત અને રશિયા વચ્ચેની ખાસ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપતિ પુતિનને વિજય દિવસની ૮૦મી વર્ષગાંઠ પર અભિનંદન આપ્યા અને તેમને આ વર્ષના અંતમાં ભારતમાં યોજાનારી વાર્ષિક સમિટમાં આમંત્રણ આપ્યું હતું.

આ પહેલા રશિયાના વિદેશ મંત્રી સેરગેઈ લવરોવે પહલગામ આતંકવાદી હુમલા અંગે એસ જયશંકર સાથે ફોન પર વાત કરી હતી. તેમણે બંને દેશોને સંયમ રાખવાની અપીલ કરી હતી. પહલગામ આતંકવાદી હુમલા ૫ છી ભારત અને પાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ પર સોમવારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બંધ બારણે બેઠક યોજાવાની છે. પાકિસ્તાને આ મુદ્દે તાત્કાલિક બેઠક બોલાવવાની માંગ કરી હતી. પાકિસ્તાની રાજદૂત ગયા અઠવાડિયે ગુટેરેસને મળ્યા હતા અને તેમને પ્રદેશની સુરક્ષા પરિસ્થિતિ વિશે માહિતી આપી હતી. આતંકવાદી હુમલા પછી ભારતે પાકિસ્તાન વિરુદ્ધ અનેક કડક નિર્ણયો લીધા છે, જેમાં સિંધુ જળ સંધિને સ્થગિત કરવી, અટારી સરહદ બંધ કરવી અને રાજદ્વારી સંબંધો મર્યાદિત કરવા શામેલ છે.

### શું કાટ લાગે એટલે રાફેલ ખરીદ્યા હતા, ઉપયોગ તો કરો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી રહી છે. આ દરમિયાન ભારતીય સેના દળમાં સામેલ રાફેલ વિમાન પર ચર્ચાઓ થઈ રહી છે. વિપક્ષ નેતા સરકાર પર સવાલ કરી રહ્યા છે કે, તેનો ઉપયોગ ક્યારે કરવામાં આવશે. પાકિસ્તાન વિરુદ્ધ તેનો ઉપયોગ કરવામાં અત્યારે સારો મોકો છે. આ દરમિયાન કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદે આ મામલે મોદી સરકારને સંબોધતા કહ્યું કે, આખો દેશ તમારી સાથે ઉભો છે, તમે એક્શન લો.

## પહેલગામ હુમલામાં સુરક્ષાદળોને મળી મોટી સફળતા

# સુરક્ષાદળોને પૂંછમાં આતંકીઓના ઠેકાણેથી પાંચ આઈઈડી મળ્યા

। (એજન્સી) જમ્મુ, તા.૫ ।

પહેલગામ હુમલાના ૧૬ દિવસ બાદ સેના, પોલીસ અને એસઓજી સહિતની સુરક્ષાદળોની ટીમને તપાસમાં સફળતા મળી છે. પુંછ જિલ્લાના સુરનકોટમાં મરહોટ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાનો મોટો ઘટસ્ફોટ થયો છે. મોડી રાત્રે હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં આ વિસ્તારમાંથી પાંચ IED, વાયરલેસ સેટ અને અમુક કપડાં મળી આવ્યા છે. ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસ, SOGની ટીમે હાથ ધરેલા સર્ચ ઓપરેશનમાં હરી મરહોટ ગામમાં આવેલા જંગલ વિસ્તારમાંથી પાંચ IED, બે રેડિયો સેટ, કોમ્યુનિકેશન ડિવાઈસિસ, ત્રણ ધાબળા, અને અન્ય ગુનાહિત ચીજો મળી આવી હતી. ટિફિન બોક્સ, સ્ટિલના ડબ્બામાંથી IED મળી આવ્યા હતા. આ ચીજો પરથી લાગી રહ્યું છે, આતંકવાદીઓએ આ સ્થળે છુપાયા હતા. સુરક્ષાદળો વીડિયો સર્વેલન્સ, ડ્રોન મારફત આતંકવાદીઓની શોધ કરી રહ્યા છે. પહેલગામ હુમલા બાદ સુરક્ષાદળોએ અનંતનાગ, કુલગામ, પુલવામા, ત્રાલ, સોપોર, બારામુલ્લા, કુપવાડા અને બાંદીપોરા જેવા આઠ જિલ્લાઓમાં મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં આતંકવાદીઓએ ક્રૂર હુમલો કરી ૨૬ નિર્દોષના જીવ લીધા હતા.

## સુપ્રીમ કોર્ટમાં એક્ટ રદ કરવા અરજી કરી

# મુસ્લિમો બાદ હિન્દુ સંગઠને પણ વક્ફ કાયદાનો વિરોધ કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

એક હિન્દુ સંગઠન દ્વારા વક્ફ સુધારા અધિનિયમ, ૨૦૨૫ ને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. અરજીમાં દલીલ કરવામાં આવી છે કે, આનાથી ભારતના મુસ્લિમ સમુદાયના અસ્તિત્વને ખતરો છે. કેરળના નારાયણ માનવ ધર્મામ ટ્રસ્ટે આ અરજી દાખલ કરી છે. અરજદારે કહ્યું કે, વક્ફ એક્ટ બંધારણની કલમ ૨૧, ૨૫, ૨૬ અને ૨૯(૧)નું ઉલ્લંઘન કરે છે. તેમણે બંધારણની જોગવાઈઓને પડકારતી અરજીઓ પર હસ્તક્ષેપની માંગ કરી છે.

શ્રી નારાયણ ગુરુના ઉપદેશોનો ઉલ્લેખ કરતા, અરજદારે કહ્યું કે, 'ટ્રસ્ટ દેશના મુસ્લિમ સમુદાય અને સમગ્ર સામાજિક ન્યાય પર વક્ફ કાયદાની અસરો પ્રત્યે મૂક પ્રેક્ષક બનીને રહી શકે નહીં. જે વક્ફ પ્રણાલીને વર્ચ્યુઅલ રીતે નાબૂદ કરે છે.' અરજદારે એમ પણ કહ્યું હતું કે, કાયદો વક્ફ પ્રણાલીને બિન-ધાર્મિક સંસ્થા તરીકે ગણે છે.

## નાગરિક સુરક્ષાને લઈને મોકડ્રિલનું આયોજન

# ૭ મેના રોજ મોકડ્રિલ યોજવા તમામ રાજયોને ગૃહ મંત્રાલયનો આદેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે પ્રવર્તી રહેલા તણાવભર્યા માહોલમાં કેન્દ્રીય ગૃહ વિભાગે તમામ રાજ્યોમાં આગામી ૭ મેના રોજ, નાગરિક સુરક્ષાને લઈને મોકડ્રિલનું આયોજન કરવાનો આદેશ આપ્યો છે. દેશની આંતરિક સુરક્ષા અને નાગરિકોની સલામતીના સંદર્ભમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને, આગામી ૭ મે, ૨૦૨૫ના રોજ નાગરિક સુરક્ષા માટે મોક ડ્રિલ યોજવાની સૂચના આપી છે. દેશની આંતરિક સુરક્ષા અને નાગરિકોની સલામતીના સંદર્ભમાં ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૭ મે, ૨૦૨૫ના રોજ નાગરિક સુરક્ષા માટે મોક ડ્રિલ યોજવાની સૂચના આપી છે. આ મોક ડ્રિલનો હેતુ સંભવિત વિપત્તિઓ કે દુશ્મન દેશના હુમલાની સ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ આપવા રાજ્ય પ્રશાસન તથા નાગરિકોને તૈયાર રાખવાનો છે. મહત્વપૂર્ણ છે કે આ પ્રકારના મોક ડ્રિલ દેશના વિવિધ હિસ્સાઓમાં સમયાંતરે યોજાતા રહે છે, જેમાં નાગરિકો, વિદ્યાર્થીઓ, સરકારી કર્મચારીઓ અને સુરક્ષા એજન્સીઓને સહભાગી બનાવવામાં આવે છે. સંભવિત વિમાની હુમલા કે આતંકવાદી હુમલાની સ્થિતિમાં નાગરિકોને તાત્કાલિક ચેતવણી આપવા માટે શહેરોના મહત્વપૂર્ણ વિસ્તારોમાં એર રેડ વૉર્નિંગ સાયરન સક્રિય કરવામાં આવશે.

## બીજો વિકલ્પ શોધવા સલાહ

# રાહુલ ગાંધીની નાગરિકતા મુદ્દે સરકારે કોઇ જ જવાબ ન આપતા હાઈકોર્ટે અરજી ફગાવી

। (એજન્સી) અલાહાબાદ, તા.૫ ।

અલાહાબાદ હાઈકોર્ટે લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીની બેવડી નાગરિકતા મુદ્દે દાખલ અરજી ફગાવી દીધી છે. હાઈકોર્ટે આ અરજી પર અરજદાર એસ. વિગ્નેશ શિશિરને અન્ય કાયદાકીય વૈકલ્પિક માર્ગ અપનાવવાની છૂટ આપી છે. હાઈકોર્ટે કેન્દ્ર સરકારને દસ દિવસની અંદર ફરિયાદનું નિરાકરણ લાવવા આદેશ આપ્યો હતો. પરંતુ સરકારે કોઈ જવાબ કે ચોક્કસ સમય મર્યાદા ન જણાવતાં અરજી રદ કરી છે. પાછલી સુનાવણીમાં કેન્દ્ર સરકારે આ મામલે સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો હતો.

જસ્ટિસ એઆર મસૂદી તથા જસ્ટિસ રાજીવ સિંહની બેન્ચે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અરજદારની ફરિયાદના નિરાકરણ માટે કોઈ સમય મર્યાદા આપી શકી નથી, તેથી આ અરજીને પેન્ડિંગ રાખવાનું કોઈ વાજબી કારણ નથી.

## ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈ ૧૪ મેએ નવા CJI તરીકે શપથ લેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સુપ્રીમ કોર્ટે વક્ફ સંશોધન એક્ટ મામલે દાખલ કરાયેલી અરજીઓની સુનવાણી આજે (૫ મે) ટાળી દીધી છે. હવે ૧૫ મેએ સુનાવણી હાથ ધરાશે. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ કહ્યું કે, આ મામલે વિસ્તારથી સુનાવણી કરવાની જરૂર છે. હવે આ મામલો નવા ચીફ જસ્ટિસ ભૂષણ રામાકૃષ્ણ સુનાવણી સમક્ષ જશે. આ દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સીજેઆઈ સંજીવ ખન્નાની નિવૃત્તિથી ભાવુક થઈ ગયા હતા. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના ૧૩ મેએ નિવૃત્ત થઈ રહ્યા છે અને ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈ ૧૪ મેએ નવા સીજેઆઈ તરીકે શપથ લેશે. કેન્દ્ર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા અને અરજદારો વતી કપિલ સિબ્બલ અને અભિષેક મનુ સિંઘવી જેવા વરિષ્ઠ વકીલો હાજર રહ્યા હતા. તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી હતી કે, આગામી સુનાવણી સુધી કેસમાં યથાસ્થિતિ જાળવી રાખવામાં આવશે. ૧૭મીએ CJI સંજીવ ખન્નાએ બંને પક્ષોને પૂછ્યું હતું કે, જો તેઓ બધા સંમત થાય, તો કેસને બુધવાર અથવા અન્ય કોઈપણ દિવસે સુનાવણી માટે જસ્ટિસ ગવઈની બેન્ચમાં મોકલવો જોઈએ, પરંતુ આ માટે તેમણે ૨-૩ દિવસનો સમય આપવો પડશે. આના પર એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, સુનાવણી આવતા અઠવાડિયે થઈ શકે છે અને CJIએ કેસ ૧૫ મે માટે લિસ્ટ કર્યો હતો.

## પહેલગામ આતંકી હુમલાના પડઘા જર્મનીના સ્ટુટગાર્ટમાં પણ પડ્યાં

। (એજન્સી) જર્મની, તા.૫ ।

એપ્રિલ મહિનાની ૨૨મી તારિખે જમ્મુ અને કાશ્મીરના પહલગામના બૈસરનમાં, આતંકવાદીએ દેશભરમાંથી આવેલા પ્રવાસીઓમાં હિન્દુ પ્રવાસીઓને અલગ કરીને તેમના પર બર્બરતાપૂર્વક હુમલો કર્યો હતો. આતંકવાદીઓના હિન્દુ ટાર્ગેટ કિલિંગ સ્વરૂપના ક્રૂર હુમલાની વિશ્વભરમાં આકરી નિંદા કરવામાં આવી રહી છે. આતંકી હુમલાનો વિરોધ કરવા અને હુમલાનો ભોગ બનેલા પીડિતો પ્રત્યે એકતા દર્શાવવા માટે વિશ્વભરના ઘણા શહેરોમાં ભારતીયો દ્વારા કૂચ યોજવામાં આવી રહી છે. રવિવારે જર્મનીના સ્ટુટગાર્ટમાં પણ આવી જ એક માર્ચ કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભારતીયોએ ભાગ લીધો હતો. ભારતીય પરિવાર BW ના બેનર હેઠળ ભારતીય ડાયસ્પોરાએ ગઈકાલ રવિવારે, પહલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા ૨૬ નિર્દોષ લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે સ્ટુટગાર્ટના સ્ક્લોસપ્લાટ્ઝ ખાતે શાંતિપૂર્ણ કૂચ યોજી હતી. સ્થાનિક સમય મુજબ સાંજે ૫ વાગ્યે કૂચ શરૂ થઈ હતી, જેમાં ભારતીય સમુદાયના લોકોએ હાથમાં ત્રિરંગો લઈને ભાગ લીધો હતો. કૂચ કાઢતા પહેલા લોકોએ કપાળ પર તિલક લગાવ્યું હતું. આ ઔપચારિક સ્વાગત માટે નહીં, પરંતુ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા અને સાંસ્કૃતિક એકતા દર્શાવવા, સૌ ભારતીયો એક હોવાના પ્રતિક સ્વરૂપ માટે કરવામાં આવ્યું હતું.

## ઉનાળાના વેકેશનમાં એસ.ટી વિભાગ વધારાની ૧૪૦૦ બસ ટ્રિપ દોડાવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

રાજ્યના નાગરિકો ઉનાળાના વેકેશનમાં ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં પ્રવાસ કરી શકે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત એસ.ટી દ્વારા વધુ સેવાઓ આપવાનું સફળ આયોજન કરાયું છે. જે અંતર્ગત એસ.ટી નિગમ દ્વારા મુસાફરોની માંગણીનુસાર રાજ્યના જુદા જુદા અને મોટા શહેરોને જોડતી દૈનિક ૧૪૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવાનું સફળ આયોજન કરવામાં આવી રહ્યું છે, એમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવવામાં આવ્યું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર નિગમના દરેક વિભાગો ખાતે વેકેશન સમયે મુસાફરોને સલામત અને સમયબદ્ધ મુસાફરીની પુરતી સુવિધા મળી રહે તે માટે આગોતરું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઉનાળા વેકેશન સમયગાળા દરમિયાન એસ.ટી નિગમ દ્વારા સુરતથી સૌરાષ્ટ્ર- તરફ અંદાજે ૫૦૦ ટ્રીપો, સૌરાષ્ટ્રથી ઉત્તર ગુજરાત તરફ અંદાજે ૨૧૦, દક્ષિણ ગુજરાતથી ઉત્તર ગુજરાત તરફ અંદાજિત ૩૦૦ અને સૌરાષ્ટ્ર તરફ ૩૦૦ ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત એસ.ટી નિગમ દ્વારા ગુજરાતમાંથી પાડોશી રાજ્ય મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પણ આંતરરાજ્ય સેવાઓ સંચાલિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના નાગરીકો ઉનાળા વેકેશન દરમિયાન વિવિધ પ્રવાસન સ્થળોની સાથે સાથે ધાર્મિક સ્થળોના દર્શને પણ જઈ શકે તે માટે નવી ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદથી અંબાજી, સોમનાથ, દ્વારકા માટે રોજની ૧૦ ટ્રીપ અને ડાકોર, પાવાગઢ, ગીરનાર માટે રોજની ૫ ટ્રીપ તથા પ્રવાસન સ્થળો જેવા કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાસણગીર, સાપુતારા માટે અમદાવાદથી રોજની ૫ ટ્રીપ તેમજ દીવ અને કચ્છનાં પ્રવાસ માટે અમદાવાદથી રોજની ૧૦ બસોની ટ્રીપોનો આયોજન એસ,ટી નિગમ દ્વારા કરવામાં આવે છે.

### કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૨૫ પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ ખાતેથી ખરીદી શકાશે

## યુવાઓને રોજગાર અને કારકિર્દી ક્ષેત્રે માર્ગદર્શન મળી રહે તે હેતુથી ‘કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૫’ પ્રકાશિત

। (એજન્સી) વડોદર, તા.૫ ।

યુવાઓને રોજગાર અને કારકિર્દી ક્ષેત્રે માર્ગદર્શન મળી રહે તે હેતુથી પ્રતિવર્ષની પરંપરાની જેમ આ વર્ષે પણ રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા ‘કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૫’ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

ધો.૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ અભ્યાસક્રમો, કોલેજો, યુનિવર્સિટીઓ, કારકિર્દીના વિવિધ વિકલ્પો, રોજગારી-સ્વરોજગારીની તકો, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના વિવિધ અભ્યાસક્રમો, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા અને ન્યૂ મીડિયા ક્ષેત્રમાં તકો અને બેકિંગ ક્ષેત્રમાં કારકિર્દી સહિતનું માર્ગદર્શન તેમજ યુ.પી.એસ.સી, જી.પી.એસ.સી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિષયક માર્ગદર્શન ઉપરાંત પ્રેરણાદાયી લેખો પણ આ અંકમા સમાવવામાં આવ્યા છે.

કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક મેળવવા માટે પ્રાદેશિક માહિતી કચેરી પોલીટેકનિક કેમ્પસ, અમદાવાદ ખાતેથી રૂ.૨૦/- ની કિંમતે વહેલા તે પહેલાના ધોરણે મેળવી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા મહિનામાં બે વખત ગુજરાત પાક્ષિક તેમજ દર અઠવાડિયે રોજગાર સમાચાર પ્રકાશિત કરવામાં આવે છે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી તથા સામાન્ય નાગરિકને ઉપયોગી નીવડે તે મુજબની સરકારની યોજનાલક્ષી માહિતીનો સમાવેશ હોય છે. આ પાક્ષિક અને રોજગાર સમાચારનું લવાજમ પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ ખાતે ભરી શકાય છે. અંકો ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પણ પૂરા પાડવામાં આવે છે. જે કોઈ વિદ્યાર્થીઓ ઘરે બેઠા ગુજરાત પાક્ષિક અને રોજગાર સમાચાર મેળવવા ઈચ્છતા હોય તો તેઓએ ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રૂપિયા ૫૦/- અને રોજગાર સમાચારનું વાર્ષિક લવાજમ રૂપિયા ૩૦/- ભરીને ઘરે બેઠા સરકારની આ સેવાનો લાભ મેળવી શકે છે.

કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૨૫ પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ ખાતેથી ખરીદી શકાશે

યુવાઓને રોજગાર અને કારકિર્દી ક્ષેત્રે માર્ગદર્શન મળી રહે તે હેતુથી ‘કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૫’ પ્રકાશિત

। (એજન્સી) વડોદર, તા.૫ ।

યુવાઓને રોજગાર અને કારકિર્દી ક્ષેત્રે માર્ગદર્શન મળી રહે તે હેતુથી પ્રતિવર્ષની પરંપરાની જેમ આ વર્ષે પણ રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા ‘કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૫’ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

ધો.૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ અભ્યાસક્રમો, કોલેજો, યુનિવર્સિટીઓ, કારકિર્દીના વિવિધ વિકલ્પો, રોજગારી-સ્વરોજગારીની તકો, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના વિવિધ અભ્યાસક્રમો, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા અને ન્યૂ મીડિયા ક્ષેત્રમાં તકો અને બેકિંગ ક્ષેત્રમાં કારકિર્દી સહિતનું માર્ગદર્શન તેમજ યુ.પી.એસ.સી, જી.પી.એસ.સી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિષયક માર્ગદર્શન ઉપરાંત પ્રેરણાદાયી લેખો પણ આ અંકમા સમાવવામાં આવ્યા છે.

કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક મેળવવા માટે પ્રાદેશિક માહિતી કચેરી પોલીટેકનિક કેમ્પસ, અમદાવાદ ખાતેથી રૂ.૨૦/- ની કિંમતે વહેલા તે પહેલાના ધોરણે મેળવી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા મહિનામાં બે વખત ગુજરાત પાક્ષિક તેમજ દર અઠવાડિયે રોજગાર સમાચાર પ્રકાશિત કરવામાં આવે છે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી તથા સામાન્ય નાગરિકને ઉપયોગી નીવડે તે મુજબની સરકારની યોજનાલક્ષી માહિતીનો સમાવેશ હોય છે. આ પાક્ષિક અને રોજગાર સમાચારનું લવાજમ પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ ખાતે ભરી શકાય છે. અંકો ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પણ પૂરા પાડવામાં આવે છે. જે કોઈ વિદ્યાર્થીઓ ઘરે બેઠા ગુજરાત પાક્ષિક અને રોજગાર સમાચાર મેળવવા ઈચ્છતા હોય તો તેઓએ ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રૂપિયા ૫૦/- અને રોજગાર સમાચારનું વાર્ષિક લવાજમ રૂપિયા ૩૦/- ભરીને ઘરે બેઠા સરકારની આ સેવાનો લાભ મેળવી શકે છે.

### બજાર કરતા વધુ ભાડું મળતા ટ્રાવેલ્સ માલિક લાલચમાં આવી ગયો હતો

## ૫ દિવસ માટે લગ્નપ્રસંગમાં જવાનું કહીને ગઠિયો કાર લઈ રફુચક્કર

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

રામોલમાં ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ માલિક પાસેથી ગઠિયો પાંચ દિવસ માટે લગ્નપ્રસંગમાં કાર ભાડે લઈ જવાનું કહીને રફુચક્કર થઈ ગયો હતો.ગઠિયાએ વેપારીને બજાર કરતા વધારે એટલે ૨૫ દિવસનું ૫૦ હજાર ભાડું ચૂકવ્યું હતું. વાયદા મુજબના દિવસો વીતિ જતા વેપારીએ ગ્રાહકને ફોન કરતા ફોન કરતા બંધ આવતો હતો. ઘરે જઈને તપાસ કરતા તાળું લટકતું હતું. ગઠિયો અન્ય યુવક પાસેથી પણ આ રીતે કાર લઈને ફરાર થયો છે. આ અંગે વેપારીએ ગઠિયા સામે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આરંભી છે. રામોલમાં રહેતા કિશનભાઈ સુથાર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફિસ ધરાવી ગાડી ભાડે આપવાનો ધંધો કરે છે. ૭ જાન્યુઆરી, ૨૦૨૫માં તેઓ ઘરે હતા તે સમયે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને પોતે વસ્ત્રાલથી ભરત પટેલ બોલતો હોવાનું જણાવ્યું હતું. કાર ભાડે જોઈએ છે તેમ કહ્યું હતું.

બીજા દિવસે ભરતે ફરી ફોન કર્યો અને ગાડી લઈને સીટીએમ શકરીબા ગાર્ડન પાસે બોલાવ્યો હતો. કિશન મિત્ર જિજ્ઞેશ સાથે ઈકો સ્પોર્ટસ કાર લઈને ગાર્ડન પાસે ગયો હતો. ત્યાં ભરત અને અજાણ્યો શખ્સ હતા. ભરતે મારે લગ્નપ્રસંગમાં જવાનું છે તો પાંચ દિવસ માટે કાર ભાડે જોઈએ છે અને રોજનું રૂપિયા ૨ હજાર ભાડું આપીશ તેમ કહ્યું હતું. કિશનભાઈએ ડોક્યુમેન્ટ અને રૂપિયા ૧૦ હજાર લીધા હતા. પાંચ દિવસ પૂર્ણ થતા ભરતને ફોન કરતા મારે હજુ કારની જરૂરિયાત છે હું ઓનલાઈન ભાડું ચૂકવી આપીશ કહીને ૨૫ દિવસનું કુલ રૂપિયા ૫૦ હજાર ભાડું ચૂકવી આપ્યું હતું.

### રાજકોટમાં હિટ એન્ડ રનની ઘટના

## ગોંડલના પરિવારને ટ્રકે અડફેટે લેતાં બેના મોત, બે વ્યક્તિને ઈજા

### અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી

। (એજન્સી) રાજકોટ, તા.૫ ।

રાજ્યમાં સતત વધી રહેલા હિટ એન્ડ રનના બનાવો વચ્ચે રાજકોટમાં ટ્રકે ટુ-વ્હીલરને અડફેટે લેતાં ૨ના મોત નીપજ્યા છે, જ્યારે બેને ગંભીર ઈજા પહોંચતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

અકસ્માત સર્જાયા બાદ ટ્રક ચાલક ભાગી ગયો હતો, પરંતુ ગણતરીના કલાકોમાં પોલીસે ટ્રકચાલકની અટકાયત કરી લીધી છે અને વધુ પૂછપરછ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર રવિવારે મોડી રાત્રે રાજકોટના કોરાટ ચોક નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટ્રક ચાલકે બે ટુ-વ્હીલરને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં જ્યોતિબેન મનોજભાઈ બાયનીયા (સાસુ) અને જાહ્નવીબેન બાવનીયા (પુત્રવધૂ)નું મોત નીપજ્યું છે, જ્યારે પિતા-પુત્રને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પરિવાર રાજકોટમાં પ્રસંગમાં હાજરી આપી ગોંડલ જઈ રહ્યો હોવાનું માહિતી પ્રાપ્ત થઈ છે. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી, જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. જોકે પોલીસ ગણતરીના કલાકોમાં જ ટ્રક ચાલકની અટકાયત કરી લીધી છે. ટ્રક ચાલક નશાની હાલતમાં હતો કે પછી કોઈ ટેક્નિકલ ખામીના લીધે અકસ્માત સર્જાયો હતો તે દિશામાં પોલીસ તપાસ અને પૂછપરછ કરી રહી છે. અકસ્માતના સ્વજનોએ પોલીસ સામે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે અમે રાજકોટમાં પ્રસંગ ગયા હતા, ત્યાંથી સાઢુભાઈના ત્યાં ગોંડલ જવા નીકળ્યા હતા, ત્યારે કોરાટ ચોક પાસે ટ્રાફિક હોવાથી સાઈડમાં ઉભા હતા, ત્યારે પાછળથી આવી રહેલી ટ્રકે બંનેને કચડી નાખ્યા હતા. હિટ એન્ડ રનની ઘટના હોવાછતાં શાપર પોલીસે હિટ એન્ડ રનની ફરિયાદ નોંધી નથી. પોલીસ હિટ એન્ડ રનની ફરિયાદ નહી નોંધે તો અમે મૃતદેહ સ્વિકારીશું નહી અને આ અંગે પોલીસવડાને પણ રજૂઆત કરીશું.

## મધ્યપ્રદેશની મોડલનો સુરતની બંધરૂમમાં આપઘાત

। (એજન્સી) સુરત, તા.૫ ।

સમગ્ર વિશ્વમાં આત્મહત્યા કરનારાનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. ત્યારે વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરતના સારોલી વિસ્તારમાં ૧૯ વર્ષીય મોડલના આપઘાતની ઘટના સામે આવી છે. સુખપ્રીત કૌર નામની મોડલે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. આ મોડેલ મધ્યપ્રદેશથી ૪ દિવસ પહેલા જ મોડલિંગ કરવા સુરત આવી હતી. તે તેની ૩ બહેનપણીઓ સાથે રૂમમાં રહેતી હતી. તે ઘરે એકલી હતી ત્યારે બેડરૂમમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. સારોલી પોલીસે ઘટના સ્થળે દોડી આવી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો હતો. સુરતના સારોલી વિસ્તારમાં મોડેલિંગ કરવા આવેલી ૧૯ વર્ષીય યુવતીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવતીએ ક્યાં કારણોસર આપઘાતનું અંતિમ પગલું ભર્યું તે અંગે હાલ રહસ્ય સર્જાયું છે. તેણે આત્મહત્યા કર્યાના થોડીવાર બાદ જ્યારે તેની ફ્રેન્ડ ઘરે આવી ત્યારે તેણે સુખપ્રિતનો મૃતદેહ પંખે લટકતો જોયો હતો જે બાદ તેણે પોલીસને જાણ કરી હતી.

## મંડળી ખોલીને બે સગા ભાઇ લોકોના લાખો રૂપિયા ચાંઉ કરી રફુચક્કર

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

લાલચ બુરી બલા હૈ કહેવતને બંધ બેસતો કિસ્સો અમદાવાદ ગ્રામ્યના ધોળકા પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. બે સગા ભાઈએ મંડળી ખોલીને અનેક લોકો પાસે રોકાણ કરાવીને વ્યાજ આપવાની લાલચ આપી હતી. જેમાં આંગણવાડી વર્કર મહિલાએ તો તેના અને માતાના નામે ૩૧ લાખની ફિક્સ ડિપોઝિટ કરી હતી. અન્ય લોકોએ ડેઈલી બચત ડાયરી સ્કીમમાં નાણાં રોક્યા હતા. પરંતુ આરોપીઓ તમામ લોકોના લાખો રૂપિયા ચાંઉ કરી ફરાર થઈ જતા ધોળકા પોલીસે ગુનો નોધ્યો છે.ધોળકામાં રહેતા હંસાબેન ઝાલા આંગણવાડી વર્કર તરીકે કામ કરે છે. ધોળકામાં ભાવેશ મકવાણા અને હિતેશ મકવાણા નામના બે સગા ભાઈએ સાંઈનમન મિત્ર મંડળ તરીકે મંડળી શરૂ કરી હતી. બંને ભાઈએ લોકોના ઘરે જઈને ફાઈનાન્સ સ્કીમ ચલાવતા હોવાની લાલચ આપીને રોકાણ કરવા આગ્રહ કરતા હતા. બંને આરોપી ગામના જ હોવાથી અનેક લોકોએ તેમના ત્યાં રોકાણ પણ કર્યુ હતું. લોકોને એમ હતું કે રોકાણ કરવાથી મૂડી અને વ્યાજ બંને મળશે, પરંતુ બંને ભાઈ તો ઓફિસ બંધ કરીને ભાગી ગયા હતા. આરોપીઓએ એક વર્ષનું વ્યાજ ૧૮ ટકા અને છ વર્ષમાં ડબલ થઈ જશે તેવી પણ સ્કીમ આપી હતી. કોઈ વ્યક્તિ રસ ન દાખવે ત્યારે આરોપીઓ અમદાવાદમાં પ્રોપર્ટી હોવાનું કહીને રોકાણ માટે દબાણ કરતા હતા. હંસાબેને તેમના અને તેમની માતાના નામે ટુકડે ટુકડે ૩૧ લાખની એફડી કરી હતી. આરોપીઓએ બે ત્રણ વખત ૩૬-૩૬ હજાર વ્યાજ આપ્યુ હતું. પરંતુ બાદમાં મૂડી કે વ્યાજ સહિતની રકમ આપી નહોતી. હંસાબેને આરોપીઓ પાસે રકમ માગી ત્યારે બંને ભાઈઓએ ફેમિલી પ્રોબ્લેમનું બહાનું બતાવ્યું હતું. બાદમાં ઓફિસ અને ફોન બંધ કરીને રફુચક્કર થઈ ગયા હતા. જેથી આ મામલે ધોળકા ટાઉન પોલીસે આરોપી ભાવેશ મકવાણા અને હિતેશ મકવાણા નામના સગા ભાઈઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સગીર સાથે સૃષ્ટિ વિરુદ્ધના કેસમાં પોલીસનો બી સમરી રિપોર્ટ કોર્ટે ફગાવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

૧૨ વર્ષીય સગીર સાથે સૃષ્ટિ વિરુદ્ધના કેસમાં કૃષ્ણનગર પોલીસે કરેલી બી સમરી રિપોર્ટ કોર્ટે ફગાવ્યો છે. એડિશનલ સેશન્સ જજ એ.બી.ભટ્ટે કૃષ્ણનગર પીઆઈએ સમરી રિપોર્ટ કર્યો હોવાથી સરદારનગર પીઆઈને ફરિયાદીની વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી કરાવવા નિર્દેશ આપ્યો છે.

આ ઉપરાંત, વોઈસ સ્પેક્ટ્રોગ્રાફીનો રિપોર્ટ ૧૫ દિવસમાં કોર્ટમાં રજૂ કરવા આદેશ કર્યો છે. નોંધનીય છે કે, સપ્ટેમ્બર ૨૦૨૩માં કૃષ્ણનગર પોલીસ મથકમાં ૧૨ વર્ષના બાળક પર સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં એક ઓડિયો પુરાવાના આધારે પોલીસે બી સમરી (ગુનો ન બનતો હોવાનો) રિપોર્ટ કરી દીધો હતો. સગીર સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવાના કેસમાં કૃષ્ણનગર પોલીસે બી સમરી રિપોર્ટ ફાઈલ કર્યો હતો. જેમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ફરિયાદીને આરોપી પાસેથી રૂપિયા લેવાના બાકી નીકળતા હતા તે માટે ખોટી ફરિયાદ કરવામાં આવી હતી. આ અંગે ઈલેક્ટ્રોનિક રેકોર્ડિંગ પુરાવા છે, ઘટના ૩૦ મે, ૨૦૨૩ના રોજ બની હતી જ્યારે ફરિયાદ સપ્ટેમ્બર મહિનામાં આપવામાં આવી છે, આમ ફરિયાદ ત્રણ મહિના મોડી કરવામાં આવી તે મુદ્દો શંકા જન્માવે છે. ફરિયાદીને વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી માટે વારંવાર જાણ કરવા છતાં તેઓ આવ્યાં નથી. આમ આરોપીને ફસાવી રૂપિયા કઢાવવા માટે ખોટી ફરિયાદ કરવામાં આવી હોવાથી બી સમરી રિપોર્ટ મંજૂર કરવો જોઈએ. આ મામલે કોર્ટે ફરિયાદીને નોટિસ ઈશ્યૂ કરતા તેમના એડવોકેટે એવી દલીલ કરી હતી કે, ફરિયાદીને આરોપી સાથે કોઈ જ ધંધાકીય વ્યવહાર જ નથી, જેથી નાણાંકીય વ્યવહાર માટે ફસાવે તેવું બને જ નથી, ફરિયાદ કાપોદ્રાથી મોડી આવી માટે મોડું થયું છે બાકી ફરિયાદીએ ઘટના બની ત્યારે જ આ અંગે અરજી આપી દીધી હતી. જેથી આવો રિપોર્ટ ગ્રાહ્ય ન રાખવો જોઈએ.

**વિશેષ** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શ્રી અવિચલદેવાચાર્યજી મહારાજના સન્માન સમારોહમાં પ્રેરક ઉપસ્થિતિ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધર્મસેવા સાથે જનસેવાને જોડીને વિકાસ સાથે વિરાસતનો ધ્યેય આપ્યો છે : મુખ્યમંત્રી

। (માહિતી) અમદાવાદ ।

કૈવલ જ્ઞાન પિઠાધીશ્વર જગતગુરુ શ્રી અવિચલદેવાચાર્યજી મહારાજની ભારતીય સંત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચોથી વાર વરણી થતાં તેમનો સન્માન સમારોહ અમદાવાદના થલતેજ ખાતે શ્રી રામધામ પરિસરમાં યોજાયો હતો.





મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આ અવસરે પ્રેરક ઉદબોધન કરતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની પ્રાચીન સાંસ્કૃતિક પરંપરાઓને સજીવન કરવાનો મહાયજ્ઞ આરંભ્યો છે. તેમણે ધર્મસેવા સાથે જનસેવાને જોડીને વિકાસ સાથે વિરાસતનો ધ્યેય આપ્યો છે અને દેશની આધ્યાત્મિક-ધાર્મિક વિરાસતોનું વિશ્વભરમાં ગૌરવગાન કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીની આ પરીપાટીને પરિણામે ગયા મહીને ભગવદ ગીતા અને મહર્ષિ ભરતમુનિ રચિત નાટ્યશાસ્ત્રની પાંડુલિપિઓને યુનેસ્કો દ્વારા "મેમોરી ઑફ ધ વર્લ્ડ રજિસ્ટર"માં સ્થાન આપવામાં આવ્યું. આ માત્ર ગ્રંથોનું સન્માન નથી પણ આપણા રાષ્ટ્રની સમૃદ્ધ સંસ્કૃતિને વૈશ્વિકસ્તરે મળેલી સ્વીકૃતિ છે. તેમણે ઉમેર્યું કે, ભારતની પુણ્યશાળી ભૂમિ સદીઓથી ધર્મપ્રીતિથી ઝળહળતી રહી છે. આ વર્ષે વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને દિશાદર્શનમાં તીર્થરાજ પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભથી ભારતની એક્તા અને સંસ્કૃતિની સમગ્ર વિશ્વને ઓળખ થઈ. આ મહાકુંભમાં દેશ-વિદેશના કરોડો શ્રદ્ધાળુઓએ સાધુ-સંતો-તપસ્વીઓના દર્શન કરી આસ્થાની ડૂબકી લગાવી છે. આ મહાકુંભ અવસરે આયોજિત અખિલ ભારતીય સંત સમિતિના કેન્દ્રિય અધિવેશનમાં પરમ પૂજ્ય જગદગુરૂ અવિચલદેવાચાર્યજી મહારાજની ભારતીય સંત સમિતિના ચોથીવાર રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે વરણી થવાની ગૌરવપૂર્ણ ઘટનાનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીશ્રીએ આચાર્યજીને શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ શ્રી અવિચલદેવાચાર્યજી મહારાજના સન્માન સમારોહના આયોજન સબબ બાબા રામદેવ દેવસ્થાન ટ્રસ્ટના પ્રમુખ શ્રી નિતિનભાઈ પટેલ અને સૌ આયોજકોને પણ અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ કૈવલ જ્ઞાન સંપ્રદાય ગુરૂગાદી- સારસાપુરીના સપ્તમ કુવેરાચાર્ય શ્રી અવિચલદેવાચાર્યજી પ્રેરિત ધર્મ અને સમાજ સેવાની પ્રવૃત્તિઓને બિરદાવતા કહ્યું કે,સારસામાં અન્નક્ષેત્ર દ્વારા ભાવિકોને ભોજન સેવામાં આપવામાં આવી રહી છે. સારસા, બાલકુવેર તથા વારાણસીમાં શ્રદ્ધાળુઓ – યાત્રાળુઓ માટે ધર્મશાળાનું સંચાલન કરવામાં આવે છે. ગૌ-શાળા તથા આપણા પ્રાચીન ગૌ વંશ એવા કાંકરેજી ગાયોનું સંવર્ધન કેન્દ્ર પણ કાર્યરત છે.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભાવસૂત્ર "સરકારના પ્રયાસમાં સમાજનો પ્રયાસ ભળે તો વિકાસની ગતિ બમણી થાય છે" તેનો ઉલ્લેખ કરતા કહ્યું કે, અવિચલદેવાચાર્યજી મહારાજના વડપણમાં અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચની શાળા કોલેજો કાર્યરત છે. આરોગ્ય સુખાકારીની સેવાઓ હોય કે સમુહ લગ્નોત્સવ, જળ સંચય કે પછી કુદરતી આપત્તિની સ્થિતિ કોઈ પણ સમયે કૈવલ જ્ઞાન સંપ્રદાય સેવા આપવામાં અગ્રેસર રહે છે. તેમણે ઉમેર્યુ કે, સંગઠન શક્તિમાં કુશળ એવા અવિચલદેવાચાર્યજી મહારાજે વિશ્વ હિન્દુ પરિષદ અને રામ જન્મભૂમિ આંદોલનમાં સમાજશક્તિને સંગઠિત રાખવાનું કાર્ય પણ કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિ હજારો વર્ષોથી માનવજાતને ધર્મ, કરૂણા, અને શાંતિના માર્ગે દોરી રહી છે, એના પાયામાં આપણો સનાતન ધર્મ રહેલો છે. આ ધર્મ માત્ર ઉપાસના પદ્ધતિ નથી પરંતુ જીવન જીવવાનો એક સંકલિત દ્રષ્ટિકોણ છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ કર્યો છે. એટલું જ નહીં વિકસિત ભારતના નિર્માણ માટે ‘સર્વની સેવા’ માટેના ૯ સંકલ્પો આપણને આપ્યાં છે. આ બધા સંકલ્પો પાર પાડવામાં સંત શક્તિ સમાજનું માર્ગદર્શન કરે અને તેમના આશિર્વાદ મળતા રહે એવી અપેક્ષા છે.

જગતગુરુ શ્રી અવિચલદેવાચાર્યજીએ આશિર્વચન પાઠવતા જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર, સહુના કલ્યાણ અને વિકાસ માટે કાર્ય કરી રહી છે. સાથે-સાથે ધર્મ, સમાજ અને સંસ્કૃતિના ઉત્થાન માટે પણ આ સરકાર કાર્યરત છે, તેથી ભારતનો સમગ્ર સંતસમાજ આવા આગવા જનનાયકો અને તેમના નેતૃત્વમાં કાર્યરત સરકારની કામગીરીથી સંતુષ્ટ છે અને તેમની અવિરત પ્રગતિની કામના કરે છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે આ પ્રસંગે ભારતમાં ધર્મસત્તા અને રાજ્યસત્તાના સમન્વયથી ભારતીયોના સર્વાંગી વિકાસ અને કલ્યાણની વિભાવના સ્પષ્ટ કરી હતી. તેમણે કહ્યું કે, સંતશક્તિના બળે જ હિન્દુસ્તાનનો આત્મા અખંડ અને અમર રહ્યો છે. ભારત રાષ્ટ્ર તેના સાંસ્કૃતિક જાગરણ માટે સંતશક્તિનો હંમેશાથી આભારી છે. આ અવસરે ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી જીતુ ભગત, જગન્નાથજી મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજ, દંડી સ્વામી શ્રી જીતેન્દ્ર સરસ્વતીજી, મહંત મોહનદાસજી રાજેન્દ્ર દાસજી, સતપંથી જગતગુરુ જ્ઞાનેશ્વરજી, મહંત રાજેન્દ્ર ગીરી મહામંડલેશ્વર ડૉ. ગીતા શ્રીહરિ દીદીજી, ચૈતન્ય શંભુ મહારાજ, વિશ્વહિન્દુ પરિષદના પ્રદેશ અધ્યક્ષ શ્રી અશોક રાવલ, ઉમિયાધામના અધ્યક્ષ શ્રી આર. પી. પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યૂઝ બ્રિફ

### સપ્તાહના પહેલા દિવસે જ શેરબજાર ગ્રીન ઝોનમાં બંધ



। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

આજે શેરબજારમાં ફરી તોફાની તેજી જોવા મળી છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં ટ્રેડ થતા જોવા મળ્યા હતા. રોકાણકારોએ આજે નિફ્ટી ઓટો અને મેટલના શેર ખરીદ્યા છે. સેન્સેક્સ ૨૯૪ પોઈન્ટના વધારા સાથે ૮૦,૭૯૬ પર બંધ થયો છે જ્યારે નિફ્ટી ૧૧૪ પોઈન્ટના વધારા સાથે ૨૪,૪૬૧ પર બંધ થયો છે. બેંક નિફ્ટી ૧૯૫ પોઈન્ટ ઘટીને ૫૪,૯૧૯ પર બંધ થયો હતો. તો આજે ખાનગી બેંકના શેરમાં વેચવાલી જોવા મળી હતી. રૂપિયો ૩૩ પૈસા મજબૂત થઈને 84.25/$ પર બંધ થયો હતો. શેરબજારમાં આજે ફરી તેજી જોવા મળી છે. સેન્સેક્સ ૧૬૦ પોઈન્ટના વધારા સાથે ૮૦,૬૬૧ પર ખુલ્યો હતો. નિફ્ટી ૭૩ પોઈન્ટ મજબૂત થઈને ૨૪,૪૧૯ પર ખુલ્યો હતો. બેંક નિફ્ટી ૫૦ પોઈન્ટના વધારા સાથે ૫૫,૦૬૫ પર ખુલ્યો હતો. તે જ સમયે રૂપિયો ૮૪.૫૮ની સામે 84.45/$ પર ખુલ્યો હતો. આજે શરૂઆતના કારોબારમાં ટાટા મોટર્સના શેરમાં વધારો જોવા મળી રહ્યો છે. જો આપણે સેક્ટોરલ ઈન્ડેક્સ વિશે વાત કરીએ તો ઓટો-આઈટીથી લઈને ફાર્મા અને રિયલ્ટી સુધી, શરૂઆતના વેપારમાં ઈન્ડેક્સમાં વધારો જોવા મળી રહ્યો હતો.

### ખાલિસ્તાનીઓએ પરેડ કાઢી; PM કાર્ની પર ઉઠયા સવાલ



। (એજન્સી) કેનેડા, તા.૫ ।

કેનેડાના ટોરોન્ટોથીએક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે જ્યાં હિન્દુ વિરોધી પરેડ કાઢવામાં આવી હતી. આ પરેડ એવા સમયે આયોજિત કરવામાં આવી હતી જ્યારે માર્ક કાર્ને કેનેડામાં તાજેતરની ચૂંટણી જીતીને ફરીથી પીએમ પદ સંભાળ્યું છે. અગાઉ, જસ્ટિન ટ્રૂડોના કાર્યકાળ દરમિયાન, કેનેડાના ભારત સાથેના સંબંધો સતત તણાવપૂર્ણ રહ્યા હતા, અને હવે આ પરેડથી નવા પીએમના નેતૃત્વ પર પણ પ્રશ્નો ઉભા થયા છે. ખાલિસ્તાન સમર્થક આ કાર્યક્રમમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને વિદેશ પ્રધાન એસ. જયશંકરના પૂતળાઓને પાંજરામાં પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. પરેડમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા કે આ પ્રદર્શન પંજાબની સ્વતંત્રતા માટે છે. કેનેડિયન પત્રકાર ડેનિયલ બોર્ડમેને રવિવારે ટોરોન્ટોના માલ્ટન ગુરુદ્વારામાં કથિત ''હિંદુ વિરોધી પરેડ'' દર્શાવતો એક વીડિયો શેર કર્યો. આ વીડિયોના બહાને, બોર્ડમેને કેનેડાના નવા ચૂંટાયેલા વડા પ્રધાન માર્ક કાર્નીની સરકારને એક પ્રશ્ન પૂછ્યો છે.

### ચારે તરફ ઘેરાયું પાકિસ્તાન!

# નિર્મલા સીતારમણની ADB અધ્યક્ષ સાથે બેઠક, ફંડિંગ રોકવાની માંગ

## ભારતે સ્પષ્ટ કર્યું કે, આતંકવાદને રક્ષણ અને પ્રોત્સાહન આપનારાઓને નાણાકીય ભંડોળ આપવું જોઈએ નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થયેલા આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિરૂદ્ધમાં કેટલાક કડક નિર્ણય લીધા હતા. જ્યારે આજે સોમવારે (૫ મે, ૨૦૨૫) ભારતના નાણાંમંત્રી નિર્મલા સિતારામણે એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)ના અધ્યક્ષ માસાતો કાંડા સાથે મુલાકાત કરીને પાકિસ્તાનને આર્થિક મદદ બંધ કરવાની માગ કરી છે. આ સાથે નાણાંમંત્રીએ માસાતો સિવાય ઈટલીના નાણાંમંત્રી જિયાનકાર્લો જિયોજેટ્ટી સાથે મુલાકાત કરીને



પોતાની માગને જણાવી હતી. ભારતે સ્પષ્ટ કર્યું કે, આતંકવાદને રક્ષણ અને પ્રોત્સાહન આપનારાઓને નાણાકીય ભંડોળ આપવું જોઈએ નહીં. તમને જણાવી દઈએ કે, પાકિસ્તાનની આર્થિક સ્થિતિ અતિયંત ખરાબ છે. તેવામાં પાકિસ્તાનને દુનિયામાં અનેક બેંકો જેવી કે, ADB અને આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષથી અરબો ડોલરની મદદ કરવામાં આવી છે. આ સહાય વિકાસ, આબોહવા પરિવર્તન સામે લડવા, રસ્તા બનાવવા, વીજળી વગેરે ક્ષેત્રો માટે આપવામાં આવે છે. ભારતનું કહેવું છે કે, પાકિસ્તાનને અલગ-અલગ બેંકમાંથી સહાય મળે છે, જેમાંથી મોટાભાગના રૂપિયા આતંકી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. જ્યારે ભારતની માગ છે કે, તેને FATFની લિસ્ટમાં ફરીથી નાખી દેવામાં આવે. ભારતે પાકિસ્તાનને IMF તરફથી મળવાના ૭ બિલિયન ડોલરના પેકેજ પર પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.

### કંધાર હાઈજેક વખતે મસૂદ અઝહર સાથે મુક્ત થયો હતો

# મુશ્તાક જ પહલગામ હુમલાનો માસ્ટર માઈન્ડ હોવાનો NIA દ્વારા દાવો કરાયો

## તપાસમાં જાણવા મળ્યું છે કે તેના સમર્થકોએ પહલગામ હુમલાના ઓવરગ્રાઉન્ડ વર્કર્સ (OGW) ને મદદ કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

પહલગામ આતંકવાદી હુમલાની તપાસ કરી રહેલી રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ને એક મોટો સંકેત મળ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પહલગામ આતંકવાદી હુમલાની તપાસ કરી રહેલી રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ આ હુમલા પાછળ અલ ઉમર મુજાહિદ્દીનના વડા મુશ્તાક અહેમદ જરગરનો માસ્ટર માઈન્ડ હોવાનો દાવો કર્યો છે. NIA તપાસમાં જાણવા મળ્યું છે કે તેના સમર્થકોએ પહલગામ હુમલાના ઓવરગ્રાઉન્ડ વર્કર્સ (OGW) ને



મદદ કરી હતી. મુશ્તાક અહેમદ જરગર આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો ઓપરેશનલ કમાન્ડર છે અને ૨૦૧૯ના પુલવામા હુમલાનો આરોપી પણ છે. મુશ્તાક જરગરને કંધાર હાઈજેકિંગ ઘટનામાં મૌલાના મસૂદ અઝહર સાથે મુક્ત કરવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુશ્તાક જરગર હાલમાં પાક.માં છે, પરંતુ શ્રીનગરનો હોવાથી, તેમનો ઓવરગ્રાઉન્ડ કાર્યકરો અને તેમના સમર્થકોમાં પ્રભાવ હોવાનું કહેવાય છે. એટલા માટે પહલગામ આતંકવાદી હુમલામાં જરગરની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવી રહી છે. જરગરના આતંકવાદી સંગઠન પર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને ૨૦૨૩ માં NIA દ્વારા તેનું ઘર જપ્ત કરવામાં આવ્યું હતું. ૧૯૯૯માં નેપાળથી ઈન્ડિયન એરલાઈન્સનું પ્લેન હાઈજેક કરવામાં આવ્યું હતું.



નવી દિલ્હીમાં લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણની સમીક્ષા કરી.

### પાણી અને લોહી સાથે ના વહી શકે

# ભારતે વધુ એક ડેમના દરવાજા બંધ કરી પાક. જતું પાણી રોક્યું

## સલાલ ડેમના દરવાજા પણ બંધ : આ જળ પ્રવાહ બંધ થતાં જ પાકિસ્તાન વહેતી ચિનાબ નદીનું જળ સ્તર ઘટ્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત તરફથી પાકિસ્તાન વિરૂદ્ધ સતત કાર્યવાહી થઈ રહી છે. ભારતે સિંધુ જળ સંધિ પર રોકના નિર્ણય હેઠળ પાકિસ્તાન જતી ચિનાબ નદીના પાણી રોકી દીધા છે. ગઈકાલે ચિનાબ નદી પર બનેલા બગલિહાર ડેમના દરવાજા બંધ કર્યા બાદ હવે સલાલ ડેમના દરવાજા પણ બંધ કરી દીધા છે. આ જળ પ્રવાહ બંધ થતાં જ પાકિસ્તાન વહેતી ચિનાબ નદીનું જળ સ્તર ઘટ્યું છે. ઘણા સ્થળોએ નદી સુકાઈ ગઈ છે. જો કે, રામબનમાં ચેનાબ નદીમાં બગલિહાર હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટ ડેમમાંથી પાણીનો પ્રવાહ ચાલુ છે. ભાજપ આઈટી સેલના અમિત માલવિયે વડાપ્રધાન મોદીના નિર્ણયને આવકરતાં X પર લખ્યું હતું કે, ભારતના હિત માટે રાજકારણમાં આકરા નિર્ણયો લેવા પડશે. વડાપ્રધાન મોદીએ પોતાની કાર્યવાહી મારફત તે બતાવી દીધું. આતંકવાદ વિરૂદ્ધ ભારત અડગ અને દ્રઢ નિશ્ચય ધરાવે છે. પાણી અને અમારા નાગરિકોના લોહી એકસાથે વહી શકશે નહીં. જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં સ્થિત સલાલ ડેમના તમામ દરવાજા ભારતે બંધ કરી દીધા છે. જેથી રિયાસી જિલ્લામાં ચિનાબ નદીનું જળસ્તર ઘટ્યું છે. ચિનાબ નદી અનેક સ્થળે સુકાઈ ગઈ છે. હવે ભારત જેલમ નદી પર બનેલા કિશનગંગા ડેમ પર પણ આ પ્રકારની કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે. પહલગામ આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત બાદ ભારત પાકિસ્તાન વિરૂદ્ધ વિવિધ પગલાં લઈ રહ્યું છે. ભારતે સૌથી પહેલાં સિંધુ જળ સંધિ પર રોક મૂકી હતી. ૧૯૬૦માં તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ અને તત્કાલિન પાકિસ્તાની રાષ્ટ્રપતિ અયૂબ ખાને આ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા. ભારતે પાકિસ્તાની નાગરિકોને પોતાના વતન પરત ફરવા આદેશ આપ્યો છે. પાકિસ્તાન હાઈ કમિશનના અધિકારીઓની સંખ્યામાં ઘટાડો, એરસ્પેસ બંધ કરવા જેવા અનેક નિર્ણયો લીધા છે.

### મુસ્લિમ મહિલાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

# લાલ કિલ્લા ઉપર કબજો મેળવવાની અરજી સુપ્રીમ કોર્ટે આખરે ફગાવી

## એક મુસ્લિમ મહિલાની અરજી સુપ્રીમ કોર્ટે આજે સોમવારે એમ કહીને ફગાવી દીધી છે કે આ અરજી સાવ ફાલતુ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

લાલ કિલ્લા ઉપર કબજો મેળવવાની એક મુસ્લિમ મહિલાની અરજી સુપ્રીમ કોર્ટે આજે સોમવારે એમ કહીને ફગાવી દીધી છે કે આ અરજી સાવ ફાલતુ છે. સુપ્રીમ કોર્ટે મુગલ સમ્રાટ બહાદુર શાહ ઝફર (બીજા)ના પ્રપૌત્રના વિધવા સુલતાના બેગમ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી છે. સુલતાના બેગમે તેમની અરજીમાં પોતાને મુગલ બાદશાહના કાયદેસર વારસદાર તરીકે રજૂ કરીને દિલ્હીના લાલ કિલ્લા પર કબજો આપવાની માંગ કરી હતી. એક મુસ્લિમ મહિલાની અરજી સુપ્રીમ કોર્ટે આજે સોમવારે એમ કહીને ફગાવી દીધી છે કે આ અરજી સાવ ફાલતુ છે મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી ખંડપીઠે આ અરજીને ''ફાલતુ'' ગણાવી હતી. એ વાત સૌ જાણે છે કે, આ પહેલાં સુલતાના બેગમની અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. હાઈકોર્ટના નિર્ણયને સુલતાના બેગમે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી ખંડપીઠે આ અરજીને એક જ ઝટકામાં ફગાવી દીધી



અને કહ્યું કે આ સંપૂર્ણપણે નિરર્થક અરજી છે. સાથે જ કોર્ટે એમ પણ કહ્યું કે આ અરજી તો સુનાવણીને પણ લાયક નથી. સુલતાના બેગમ કોલકાતા નજીક હાવડામાં રહે છે. તેમણે પ્રથમ વખત આ અરજી વર્ષ ૨૦૨૧માં હાઈકોર્ટમાં દાખલ કરી હતી. તેમને આશા હતી કે સરકાર આ બહાને તેમની વાત પર ધ્યાન આપશે અને ઓછામાં ઓછી કેટલીક આર્થિક મદદ આપશે, પરંતુ એવું કંઈ થયું નહીં.દિલ્હી હાઈકોર્ટે કેસ દાખલ કરવામાં ૧૬૪ વર્ષથી વધુના વિલંબનો હવાલો આપીને અરજીને ફગાવી દીધી હતી. આજે જ્યારે સુપ્રીમ કોર્ટે આ મામલાની સુનાવણી કરી તો તેમણે આ અરજીને ફગાવતા કહ્યું કે માત્ર લાલ કિલ્લો જ કેમ? ફતેહપુર સિક્રી કેમ નહીં? તેનો પણ અરજીમાં સમાવેશ કેમ ન કર્યો? એ કેમ છોડી દેવાયો?

### પરીક્ષામાં ફેલ થયો છે, જીવનમાં નહીં : પરિવાર

# ૧૦માં ધોરણમાં પુત્ર બધા વિષયમાં ફેલ થયો, પરિવારે કેક કાપીને કરી ઉજવણી

। (એજન્સી) બેંગલુરુ, તા.૫ ।

કર્ણાટકથી એક એવા સમાચાર આવ્યા છે જે લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આશાનું કિરણ બની શકે છે. બાગલકોટના નવનગરના એક પરિવારે તેમના દીકરાની SSLCમાં નિષ્ફળતાને કેક કાપીને અને તેને ઉત્સાહ આપીને ઉજવણી કરી. ૧૦માં ધોરણમાં જો છોકરો કે છોકરી નાપાસ થાય તો માતા પિતા માટે શરમિંદગીનું કારણ બનતું હોય છે પરંતુ એક પરિવારે પોતાના પુત્રની નિષ્ફળતાને પ્રેમ, સમર્થન અને સકારાત્મકતામાં ફેરવી દીધી. માતા પિતાએ પુત્રનું મનોબળ વધાર્યું અને કેક કાપીને તેનો ઉત્સાહ પણ વધાર્યો. બસવેશ્વર હાઈસ્કૂલ (ઈંગ્લિશ મીડિયમ)ના SSLC વિદ્યાર્થી અભિષેક યલ્લપ્પા ચોલચગુડ્ડા છ વિષયોમાં નાપાસ થયો, જેમાં તેણે ૬૨૫માંથી માત્ર ૨૦૦ ગુણ મેળવ્યા, એટલે કે કુલ ૩૨% ગુણ. નિરાશાજનક પરિણામ હોવા છતાં, તેના પરિવારે તેને ઠપકો ન આપ્યો. તેના પિતાએ અભિષેકને આશ્ચર્યજનક રીતે કેક લાવીને આપી, મીઠાઈઓ અને ચુંબન સાથે તેનું મનોબળ વધાર્યું. માતા, ભાઈ-બહેનો અને દાદી સહિત આખો પરિવાર આ પ્રેમભર્યા સમર્થનમાં જોડાયો. અભિષેક બાળપણથી જ પડકારોનો સામનો કરી રહ્યો છે. માત્ર ૧૫ મહિનાની ઉંમરે તેના બંને પગ ગંભીર રીતે દાઝી ગયા હતા, જેના




કારણે તેની યાદશક્તિ પર અસર થઈ. આ યાદશક્તિની સમસ્યાને કારણે તેને પરીક્ષામાં માહિતી યાદ રાખવામાં અને રજૂ કરવામાં મુશ્કેલી પડી. તેની સંઘર્ષની સમજણ રાખીને, પરિવારે તેની સાથે ઊભા રહીને સમર્થન આપ્યું. તેના પિતાએ અભિષેકના ખભે હાથ મૂકીને કહ્યું, ''પરીક્ષા એ જીવનનો અંત નથી. ફરી પ્રયાસ કર.'' માતા પિતાએ કહ્યું કે પરીક્ષામાં ફેલ થયો છે, જીવનમાં નહીં. ફરીથી કોશિશ કરજે અને સફળતા જરૂર મળશે.પરિવારના આ સમર્થનથી અભિષેક ભાવુક બની ગયો અને કહ્યું કે હું ફેલ જરૂર થયો પરંતુ મારા પરિવારે મને હિંમત આપી. હું ફરીથી પરીક્ષા આપીશ, પાસ કરીશ અને જીવનમાં સફળ થઈશ. આ કહાની સોશિયલ મીડિયામાં ખુબ વાયરલ થઈ રહી છે. જ્યાં લોકો અભિષેકના માતા પિતાના વિચારના ખુબ વખાણ કરી રહ્યા છે. અનેક લોકો તેને Don't Give Up અને Positive Parenting નું આદર્શ ઉદાહરણ ગણાવી રહ્યા છે.

### નાસ્ત્રેદમસની મોટી ભવિષ્યવાણી

# ટૂંક સમયમાં હિન્દુ ધર્મ કરશે આખી દુનિયા ઉપર રાજ?

। (એજન્સી) ફ્રાંસ, તા.૫ ।

હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ખૂબ જ તણાવપૂર્ણ વાતાવરણ છે. દુનિયાભરમાં એવી અટકળો ચાલી રહી છે કે બંને દેશો ટૂંક સમયમાં યુદ્ધના મેદાનમાં આમને-સામને આવી શકે છે. એટલું જ નહીં, આજકાલ એશિયા અને યુરોપના ઘણા નાના દેશો વચ્ચે ખૂબ જ તણાવપૂર્ણ વાતાવરણ છે. યુક્રેન અને રશિયા યુદ્ધમાં વ્યસ્ત છે. ત્યારે નાસ્ત્રેદમસની આ ભવિષ્યવાણીએ બધાને ચોંકાવી દીધા છે. ફ્રાન્સના જાણીતા ભવિષ્યવેત્તા માઈકલ ડી નાસ્ત્રેદમસ તેમની સચોટ ભવિષ્યવાણી માટે જાણીતા છે. અત્યાર સુધી તેમની મોટાભાગની ભવિષ્યવાણીઓ સાચી સાબિત થઈ છે. ભારત અને હિન્દુ ધર્મ અંગેની તેમની ભવિષ્યવાણી આજકાલ ચર્ચામાં છે. નાસ્ત્રેદમસે ભારત અને પાકિસ્તાન વિશેની



પોતાની ભવિષ્યવાણીમાં કહ્યું હતું કે, ભારતે તેની સેના સાથે તૈયાર રહેવું જોઈએ, નહીં તો પાકિસ્તાન તેને આશ્ચર્યચકિત કરી શકે છે. આ ઉપરાંત, નોસ્ટ્રાડેમસે વર્ષ ૨૦૨૫માં થનારા મોટા ફેરફારોની પણ ભવિષ્યવાણી કરી છે. તેમના મતે વર્ષ ૨૦૨૫માં તીવ્ર ગરમ પવનો ફૂંકાશે. ગરમી ઘણી વધશે. આબોહવા પરિવર્તનની સૌથી વધુ અસર યુરોપમાં જોવા મળશે. નાસ્ત્રેદમસની ભવિષ્યવાણી મુજબ, હિન્દુ ધર્મનો ઉદય થશે. તેમની આગાહી મુજબ, દક્ષિણ ભારતમાંથી એવો નેતા ઉભરી આવશે. જે સમગ્ર વિશ્વમાં ફેલાશે અને આ ઉપરાંત રશિયા જેવો શક્તિશાળી દેશ પણ હિન્દુ ધર્મનો ફેલાવો કરશે. નાસ્ત્રેદમસની ભવિષ્યવાણી મુજબ, ૨૧મી સદીમાં ભારત એક શક્તિશાળી રાષ્ટ્ર તરીકે ઉભરી આવશે અને ભારતીય સંસ્કૃતિ, વેદાંત અને યોગ સમગ્ર વિશ્વમાં ફેલાશે. દક્ષિણ ભારત સમગ્ર વિશ્વમાં એકમાત્ર એવો દ્વીપકલ્પ છે જ્યાં ત્રણ સમુદ્રો એક સાથે મળે છે. નાસ્ત્રેદમસે કહ્યું છે કે આપણા દુશ્મનોનો નાશ કરનાર મહાન હિન્દુ નેતા દક્ષિણ ભારતીય હશે જે ગુરુવારના દિવસને ખૂબ માનશે અને પૂજા કરશે. ગુરુવારને ફક્ત હિન્દુઓ જ પવિત્ર માને છે. નાસ્ત્રેદમસની ભવિષ્યવાણી મુજબ, વિજયી નેતા આખા એશિયાને એક સાથે રાખશે.

### પવનદીપ રાજન સાથે બીજા ૨ લોકો ઘાયલ થયા

# Indian Idol 12 ફેમ પવનદીપ રાજન અકસ્માત ગંભીર રીતે ઈજાગ્રસ્ત

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

ઈન્ડિયન આઈડલ સીઝન ૧૨ ના વિજેતા સિંગર પવનદીપ રાજનનો કાર અકસ્માત થયો. તે ગંભીર રીતે ઘાયલ છે. પવનદીપનો અકસ્માત ઉત્તર પ્રદેશના અમરોહામાં સોમવારે સવારે થયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ અકસ્માત સવારે લગભગ ૩:૪૦ વાગ્યે થયો હતો. તેમની સારવારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે પવનદીપને ગંભીર ઈજાઓ થઈ છે. તેને ખૂબ દુખાવો થઈ રહ્યો છે. તેના ડાબા પગ અને જમણા હાથ પર ઈજાના નિશાન દેખાય છે. ઈન્સ્ટન્ટ બોલિવૂડે પવનદીપ રાજનની કેટલીક તસવીરો શેર કરી છે. ચાહકો તેમના ફોટા અને વીડિયો પોસ્ટ પર તેમના સ્વસ્થ



થવાની કામના કરી રહ્યા છે. તેમના માટે પ્રાર્થના કરી રહ્યા છે. કેટલાક લોકો ટિપ્પણી કરી રહ્યા છે અને તેના અકસ્માતનું કારણ પૂછી રહ્યા છે. આ દુઃખદ ઘટના તેમના જન્મદિવસના ૭ દિવસ પછી બની. તેમણે ૨૭ એપ્રિલના રોજ પોતાનો જન્મદિવસ ઉજવ્યો. પવનદીપ રાજનની કાર અકસ્માત અમરોહા જિલ્લાના ગજરૌલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નેશનલ હાઈવે-૯ પર થયો હતો. પવનદીપ ઉત્તરાખંડથી દિલ્હી જઈ રહ્યો હતો. તેમની કાર હાઈવે પર પાર્ક કરેલા કેન્ટરના પાછળના ભાગમાં અથડાઈ ગઈ. આ અકસ્માતમાં પવનદીપની સાથે અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. તે બધાની હાલત ગંભીર છે અને તેમને સારવાર માટે દિલ્હીની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે, પવનદીપ રાજને ઈન્ડિયન આઈડલ ૧૨ દરમિયાન ઘણી લોકપ્રિયતા મેળવી હતી. હોસ્પિટલમાંથી તેમની સારવારનો વીડિયો વાયરલ થયો છે : તેના શરીર પર ગંભીર ઈજાના નિશાન દેખાય છે, ભલે તે વિજેતા ન બન્યો, પણ તેનો અવાજ શોમાં આવેલા ન્યાયાધીશો, પ્રેક્ષકો અને મહેમાનોને ખૂબ ગમ્યો. તેમની જોડી સહ-સ્પર્ધક અરુણિતા કાંજીલાલ સાથે હતી. શો જીતતા પહેલા પણ તેણે કોમર્શિયલ ગીતો ગાયા હતા.

## તંત્રી લેખ...

# પાકિસ્તાની અને બાંગ્લાદેશી

પહેલગામમાં આતંકી હુમલો કરીને પાકિસ્તાની કઈ રીતે ભારતમાં રહેતા, સગા-સંબંધીઓને મળવા આવેલા અથવા ઉપચાર કરાવી રહેલા પોતાના નાગરિકો માટે પણ મુશ્કેલી ઊભી કરી દીધી, એ તેનાથી ખબર પડે છે કે એવા લોકોના વિઝા રદ થયા બાદ તેમના તરફથી તેમને લેવા આવવામાં આનાકાની કરવી. તેણે એવા લોકો માટે એક દિવસ સુધી પોતાના ગેટ બંધ રાખ્યા. જે ભારતીયો પાકિસ્તાનમાં રહે છે, તેમને પણ ભારત પાછા ફરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે, પરંતુ તેમની સંખ્યા ઘણી ઓછી છે. ભારતમાં તો એવા પાકિસ્તાની નાગરિકોની ગણતરી કરવી અને તેમને શોધવા પણ મુશ્કેલ થઈ રહ્યું છે, જેઓ ભારત આવ્યા હતા. તેમાંથી કેટલાક તો વર્ષો અને ત્યાં સુધી કે દાયકાઓથી રહેતા આવ્યા છે. કેટલાય તો વિઝા અવધિ ખતમ થઈ ગયા બાદ પણ અહીં જ રહી પડ્યા છે. કેટલાક એવા પણ નીકળ્યા, જે ભારતમાં ભારતીયો જેવી સુવિધાઓ ઉઠાવી રહ્યા હતા અને વોટ પણ આપી રહ્યા હતા. આખરે આવું થયું કેવી રીતે? આપણી સરકારોની આ કેવી લાલિયાવાડી? સમસ્યા એ જ નથી કે પાકિસ્તાની નાગરિકોને પાછા મોકલવા મુશ્કેલ થઈ રહ્યું છે. સમસ્યા એ પણ છે કે ભારતમાં જન્મેલી કેટલીય મહિલાઓ એવી છે, જેમના નિકાહ પાકિસ્તાનમાં થયા, પરંતુ તેમને ત્યાંની નાગરિકતા ન મળી કે તેમણે લીધી જ નહીં. એમાંથી કેટલીક મહિલાઓ એવી છે, જેમનાં બાળકોને ત્યાંની નાગરિકતા મળેલી છે. એવાં બાળકો તો પાછા જઈ શકે છે.

## ભારતનો MICE ઉદ્યોગ ઉચ્ચ ગુણવત્તાવાળી નોકરીઓનું સર્જન કરીને મુખ્ય આર્થિક ચાલક બનવા માટે તૈયાર છેઃ કેન્દ્રીય પ્રવાસન મંત્રી

ભારત સરકારના પર્યટન મંત્રાલયે રાજસ્થાન સરકારના પર્યટન વિભાગ અને ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ના સહયોગથી ૧૪માં ગ્રેટ ઈન્ડિયન ટ્રાવેલ બજાર (GITB)ના અવસરે ૪ મે ૨૦૨૫ના રોજ રાજસ્થાનના જયપુરમાં મીટ ઈન ઈન્ડિયા કોક્લેવનું આયોજન કર્યું હતું. કેન્દ્રીય પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, ભારતનો મીટિંગ્સ, પ્રોત્સાહનો, પરિષદો અને પ્રદર્શનો (MICE) ઉદ્યોગ ઉચ્ચ ગુણવત્તાવાળી નોકરીઓનું સર્જન કરવાની સાથે મુખ્ય આર્થિક ચાલક બનવા માટે તૈયાર છે. કોન્ફરન્સમાં બોલતા શ્રી શેખાવતે જણાવ્યું હતું કે, ભારતનો MICE ઉદ્યોગ ઝડપથી વૈશ્વિક શક્તિ તરીકે ઉભરી રહ્યો છે, જે મજબૂત આર્થિક વિકાસ, વિશ્વ કક્ષાની માળખાગત સુવિધા અને મજબૂત સરકારી સમર્થન દ્વારા સંચાલિત છે. દેશભરના રાજ્યો પોતપોતાની અનોખી રીતે પ્રવાસનની તકો ખોલી રહ્યા છે - અને હવે, ભારત માટે વૈશ્વિક MICE નકશા પર પોતાને મજબૂત રીતે સ્થાપિત કરવાનો સમય આવી ગયો છે.

**ક્ષીર સાગર મધ્યે શેષનાગની ફણા પર ભગવાન વિષ્ણુ શાંત મુદ્રામાં સૂતા છે, અને જેણે વિશ્વને ધારણ કર્યું છે, એ કલ્પના પણ કઠિન લાગે છે**


# સમુદ્ર મંથન સમયે પ્રગટ થયેલ "મોહિની" પણ વિષ્ણુ નો એક અવતાર છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સમુદ્ર મંથનની આખી ઘટના જોતાં આપણને એમ લાગે કે દેવ દાનવો વચ્ચે પક્ષપાત થયો, અને એ પણ ઈશ્વર ને હાથે! જેને કારણે અમૃત દેવોને પ્રાપ્ત થયું, અને દાનવો આટલા મોટા સમુદ્રને મથવા છતાં કંઈ ન પામ્યા! મંથન જ ખોટી રીતે થયું હોય તો એવું થાય! પરંતુ ઈશ્વર કાર્યકારણ સિદ્ધાંતથી પરે હોય છે, માટે એને સાચું ખોટું સારું ખરાબ કોઈ જ વાત લાગુ પડતી નથી.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગુરુવારે વૈશાખ સુદ અગિયારસ એટલે કે મોહિની એકાદશી આવશે, પરંતુ આપણે ગુરુવારે પ્રાર્થના નાં ક્રમમાં નરસિંહના પદ વિશે વાત કરીશું. આજે વ્યાપક વિષ્ણુના સૌથી સૌમ્ય સ્વરૂપની વાત કરીશું, એ પહેલાં મોહિની એકાદશી નામની ગાથા જોઈએ.સમુદ્ર મંથન સમયે ભગવાને અમૃતને બચાવવા માટે આ દિવસે મોહિની સ્વરૂપ ધારણ કર્યું હતું. માટે આ દિવસને મોહિની એકાદશી કહેવામાં આવે છે. બીજી એક દંતકથા મુજબ કૂર્મ પુરાણમાં વૈશાખ મહિનાના શુકલ પક્ષની મોહિની નામની એકાદશીનું માહાત્મ્ય બતાવતાં ભગવાન યોગેશ્વર કહે છે કે સીતા વિયોગમાં ભયભીત થયેલા શ્રીરામે પણ ગુરુ વશિષ્ઠને આ એકાદશીનું મહાત્મ્ય પુછ્યુ હતું. ત્યારે એમણે જણાવ્યું હતું કે વિષ્ણુ ભકિતમાં તત્પર તથા શાંત ચિત્તવાળા તે વાણિયાને પાંચ પુત્રો હતા, તેનાં નામો કહું છું તે સાંભળો : ૧. સુમના, ૨. દ્યુતિમાન, ૩. મેધાવી, ૪. સુકૃતિ અને ૫ ધૃષ્ટ બુદ્ધિ કે જે વૈશ્યા નો સંગ કરવાં વાળો જુગટુ રમવા વાળો અને મહા પાપી હતો. આવા પુત્રને પિતાએ ઘરમાંથી કાઢી મુક્યો અને એની ખરાબ સંગત ને કારણે એનું બધું ધન સમાપ્ત થયું, પછી એ ચોરી કરવા લાગ્યો, રાજ સેવકો દ્વારા પકડાયો, અને રાજાએ એને દેશ નિકાલની સજા ફરમાવી! એ જંગલી પશું ઓને મારી જીવતો હતો એવામાં એકવાર ઋષિ કૌન્ડિય ગંગા સ્નાન કરી ત્યાંથી પસાર થયા અને એની પર છાંટા પડયા! એને પહેલીવાર પોતાના કુકર્મ વિશે વિચાર આવ્યો અને એણે ઋષિ પાસે જઈ પ્રાયશ્ચિત નો માર્ગ પુછ્યો ત્યારે ઋષિ એ તેને વૈશાખ સુદ એકાદશી એટલે મોહિની એકાદશી નું વ્રત કરવાં કહ્યું અને એ કરવાથી એને તમામ પાપ માંથી મુક્તિ મળી. સમુદ્ર મંથનની આખી ઘટના જોતાં આપણને એમ લાગે કે દેવ દાનવો વચ્ચે પક્ષપાત થયો, અને એ પણ ઈશ્વર ને હાથે! જેને કારણે અમૃત દેવોને પ્રાપ્ત થયું, અને દાનવો આટલા મોટા સમુદ્રને મથવા છતાં કંઈ ન પામ્યા! મંથન જ ખોટી રીતે થયું હોય તો એવું થાય! પરંતુ ઈશ્વર કાર્યકારણ સિદ્ધાંતથી પરે હોય છે, માટે એને સાચું ખોટું સારું ખરાબ કોઈ જ વાત લાગુ પડતી નથી, એ સર્વજન હિતાય કે સર્વ જન સુખાય રીતે નિર્ણય કરે છે, અને કર્યા બાદ ભૂલી પણ જાય છે, એ નિર્ગુણ અને અગુણ પણ છે. ભગવાન વિષ્ણુનું વ્યાપક સ્વરૂપ હર ક્ષણ આપણને પોષતું હોવાં છતાં આપણે આનંદમાં રહી શકતા નથી, કારણ કે આપણે ભૂત અને ભવિષ્યની ગલીઓમાં વધારે ફરીએ છીએ, જ્યારે હકીકતમાં આપણે વર્તમાન તરફ દૃષ્ટિ કરીને જીવવું જોઈએ! અને દેખીતી રીતે આપણો વર્તમાન વિષ્ણુ છે, કારણ કે એ જ આપણું ભરણપોષણ કરી રહ્યો છે.



**શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં,**
**વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણ શુભાંગમ્**
**લક્ષ્મીકાંત કમલનયમં યોગિભિર્ધ્યાનગમ્યમ્**
**વન્દે વિષ્ણુ ભવભયહરં સર્વલોકૈકનાથમ્**

જેની આકૃતિ અતિશય શાંત છે, જે શેષનાગની સૈયા પર પણ શાંત સુતા છે, જેની નાભીમાં કમળ છે, જે દેવતાઓના પણ ઈશ્વર છે, સંપૂર્ણ જગતના આધાર છે,અને જે આકાશમાં સર્વત્ર વ્યાપ્ત છે. નીલા રંગના મેઘ જેમ જેનો વર્ણ છે, અતિશય સુંદર જેના બધાં અંગો છે, જે યોગી અને મુનિઓ દ્વારા ધ્યાનથી પ્રાપ્ત થાય છે એ જ સર્વલોકના નાથ વિષ્ણુ છે. ક્ષીર સાગર મધ્યે શેષનાગની ફણા પર ભગવાન વિષ્ણુ શાંત મુદ્રામાં સૂતા છે, અને જેણે વિશ્વને ધારણ કર્યું છે, એ કલ્પના પણ કઠિન લાગે છે, અને છતાં એ શાંત છે, અને ઉપરથી વિશ્વભરનું ભરણપોષણ કરે છે. સામાન્ય રીતે આ શ્લોક આપણને વિષ્ણુની શક્તિથી અચંબિત કરે, કે કેટલા સામર્થ્યવાન હશે? અને છે એમાં કોઈ શંકા પણ નથી. પરંતુ આપણે અલગ રીતે ચિંતન કરીએ તો અમુક ઉંમર પછી અને એમાં પણ જવાબદારી શરૂ થાય એટલે વર્તમાન શેષનાગની જેમ થોડો અટપટો અને મોટેભાગે કાળ જેવો જ લાગે છે. વિષ્ણુનાં આ શ્લોકમાં ક્ષીર સાગરની વાત થઈ છે, તો આમાંથી આપણે ત્રણ લોક સ્પષ્ટ જુદા પડે. આકાશનો તો ઉલ્લેખ પણ છે, અને સાગરને તળિયે પાતાળ. આકાશ એટલે ઉપરનું અથવા આગળનું એમ વિચારીએ, તો ભવિષ્ય અને પાતાળ એટલે ભૂતકાળ આ બધું જ સમ કરવાનું છે, અને એ પણ શેષનાગની સૈયા પર. એટલે ટકી રહેવું હોય તો શેષનાગની શૈયા એટલે કે વર્તમાન પર ફોકસ કરવું પડે. નહીં તો શેષનાગની ફણા પરથી પછડાઈ પડીએ, અને અસ્તિત્વ જોખમમાં મુકાઈ જાય! અને જો વર્તમાન ને સહજ સ્વીકારવામાં આવે તો પછી આપણા જીવનના અંગો પણ વિષ્ણુની જેમ સુંદર દેખાશે, આપણો વર્ણ પણ મેઘની જેમ નીલો એટલે કે અન્યને પણ આનંદ આપનારો થશે, નાભીમાં અલૌકિક શક્તિનું કમળ ખીલશે, અને યોગીઓ એટલે કે ઈજ્જતદારની વચ્ચે આપણી પ્રતિષ્ઠા થશે. પણ જો અને તો ની જેમ પરિસ્થિતિને કાબુમાં કરવી હશે, તો કાળના રોદણાં રડવાનું બંધ કરીને જે કંઈ છે તેનો સહજતાથી સ્વીકાર કરવો પડશે! એટલે અઘરું તો છે, પરંતુ ખુદને અહેમિયત દેવાની ટેવને કારણે પરિસ્થિતિ જે હોય એની કરતાં આપણે એને મોટું સ્વરૂપ આપી દેતા હોઈએ છીએ. થોડાક શાંત થઈએ તો પરિસ્થિતિ સામે ટકી રહેવાની શક્તિ આપોઆપ પ્રાપ્ત થાય છે, અને એ શક્તિ તો નાભીમાં એટલે કે જે ખુદમાં જ પડેલી છે, માત્ર તેના પરથી આવરણ હટાવવાનું છે. કમળ એટલે કે અન્ય બાબતોથી અસંગ થઈએ ત્યારે આ શક્તિ ખીલે છે. અન્ય બાબતમાં નિંદા, ઈર્ષા, અદેખાઈ, રાગ, દ્વેષ, મોહ, માયા, મમતા, ક્રોધ, લોભ, રુપે જે કાદવ કીચડ વાળા ભાવ છે, એનાથી અસંગ થઈએ ત્યારે જ આ અલૌકિક શક્તિનું કમળ પ્રાપ્ત થાય છે, અને એ આપણને વિષ્ણુની જેમ માત્ર આપણું નહીં અન્યનું પાલનપોષણ કરતાં શીખવે છે. આ વાતને બીજી રીતે પણ આપણે લઈ શકીએ. એટલે કે આપણી પર સતત મંડરાતી ભ્રમર જેવી ભોગવૃત્તિનાં ભમરાને દૂર કરવા માટે, અન્યનું ભરણપોષણ કરવાની શરૂઆત કરીએ તો વર્તમાનની વિટંબણા આપોઆપ ઓછી લાગે, અથવા પરેશાન ન કરે. વિષ્ણુ સ્થુળ સ્વરૂપે, અને સૂક્ષ્મ સ્વરૂપે સુંદર એટલે છે કે, તે વિશ્વનું ભરણપોષણ કરે છે. આપણે પણ આપણા અંગોને સુંદર બનાવવા હોય તો, આ વિચારને મંત્ર બનાવી જીવવાની શરૂઆત કરવી જોઈએ. પરંતુ જો પ્રતિષ્ઠા માટે આ કામ થશે, તો એ થોડો અહમ ઊભો કરશે, અને એ સચ્ચિદાનંદ સ્વરૂપ સુધી પહોંચવામાં બાધા બની શકે. ઉનાળાને કારણે તાપમાન ધીરે ધીરે વધી રહ્યું છે લોકો ગરમીને ઓછી કરવા જાત ભાતના પ્રયોગો કરે છે. પરંતુ મોંઘવારીને કારણે દરેક પરિવારમાં એનું પ્રમાણ વધતુ ઓછું રહે. આપણા પ્રારબ્ધને કારણે આપણી થાળીમાં તો કેરી કે અન્ય વ્યંજન છે, પરંતુ જેની થાળીમાં નથી એના ઘરે આપણા થકી ગરમી ઓછી થાય એ રીતનો આનંદ પહોંચે તો શાંતિ મળે, અને એ છે વિષ્ણુની શેષનાગની સૈયા, કે જ્યાં સુઈને એ પોતાની માટે નથી વિચારતાં, માટે ત્યાં સ્થિર રહી શકે છે. તો આ રીતે આ શ્લોકનો અર્થ કરી આપણું ભરણ પોષણ વિષ્ણુ પર છોડી, અન્યનું ભરણ પોષણ કરવું, બસ આ રીતે થોડી સામાજિક જવાબદારી સ્વીકારવી એ વિષ્ણુ પૂજા છે. આવનારા સમયમાં વધુને વધુ કઠિન પરિસ્થિતિ ઉભી થવાની છે, અને જો એ પરિસ્થિતિ પ્રમાણે આપણે ટકી રહેવું હોય તો આ રીતે શાસ્ત્રોક્ત અર્થ ઉપરાંત આ રીતે પ્રેક્ટીકલ અર્થ કરીશું ત્યારે જ ઝડપથી સમાધાન કરીને સહજતાથી સ્વીકારી શકીશું. આપણે સૌ આવનાર સમય સાથે વગર ફરિયાદ ચાલી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**કબીરદાસજીએ સમયનું મહત્વ ચોક્કસપણે દર્શાવ્યું છે, 'ગઈકાલ'થી 'હવે' સુધીની સફર અને સમયની ઘાતક અસરને ખૂબ સારી રીતે વર્ણવવામાં આવી છે**

# આજના મોબાઇલ ઇન્ટરનેટ યુગનો યુવા ભાઈ બહેનો સારો ઉપયોગ કરે તો તે પોતાના ભવિષ્યને ઉજવળ બનાવી શકે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વર્તમાનમાં આપણે કરેલા અપ્રિય કાર્યોના આધારે સુખી ભવિષ્યની આશા રાખવી યોગ્ય નથી, જેમ બાવળ રોપીને અને રસદાર કેરીની આશા રાખવાથી નિરાશા મળે, બાવળ તમને કડવા પૈડીયા અને અણીદાર કાંટાનો અનુભવ થશે, સત્યમાં આપણે વાસ્તવિકતામાં જ જીવવું જોઈએ ચિંતા આપણ ને સજાગ રાખે છે, આપણી અંદર ફરજની ભાવના વારંવાર જાગૃત કરે છે.**

ગઈકાલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધો.૧૨ એચ. એસ. સી.નું તમામ પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું જેનાથી કૉલેજોમાં એડમિશન શરૂ થશે આજે લેખમાળાના મણકામાં યુવાધનને સ્પર્શે તેવી વાતો કરવાનો વિચાર આવ્યો અને આજના મોબાઈલ ઈન્ટરનેટ યુગનો યુવા ભાઈ બહેનો સારો ઉપયોગ કરે તો તે પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકે છે પણ આજનું યુવાધન મોબાઈલ ઈન્ટરનેટને તેમના મોજ શોખ અને ટાઈમ પાસ નહી ટાઈમ બરબાદી માટેનું માધ્યમ બનાવી દીધું છે. કાગડાની જેમ ચતુર, બગલા જેવું ધ્યાન, શ્વાન જેવી નિદ્રા તથા અલ્પહારી ગૃહ ત્યાગી, વિદ્યાર્થીમાં આ પાંચ લક્ષણ હોવા જોઈએ. ગત વર્ષે પરિણામમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તેને ભૂલી જઈ ભવિષ્યમાં ન થાય તેની કાળજી રાખો આજનો લેખ સૌ માટે પ્રેરણાદાયક બની રહે તેવી આશા ..'' ભૂતકાળને ભુલી જાઓ તેનો શોક ન કરવો જોઈએ, અને ભવિષ્યમાં શું થશે તેની ચિંતા ન કરવી જોઈએ. જેઓ અસાધારણ લોકો છે તેથી, દરેક વ્યક્તિએ વર્તમાનનો સારો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે આપણી પાસે કોઈ ભાર નથી ભૂતકાળ અને ભવિષ્ય પર. ''આચાર્ય ચાણક્ય વાસ્તવમાં ''બીટી તાહી બિસાર દે, આગે કી સુધી લે'' એ માત્ર એક કહેવતનથી પરંતુ તે સમગ્ર મનુષ્ય માટે જીવન જીવવા માટેનો ખૂબ જ ઊંડો, અર્થપૂર્ણ અને મૂલ્યવાન સંદેશ પણ છે. આનાથી પ્રેરાઈને માનવ જીવન ભૂતકાળને ભૂલીને વર્તમાનનો પાયો નાખીને ભવિષ્યનું નિર્માણ કરે છે. તેથી, ભવિષ્યનું નિર્માણ કરવા માટે, માણસે ભૂત કાળમાંથી શીખવું જોઈએ, તેણે વાસ્તવિકતાના આધારે તમામ પ્રયત્નો કરવા જોઈએ, સત્ય એ છે કે ભૂતકાળ મરી ગયો છે. વાસ્તવિકતા જીવંત છે, જ્યારે કલ્પનાની દુનિયા વાસ્તવિકતાને નષ્ટ કરવાનું કામ કરે છે.'' 'ભૂતકાળને ભૂલી જા ભવિષ્યને સુધારી લે આમાં સમાયેલ અજોડ શક્તિનો રત્ન જેવો અવાજ, ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યને સુવ્યવસ્થિત સંચાલન તરફ માર્ગદર્શન આપે છે. ત્રણેયમાંથી તે ચોક્કસપણે સૂચવે છે કે આપણે ભૂતકાળને ભૂલી જવું જોઈએ તે સાચું લાગે છે, તેથી વિસ્મૃતિ એ આપણા ધાર્મિક ગ્રંથોમાં ' આગળ ની બાજી સુધારી લે' શબ્દનો એક પ્રકાર છે. ભવિષ્યના કલ્યાણ નો સંકેત આપે છે આ દૃષ્ટિકોણ થી, ભૂતકાળ માટે પસ્તાવો જ નુકસાન પહોંચાડે છે.કવિ તુલસી દાસજીએ સ્પષ્ટ લખ્યું છે ખેતીનો પાક સુકાઈ જાય પછી વરસાદ આવે શું થાય પછી, પસ્તાવો, રડવું વગેરે નકામું છે, તમે ગમે તેટલો પસ્તાવો કરો,કોઈ ફાયદો નથી સમયની ગતિ તે પ્રમાણે વર્તવું અને આગળવધવું એજ એક ભૂલનો પશ્ચાતાપ કરીને આ ત્રણેયથી ઉપર ઊઠવાનો સંપૂર્ણ સંદેશ ભગવાન શ્રી કૃષ્ણ આપણને ચોક્કસપણે બતાવે છે શાણપણ ની સ્થિતિ (સ્થિર અથવા કાયમી બુદ્ધિ)આપવામાં આવે છે ' ભુલકણ' એ નકારાત્મક ઘટનાઓ અને આવા અન્ય દશ્યોના અંધકારમય ઓરડામાંથી બહાર આવવાનું



અને પ્રકાશના નવા ગંતવ્યની શોધનું સ્વરૂપ છે, આ માટે માત્ર શ્રેષ્ઠ વિચાર કરવામાં આવે છે. -જીવનમાં ધ્યાન, યોગ, પ્રાણાયામ અને સક્રિયતાના નવા આયામ શરૂ કરવા જોઈએ. આ સંદર્ભમાં એક વિદ્વાને સાચું જ કહ્યું છે કે ભૂતકાળએ ભવિષ્ય ની પ્રયોગશાળા છે. વર્તમાનએ ભૂતકાળની આપણી ખામીઓ અને ભૂલોમાંથી શીખવાનું અને ભવિષ્યમાં તેનું પુનરાવર્તન ન કરવાનું પ્લેટફોર્મ છે. આ વાત પર નિશાન સાધતા'કહલીલ જિબ્રાને' ખૂબ જ સચોટ રીતે કહ્યું છે કે, 'ગઈકાલ આજની સ્મૃતિ છે અને આવતીકાલ આજનું સ્વપ્ન છે. તેથી, આપણી પાસે વર્તમાન છે, તેથી, આ સમયની દરેક ક્ષણનો શ્રેષ્ઠ ઉપયોગ કરો અને પરમંજલ સાથે વિતાવો જે સમય ચિંતામાં વિતાવ્યો, ચમક્યો, ડસ્ટબીનમાં ગયો,અને જે સમય ચિવનમાં વિતાવ્યો. , સમજો કે તે ખૂબ જ સુંદર તિજોરીમાં સંગ્રહિત છે આ સમય અપાર સંપત્તિનો છે. સુતિ એ શોભાનું અનુપમ મોતી છે અને અમૃતસમાન જીવન રક્ષક છે, જેના દ્વારા આપણે માનવ જીવન ને ઉંચાઈએ ઉંચું કરી શકીએ છીએ. 'માર્કટ્વેઈને'કહ્યુંકે આપણે જોઈએ ઉપયોગીતા અને તીવ્રતા ના અંતિમ અર્થને ધ્યાનમાં રાખીને નીચેની પંક્તિઓ સૂચવવામાં આવી હતી ''કાલે કરશો તો આજે કરો, આજે કરશો તો પળવારમાં કયામત આવશે, કબીરદાસજીએ સમયનું મહત્વ ચોક્કસપણે દર્શાવ્યું છે. 'ગઈકાલ'થી 'હવે' સુધીની સફર અને સમયની ઘાતક અસરને ખૂબ સારી રીતે વર્ણવવામાં આવી છે. ક્ષણે ક્ષણે સમયનો સદુપયોગ કરવો એ જીવનની વાસ્તવિકતા નો સાર છે.ભવિષ્ય ની ચિંતામાં આજની આ ક્ષણને વેડફી નાખવી એટલે ચિંતિત થવું કે ચિંતાની પકડમાં ફસાઈ જવું એ આત્મવિનાશનો મજબૂત માર્ગ છે.આ વિનાશમાંથી મુક્તિ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તમારી બધી શક્તિ, ચેતના અને ક્ષમતાને આ ક્ષણ માટે સમર્પિત કરવાની, ક્ષણની વ્યક્તિ બનવાની જરૂર છે. ચિંતાઓ કે ડર એ જ રીતે અદ્રશ્ય થઈ જશે. મહાત્મા ગાંધીજીએ આને લગતું મહત્વનું નિવેદન કહ્યું છે - 'સૈનિક ક્યારે ચિંતા કરે છે કે તેના પછી તેના કામનું શું થશે?તે ફક્ત તેની વર્ત માન ફરજો વિશે જ વિચારે છે ચિંતાના તમામ કારણોનું પૃથ્થ કરણ કરતાં જાણવા મળે છે કે ચિંતાનું કારણ મનમાં બેઠેલો એક કાલ્પનિક'ડર' છે,જે બિલકુલ વાસ્તવિક નથી,આપણને 'અશુભ વિચારવાની આદત પડી ગઈ છે આપણે ભાગેડુ બની ગયા છીએ. આપણે કાયર બની ગયા છીએ, વગેરે જે લોકો વર્તમાનનો સામનો કરી શકતા નથી, ભૂતકાળને ભૂલી જવા માંગે છે, તેઓ કાયર છે. આ મુદ્દાને લક્ષ્ય માં રાખીને,ડો. રંગેય રાઘવે સ્પષ્ટ પણે લખ્યું છે કે-જે ભૂત કાળના કપટથી ગાફેલ રહે છે તે કાયર છે. વર્તમાનની ભયંકર અગ્નિ માં બળી ગયા પછી તે પાછો વળે છે.તે સ્પષ્ટ છેકે જેઓ ભવિષ્યના દ્રષ્ટિકોણથી પ્રેરિત વર્તમાનમાંથી છટકી જાય છે, તેઓ વાસ્તવિક જીવન જીવવાને બદલે માત્ર ટકી રહેવાની આશા રાખે છે. પરિણામે, આવા લોકો ક્યારેય વર્તમાનને લક્ષ્યમાં રાખતા નથી, તેઓ ચોક્કસપણે જીવનના સાચા આનંદથી વંચિત રહે છેકે 'ભવિષ્ય વર્તમાન દ્વારા ખરીદવા માં આવે છે. પ્રખ્યાત ચિંતક 'શિલ્ટ'એ પણ કહ્યું છે કે જે વર્તમાનની અવગણના કરે છે તે બધું ગુમાવે છે. આપણે સંપૂર્ણ રીતે જાણવું જોઈએ કે ભવિષ્ય ફક્ત આપણા વર્તમાન દ્વારા જ બનાવી શકાય છે, ભવિષ્યના સંબંધમાં એક સારી અંગ્રેજી કહેવત છે-વર્તમાનની કાળજી લો અને ભવિષ્ય પોતાની સંભાળ લેશે. અર્થ, વર્તમાનની ચિંતા કરો, ભવિષ્ય પોતાનું સંભાળ લેશે. ભવિષ્ય તરત જ આવી રહ્યું છે, તે આપણા દરવાજા ખટખટાવી રહ્યું છે. એક પ્રાચીન દેશના એક મહાન વિદ્વાન હંમેશા ભગવાનને પ્રાર્થના કરતા-હે! ભગવાન, કૃપા કરીને મને એવી શક્તિ આપો કે હું આવતીકાલની આંખો દ્વારા આજે જોઈ શકું, દરેક કાર્ય કરતી વખતે આપણે વિચારવું જોઈએ કે તેની આપણી આવતીકાલ અને આપણા ભવિષ્ય પર શું અસર થશે. તેથી, ભવિષ્યના સ્વસ્થ સ્વભાવ વિશે સંપૂર્ણ વિશ્વાસ રાખવા માટે, આપણે વર્તમાનમાં જ પાયો નાખવો પડશે. 'સેમ્યુઅલ જોન્સન'એ ખૂબ જ સ્પષ્ટ કહ્યું છે ભવિષ્ય વર્તમાન દ્વારા ખરીદવામાં આવે છે.'' વર્તમાનમાં આપણે કરેલા અપ્રિય કાર્યોના આધારે સુખી ભવિષ્યની આશા રાખવી યોગ્ય નથી. જેમ બાવળ રોપીને અને રસદાર કેરી ની આશા રાખવાથી નિરાશા મળે. બાવળ તમને કડવા પૈડીયા અને અણીદાર કાંટાનો અનુભવ થશે, સત્યમાં આપણે વાસ્તવિકતામાં જ જીવવું જોઈએ ચિંતા આપણ ને સજાગ રાખે છે અને આપણી અંદર ફરજની ભાવના વારંવાર જાગૃત કરે છે. આપણા મનની ચિંતાઓ સામાન્ય રીતે વર્તમાન ક્ષણ વિશે નથી, પરંતુ ભૂતકાળની કેટલીક ઘટનાઓ વિશે અથવા ભવિષ્યની છુપાયેલી અજાણી વસ્તુઓ વિશે છે. આ બે સમયની ચિંતાઓ આપણી આંતરિક શક્તિ નો નાશ કરે છે અને આપણને એટલી હદે નિર્બળ બનાવી દે છે કે આપણે આપણા વર્તમાન સમયને સંપૂર્ણ રીતે નષ્ટ કરી દઈએ છીએ અને દુઃખના પ્રબળ પ્રવાહમાં લીન થઈ જઈએ છીએ.જ્યાં માત્ર દર્દ અને વેદનાથી લોકો જ રડી રહ્યા છે. તમારે તમારા ભૂતકાળ પર સ્ટીલ નો દરવાજો નિશ્ચિતપણે મૂકવો જોઈએ. નહિંતર, ભૂતકાળની ચિંતાઓ જો મન પર બોજ બની રહેશે, તો આપણે ચોક્કસ પણે વર્તમાનને સરળતાથી ગુમાવીશું બીજીબાજુ, જો આપણે આજે અને આ સમય ગઈકાલે વિતાવીશું, તો આપણે ચોક્કસ પણે આજની સુંદર સિદ્ધિઓથી પોતાને શણગારીશું એક સમયે, આ ભૂતકાળથી સંબંધિત, ભગવાન બુદ્ધના ઉપદેશોથી ક્રોધિત વ્યક્તિ, જ્યારે તેના ક્રોધ શાંત થયો, જ્યારે તેના દુષ્કર્મ માટે પસ્તાવાની આગ સળગવા લાગી ત્યારે તે બુદ્ધની શોધમાં તે જ જગ્યાએ પહોંચ્યો, જો કે તે અન્ય ગામોમાં પહોંચી ગયો હતો, છતાં તે બુદ્ધના પગમાં પડ્યોજ્યાં તે ઉપદેશ આપી રહ્યો હતો અને ભીખ માંગવા લાગ્યો. ભગવાન બુદ્ધે ખૂબ જ નમ્રતાથી, સમજદારીથી અને પ્રેમથી સમજાવ્યું હતું કે,''ગઈકાલે હું તેને ત્યાં છોડીને અહીં આવ્યો હતો અને તમે હજી ત્યાં જ અટવાયેલા છો. ચાલ, વત્સ! તને તમારી ભૂલ સમજાઈ ગઈ છે,તમે પસ્તાવો કર્યો છે પણ તમે હવે શુદ્ધ નથી.હવે તમે આજે પ્રવેશ કરો, કારણ કે ખરાબ વસ્તુઓ અને ઘટનાઓ ને યાદ રાખવાથી વર્તમાન અને ભવિષ્ય બંને બગાડે છે.ગઈકાલ ના કારણે આજે ક્યારેય બગાડશો નહીં.''તે વ્યક્તિનો આખો બોજ ઊતરી ગયો અને તેણે બુદ્ધના પગમાં પડીને ક્રોધ, ત્યાગ અને ક્ષમાની પ્રતિજ્ઞા લીધી. બુદ્ધે તેના મન પર આશીર્વાદનો હાથ મૂક્યો અને તેને ફરીથી ધારદાર કર્યો.તેમના જીવન માં પ્રેમ, કરુણા અને નિર્ભયતાનો નવો પ્રવાહ વહેવા લાગ્યો.આરીતે આપણે ભૂતકાળને શ્રાપ આપવાનું બંધ કરવું જોઈએ અને ભૂતકાળને દફનાવવો જોઈએ.એ સાચું છે. કોઈ વિચારકે સાચું જ કહ્યું હતું - 'પહેલા મેં સમયનો નાશ કર્યો,હવે સમય જ મારો નાશ કરી રહ્યો છે. તેઓનો સ્પષ્ટ અર્થએ છે કે સમય એ જીવન છે.તે શાબ્દિક રીતે સાચું છે કે ભૂતકાળને કોઈ પણ સંજોગોમાં પાછો લાવી શકાતો નથી.એટલા માટે આપણે માણસો વિશે વિચારવું જોઈએ અને આ સમયની દરેક ક્ષણનો સારો ઉપયોગ કરવો જોઈએ, સમય તેની ગતિએ આગળ વધતો રહે છે. તે ન તો કોઈની રાહ જુએ છે, ન કોઈ માટે તેની ગતિ ધીમી કરે છે,ન તે ક્યારેય અટકે છે, સમયનો સદુપયોગ કરવાની સારી આદતને કારણે ''થોમસ આલ્વા એડિસન'' એક મહાન વૈજ્ઞાનિક બન્યા અને લગભગ પચીસસો શોધો કરી. તેમના જીવનમાં ઘણી નાનીમોટી બાબતો ને જોડીને સ્પષ્ટ થાય છે કે સમય ભગવાન છે. તેથીજ સમયને સમય પણ કહેવામાં આવે છે. સમયના ગર્ભમાં બધું સમાયેલું છે જે લોકો આ સમયને ખૂબ સારી રીતે સમજે છે તેઓ તેમના જીવનમાં ઈતિહાસ રચે છે અને આ સ્થાન પર અમીટ છાપ છોડી જાય છે. આથી આપણે સમયનો સદુપયોગ કરીને આગળ વધતા રહેવું પડશે અને ભૂતકાળ માં સરકવું નહીં. તેથી જ તે સમય કહેવાય છે. સમય છે,સમયની ગતિ છે,જે ન ચાલે તેને ગુનેગાર ગણો. જેઓ સમય બગાડે છે તેઓ પોતે જ કપાઈ જશે,સમય બેધારી તલવાર છે. વાચક ચાહક મિત્રો,સૌને જય માતાજી સુપ્રભાત ધો.૧૨નું ઉજ્જવળ પરિણામ જાહેર થયેલ હોઈ હદય મન શાંત મૌજીલું હશે આ લેખમાં કડવી વાસ્તવિકતા છે જે ઔષધરૂપ સાબિત થશે તેવી આશા સહ અસ્તુ.

# નવરાશની પળમાં રૂમની સફાઈ કરવામાં શરમ ન નડે

## એક કાર્યક્રમમાં શાહરૂખ અને દીપિકા એકસાથે હાજર હતા અને કરણ જોહર તેમને પ્રશ્ન પુછ્યો હતો

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન ળી હોય ત્યારે શું કરે છે? બાદશાહ ખાન જ્યાં પણ જાય છે, તે ગમે તે કરે છે, કેમેરા તેની દરેક ગતિવિધિ પર નજર રાખે છે. પણ જ્યારે તેમની આસપાસ કેમેરા ન હોય ત્યારે શું થાય છે? કિંગ ખાને એક કાર્યક્રમ દરમિયાન આ પ્રશ્નનો જવાબ આપ્યો. આ કાર્યક્રમમાં શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણ એકસાથે હાજર હતા અને કરણ જોહર તેમની સાથે વિવિધ મુદ્દાઓ પર વાત કરી રહ્યા હતા. આ દરમિયાન, કરણ જોહરે પૂછ્યું કે શાહરૂખ ખાન શું કરે છે જ્યારે તે સંપૂર્ણપણે ળી હોય છે અને કેમેરા તેનો પીછો કરતા નથી. મુંબઈમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન, શાહરૂખ ખાને આ પ્રશ્નનો જવાબ આપ્યો, ''ખરેખર કરણ, તને આ ખબર હોવી જોઈએ, દીપિકાને પણ આ ખબર હોવી જોઈએ. મારા નજીકના મિત્રો જેમને હું ખૂબ પ્રેમ કરું છું તેમણે પણ આ જોયું હશે. હું કંઈ કરતો નથી. મેં આ પહેલેથી જ કહ્યું છે, મારા પિતાએ મને શીખવ્યું છે. જે કંઈ કરતા નથી, તેઓ અજાયબીઓ કરે છે. તેથી હું કંઈ કરતો નથી મિત્ર. હું હું ખરેખર કંઈ કરતો નથી. શાહરૂખ ખાને પોતાની વાત આગળ વધારતા કહ્યું, ''હું ઘરકામ કરું છું. જો ઘર સાફ થઈ રહ્યું હોય અને મારી પત્ની મને તે રૂમ સાફ કરવાનું કહે, તો હું તે કરું છું. અને આ વાત એકદમ સાચી છે. જો મારો દીકરો કહે કે મારી નોટબુકમાં કવર નથી, તો આજકાલ નોટબુક પણ ઉપલબ્ધ નથી. અથવા જો તમે મારા આઈપેડને થોડું અપડેટ કરો છો, તો હું તે કરું છું. હું ખૂબ નાના કામ કરું છું. અથવા હું કંઈ જ કરતો નથી.શાહરૂખ ખાને કહ્યું કે તે વધારે પડતું કામ કરવાનું, વધારે પડતું વિચારવાનું, કંઈપણ વધારે પડતું કરવાનું ટાળે છે, હું એક પ્રકારની ધ્યાનની સ્થિતિમાં જતો રહું છું. તો હું મારા ઘરમાં આ રીતે બેઠો છું. જ્યારે હું સેટ પર ન હોઉં, ત્યારે હું કંઈ કરતો નથી. હું આ પ્રામાણિકપણે કહી રહ્યો છું. પણ સ્વાભાવિક છે કે હું મારા મિત્રોને ખુશ રાખું છું.




# ધ્રુસકે ધ્રુસકે રડતાં વીડિયો પાછળનું સત્ય જણાવ્યું

બોલિવૂડના પ્રસિદ્ધ દિવંગત અભિનેતા ઈરફાન ખાનના પુત્ર અને એક્ટર બાબિલ ખાનનો આજે રવિવારે સવારે રડવાનો વીડિયો વાઈરલ થયા બાદ તેના પરિવારે આ મુદ્દે સ્પષ્ટતા આપી છે. પરિવારજનોએ તેના સાથી કલાકારોના નામ આપવા પાછળનું વાસ્તવિક હેતુ પણ જણાવ્યો છે. બાબિલના પરિવારે કહ્યું કે અભિનેતા સુરક્ષિત છે અને તેના પણ અન્યની જેમ હાલ મુશ્કેલ દિવસો પસાર થઈ રહ્યા છે. બાબિલે વીડિયોમાં જે નામોનો ઉલ્લેખ કર્યો છે. તે લોકો તેને ધમકાવી કે ટ્રોલ કરી રહ્યા નથી. પરંતુ તેઓએ તેને મદદ કરી છે, ટેકો આપી રહ્યા છે. તેઓ સારૂ કામ કરી રહ્યા હોવાથી બાબિલે તેમના નામનો ઉલ્લેખ કર્યો છે. બાબિલે પોતાના વીડિયોમાં અનન્યા પાંડે, શનાયા કપૂર, સિદ્ધાંત ચતુર્વેદી, રાઘવ જુયાલ, આદર્શ ગૌરવ, અર્જુન કપૂર અને અરિજિત સિંહનું નામ લીધુ હતું. તેમજ બોલિવૂડને તદ્દન નકલી ઈન્ડસ્ટ્રી ગણાવી તેનું ખૂબ જ દિલ દુભાવ્યુ હોવાનું જણાવ્યું હતું.બાબિલના પરિવારજનોએ જણાવ્યું કે, છેલ્લા ઘણા વર્ષોથી બાબિલ ખાનની સારા અભિનય માટે પ્રશંસા થઈ રહી છે. જો કે, તે તણાવ (એન્ઝાયટી)માંથી પસાર થઈ રહ્યો છે. તેણે આ અંગે પોતે પણ જાહેરમાં જણાવ્યું હતું. બાબિલ હાલ કપરાં દિવસોનો સામનો કરી રહ્યો છે. અમે તેના ચાહકોને જણાવવા માગીએ છીએ કે, તે સુરક્ષિત છે, અને ટૂંકસમયમાં જ સ્વસ્થ થશે. બાબિલનો સવારનો વીડિયો ખૂબ જ ખોટા સંદર્ભમાં લેવામાં આવ્યો છે. તેણે જેના-જેના નામ લીધા છે. તે તમામે તેને મદદ કરી હોવાથી લીધા છે. તેણે વીડિયોમાં કહ્યું છે કે, અમુક સારા લોકો છે, જે આ ઈન્ડસ્ટ્રીને સારી બનાવવા પ્રયાસ કરી રહ્યા છે. તેમ છતાં વીડિયોનું ખોટુ અર્થઘટન કરવામાં આવ્યું.વધુમાં ટીમ બાબિલે જણાવ્યું કે, વીડિયો ક્લિપમાં બાબિલે કેટલાક સાથીદારોનો હૃદયપૂર્વક સ્વીકાર કર્યો છે. તે માને છે કે, અનન્યા પાંડે, શનાયા કપૂર, સિદ્ધાંત ચતુર્વેદી, રાઘવ જુયાલ, આદર્શ ગૌરવ, અર્જુન કપૂર અને અરિજિત સિંહ જેવા કલાકારો બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં વાસ્તવમાં સારૂ યોગદાન આપી રહ્યા છે. બાબિલે તેમની પ્રામાણિકતા, જુસ્સો અને ઈન્ડસ્ટ્રીમાં વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવાના પ્રયાસોને વખાણ્યા છે.



# અજય દેવગનની ફિલ્મ 'રેડ ૨'એ બે દિવસમાં 30 કરોડ કમાયા

અજય દેવગનની ફિલ્મ 'રેડ ૨' સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે. ફિલ્મના બીજા દિવસની કમાણીનો ડેટા પણ જાહેર થયો છે. ફિલ્મે પહેલા દિવસની સરખામણીમાં બીજા દિવસે ઓછી કમાણી કરી છે. અજય દેવગન અને રિતેશ દેશમુખની ફિલ્મ રેડ ૨ ગુરુવારે સિનેમાઘરોમાં રિલીઝ થઈ. આ ફિલ્મે પહેલા દિવસે જ શાનદાર કમાણી કરી હતી. હવે ફિલ્મના બીજા દિવસનો ડેટા પણ બહાર આવી ગયો છે. બીજા દિવસે એટલે કે શુક્રવારે ફિલ્મે પહેલા દિવસ કરતા ઓછી કમાણી કરી છે. જોકે, ફિલ્મે પહેલા અને બીજા દિવસે મળીને લગભગ ૨૮.૪૬ કરોડ રૂપિયાની કમાણી કરી છે.ડેટા અનુસાર, અજય દેવગનની ફિલ્મ રેડ ૨ એ લગભગ ૯.૨૧ કરોડ રૂપિયાની કમાણી કરી છે. જ્યારે પહેલા દિવસે એટલે કે ગુરુવારે ફિલ્મે ૧૯.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ રીતે, પહેલા દિવસની સરખામણીમાં બીજા દિવસે રેડ ૨ની કમાણી ઘટી ગઈ છે. રેડ ૨ એ અત્યાર સુધીમાં ભારતમાં લગભગ ૨૮.૪૬ કરોડ રૂપિયાની કમાણી કરી છે.અજય દેવગનની ફિલ્મ રેડ ૨ વિશે વાત કરીએ તો, આ ફિલ્મ ૨૦૧૮ માં આવેલી ફિલ્મ રેડની સિક્વલ છે. રેઈડ ૨ માં અજય દેવગન સાથે રિતેશ દેશમુખ પણ જોવા મળશે. આ એક ક્રાઈમ એક્શન ડ્રામા ફિલ્મ છે. રેઈડ ૨ માં, અજય દેવગણ અમય પટનાયકની ભૂમિકા ભજવે છે જે રિતેશ દેશમુખના પાત્રના ઘરે દરોડો પાડવા જાય છે.રિતેશ દેશમુખ અને અજય દેવગન ઉપરાંત, વાણી કપૂર, રજત કપૂર અને સુપ્રિયા પાઠક જેવા કલાકારો રેડ ૨ માં જોવા મળ્યા છે. ફિલ્મમાં તમન્ના ભાટિયાનું એક આઈટમ સોંગ પણ છે. આ ફિલ્મનું દિગ્દર્શન રાજ કુમાર ગુપ્તા દ્વારા કરવામાં આવ્યું છે




### વાયરલ વીડિયોમાં તેમની હાલત ગંભીર

# ઈન્ડિયન આઇડલ ૧૨ ના વિજેતા પવનદીપ રાજનનો કાર અકસ્માત

ઈન્ડિયન આઈડલ ૧૨ ના વિજેતા પવનદીપ રાજનનો મોડી રાત્રે અકસ્માત થયો છે. આ એક મોટો કાર અકસ્માત લાગે છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પવનદીપ રાજને ઈન્ડિયન આઈડોલ ૧૨ જીત્યો . તે શોના સૌથી લોકપ્રિય વિજેતાઓમાંનો એક છે. તેને ઘણા લોકો દ્વારા પ્રેમ કરવામાં આવ્યો છે અને તેના ચાહકોની સંખ્યા પણ ઘણી છે. જોકે, તેના બધા ચાહકો માટે એક ખરાબ સમાચાર છે. સોમવારે સવારે લગભગ ૩:૪૦ વાગ્યે અમદાવાદમાં તેમનો કાર અકસ્માત થયો છે. તેમને ગંભીર ઈજાઓ થઈ છે અને તેમની સારવાર ચાલી રહી છે. ગાયકનો એક વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં, આપણે જોઈએ છીએ કે પવનદીપ ગંભીર હાલતમાં છે. પવનદીપ રાજને ૨૦૨૧ માં ઈન્ડિયન આઈડોલ ૧૨ જીત્યો હતો . તેણે અરુણિતા કાંજીલાલ, મોહમ્મદ દાનિશ, સાયલી કાંબલે, નિહાલ તૌરો અને ષણમુખા પ્રિયાને હરાવ્યા હતા. તેણે ગ્રાન્ડ ટ્રોફી અને ૨૫ લાખ રૂપિયા ઈનામ તરીકે જીત્યા હતા. પવનદીપ ૨૦૧૫ માં ધ વોઈસ ઈન્ડિયાનો વિજેતા પણ હતો. તે ઉત્તરાખંડના ચંપાવત જિલ્લાનો છે અને તેની સહ-સ્પર્ધક અરુણિતા કાંજીલાલ સાથે જોડાયેલો હતો. તેઓએ હંમેશા સ્પષ્ટતા કરી છે કે તેઓ ફક્ત મિત્રો છે અને ઘણા મ્યુઝિક વીડિયોમાં સાથે કામ કર્યું છે. તેઓ લાઈવ કોન્સર્ટ પણ કરી રહ્યા છે.

# ૪૧ વર્ષીય એક્ટ્રેસ કરિશ્મા તન્નાએ શેર કર્યા લેટેસ્ટ ફોટોશૂટના ફોટો

## પોતાની પાસે કોઈ પ્રોજેક્ટ હોય કે ના હોય પણ લાઈમલાઈટમાં રહેવાનું ચૂકતા નથી

આજકાલ સેલેબ્સ પોતાની પાસે કોઈ પ્રોજેક્ટ હોય કે ના હોય પણ લાઈમલાઈટમાં રહેવાનું ચૂકતા નથી અને એમાં તેમની મદદ કરે છે સોશિયલ મીડિયા. આવી જ એક એક્ટ્રેસ છે કરિશ્મા તન્ના. કરિશ્મા તન્ના સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. ૪૧ વર્ષીય કરિશ્મા ભલે મોટા પડદા પરથી દૂર રહેતી હોય પણ સોશિયલ મીડિયા પર તે સુપર એક્ટિવ છે.ઈન્સ્ટાગ્રામ પર વાઈરલ થઈ રહેલાં ફોટોમાં કરિશ્મા તન્ના એકદમ બ્યુટીફૂલ લાગી રહી છે અને રાજકુમારી જેવી લાગી રહી છે. કરિશ્માનો દેસી અંદાજ ફેન્સને ખૂબ જ પસંદ આવી રહ્યો છે. તેણે આ ફોટોશૂટ માટે ગ્રીન કલરનો લહેંગો પસંદ કર્યો છે. ખુલ્લા વાળ અને ગ્રીન કલરની જ્વેલરીમાં કરિશ્મા એકદમ પરી જેવી રૂપાળી લાગી રહી છે.યુઝર્સ આ ફોટો પર લાઈક્સ અને કમેન્ટ કરીને પ્રેમ વરસાવી રહ્યા છે. એક યુઝરે કરિશ્માના આ ફોટો પર કમેન્ટ કરતાં લખ્યું હતું કે બ્યુટીફૂલ. બીજા એક યુઝરે લખ્યું છે કે તું ખૂબ જ સુંદર લાગી રહી છે. ત્રીજા એક યુઝરે લખ્યું હતું કે તમે એકદમ હીરામંડીની એક્ટ્રેસ જેવી લાગી રહી છે. કરિશ્માના કરિયરની વાત કરીએ તો કરિશ્મા તન્નાએ ટીવીથી લઈને ફિલ્મોમાં પણ પોતાની એક્ટિંગનો જાદુ ચલાવ્યો છે. ૨૦૦1માં તેને ક્યોંકી સાસ ભી કભી બહુથીથી પોતાના એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. ત્યાર બાદ બાલવીર, નાગિન-૩, કયામત કી રાત જેવી ટીવી સિરીયલ્સમાં કામ કર્યું હતું. આ સિવાય તેણે દોસ્તીઃ ળેન્ડ્સ ફોરેવર, ગ્રેન્ડ મસ્તી અને સંજુ જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું છે.





કરણના શોમાં બંનેએ એકબીજા વિશે ઘણી કટાક્ષભરી ટિપ્પણીઓ કરી હતી

# બિપાશા સાથે કેટફાઇટના આક્ષેપ પર વર્ષો પછી અમીષાએ ચુપ્પી તોડી

બિપાશા બાસુએ એક વખત કરણ જોહરના શોમાં અમીષા પટેલ પર ટિપ્પણી કરી હતી, જેના પર અમીષાએ હવે ટિપ્પણી કરી છે અને સમજાવ્યું છે કે તેણીએ ત્યારે કેમ જવાબ ન આપ્યો. બોલિવૂડ અભિનેત્રીઓ વચ્ચે બિલાડીની લડાઈઓ થતી રહે છે. ઘણી વખત એવા સમાચાર આવે છે કે કોઈ અભિનેત્રીનો બીજી અભિનેત્રી સાથે ઝઘડો થયો છે. એક સમય હતો જ્યારે અમીષા પટેલ અને બિપાશા બાસુ વચ્ચેની કેટફાઈટના સમાચાર ખૂબ વાયરલ થયા હતા. કરણ જોહરના શોમાં બંનેએ એકબીજા વિશે ઘણી કટાક્ષભરી ટિપ્પણીઓ કરી હતી.અમીષાને કરીના કપૂર ખાન અને બિપાશા બાસુ સાથેની તેની કેટફાઈટ વિશે પૂછવામાં આવ્યું હતું, જેના પર અભિનેત્રીએ ઈન્ટરવ્યુમાં સ્પષ્ટતા કરી હતી કે તેણીએ ક્યારેય કોઈની સાથે લડાઈ નથી કરી. જ્યારે બિપાશાએ તેણીને શારીરિક રીતે શરમાવી ત્યારે તેણીને તે ઘટના વિશે પૂછવામાં આવ્યું, ત્યારે અભિનેત્રીએ કહ્યું, મેં ક્યારેય જવાબ આપ્યો નહીં. મને લાગે છે કે તમે તમારી અંદર રહેલી અસલામતી વિશે વાત કરો છો. જોકે, તમારે જાહેર પ્લેટફોર્મ પર આવું કંઈ ન કરવું જોઈએ. પણ તેણે કર્યુ.અમિષાએ આગળ કહ્યું કે તેને અર્જુન રામપાલ સાથે ફરીથી કરણના શોમાં જવાનું હતું, પરંતુ પછી અભિનેતાની તબિયત બગડી ગઈ અને તે બંને શોમાં જઈ શક્યા નહીં. પછી કરણે અમીષાને પૂછ્યું કે શું તે આવતા અઠવાડિયે આવી શકે છે, તેથી મેં કરણને કોઈ ટિપ્પણી ન કરવાનું કહ્યું અને તેણે કહ્યું કે ઓહ, તારી પાસે દક્ષિણ મુંબઈની સારી રીતભાત છે. મેં કહ્યું હા, હું આવી જ છું. મેં મારી કારકિર્દીમાં ક્યારેય કોઈને નિરાશ કર્યા નથી.. અમીષાના વ્યાવસાયિક જીવન વિશે વાત કરીએ તો, તે છેલ્લે ગયા વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ 'તૌબા તેરા જલવા'માં જોવા મળી હતી. હાલમાં, અભિનેત્રીએ તેના આગામી પ્રોજેક્ટ્સ અંગે કોઈ જાહેરાત કરી નથી.



# એશ્વર્યા જેવી હેરસ્ટાઇલ કરવા બદલ કેટરીના ટ્રોલ થઈ

## બોલિવૂડ અભિનેત્રી કેટરિના કૈફ આજકાલ સતત લાઈમલાઈટથી દૂર રહેવાનો પ્રયાસ કરી રહી છે

બોલિવૂડ અભિનેત્રી કેટરિના કૈફ આજકાલ સતત લાઈમલાઈટથી દૂર રહેવાનો પ્રયાસ કરી રહી છે. કેટરિના ઝોયા અખ્તરના ઘરે પહોંચી. જ્યારે કેટરિના કૈફ અહીંથી મેકઅપ વગર બહાર આવતી જોવા મળી ત્યારે બધાની નજર તેના પર ટકેલી હતી. કેટરિના મોટા અને ખુલ્લા પોશાકમાં જોવા મળી હતી અને તેની સાથે 'બાર બાર દેખો'ના દિગ્દર્શક નિત્યા મહેરા પણ હતા.ખરેખર, ઝોયાનું ઘર કેટરિનાના જીવનમાં ખાસ સ્થાન ધરાવે છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે કેટરિના પહેલી વાર વિક્કી કૌશલને ઝોયાના ઘરે આયોજિત પાર્ટીમાં મળી હતી. થોડા જ સમયમાં, તેઓ બોલિવૂડના સૌથી પ્રિય કપલ્સમાંના એક બની ગયા. જોકે, તેઓએ ઘણા વર્ષો સુધી પોતાના સંબંધો છુપાવીને રાખ્યા. કેટરિના ઝોયાના ઘરે કેમ પહોંચી તે ખબર નથી. કેટરિનાને ઘરમાંથી બહાર આવતી જોઈને લોકો ઐશ્વર્યાને યાદ કરવા લાગ્યા.કેટરિનાની ઝલક જોઈને લોકોએ ટિપ્પણીઓ કરવાનું શરૂ કરી દીધું છે. એકે કહ્યું - કેટરિના, તે બીમાર હોય તેમ મેકઅપ વગર કેમ ફરે છે, એ જ કંટાળાજનક હેરસ્ટાઈલ, એ જ ડ્રેસ, તે સંપૂર્ણ દાદી જેવી દેખાય છે. જ્યારે એકે લખ્યું- કેટરિના હવે સંસ્કારી બની ગઈ છે. અને હંમેશની જેમ, કેટલાક લોકોએ ફરીથી પૂછ્યું છે કે શું કેટરિના ગર્ભવતી છે? બીજાએ કહ્યું - તે ઐશ્વર્યા રાય જેવી બની રહી છે.કેટરિના અને વિકી કૌશલે વર્ષ ૨૦૨૧ માં લગ્નની તસવીરો સાથે તેમના સંબંધોની પુષ્ટિ કરી હતી. આ પહેલા, બંનેએ પાપારાઝી કેમેરા સાથે ઘણી છુપાવાની રમત રમી હતી. તેઓએ લાંબા સમય સુધી પોતાના અફેરને બધાથી છુપાવીને રાખ્યું. કરણ જોહરે 'કોફી વિથ કરણ'માં ખુલાસો કર્યો હતો કે બંને પહેલી વાર ઝોયા અખ્તરની પાર્ટીમાં મળ્યા હતા. જોકે, વિકી કૌશલે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેમની પહેલી સત્તાવાર મુલાકાત ૨૦૧૯ માં યોજાયેલા સ્ક્રીન એવોર્ડ્સમાં થઈ હતી. તેમણે કહ્યું હતું કે, ''તો હું હોસ્ટ કરી રહ્યો હતો અને મને લાગે છે કે તે પહેલી વાર હતું જ્યારે હું તેમને મળ્યો અને તેમની સાથે વાત કરી. સ્ટેજ પર, દેખીતી રીતે, બધું જ સ્ક્રિપ્ટેડ છે અને અમને ઈયરપીસ દ્વારા નિર્દેશિત કરવામાં આવે છે. પરંતુ બેકસ્ટેજ,આ પહેલી વાર હતું જ્યારે અમારો ઔપચારિક પરિચય થયો. જે બાદમાં લગ્નમાં પરિણમ્યો.



### 'સિકંદર' ઈફેક્ટઃ આ ફિલ્મનું ડાયરેક્શન ક્રિશ આહિરને સોંપવાનું નક્કી પણ થઈ ગયું હતું

# સલમાને સંજય દત્ત સાથેની 'ગંગા રામ' પડતી મૂકી..!

## 'સિકંદર'ના ધબડકાનું કારણ સમજવા સલમાને ફેન્સ સાથે બોલાવ્યા અને ફેન્સની સલાહ માની પ્રોજેક્ટ મોકૂફ રાખ્યો

સલમાન ખાને લાંબા સમય બાદ ફરી સંજય દત્ત સાથે કામ કરવા તૈયારી શરૂ કરી હતી. 'ગંગા રામ' નામની આ ફિલ્મનું ડાયરેક્શન ક્રિશ આહિરને સોંપવાનું નક્કી પણ થઈ ગયું હતું. આ ફિલ્મમાં સલમાન ખાને ગંગા અને સંજય દત્તે રામનો રોલ કરવાનો હતો. એક્શન એન્ટરટેઈનર 'ગંગા રામ'ની તૈયારીઓ ચાલતી હતી ત્યારે 'સિકંદર' રિલીઝ થઈ હતી. 'સિકંદર' ઓડિયન્સને ખાસ પસંદ આવી નહીં અને સ્વાભાવિકપણે સલમાન ખાનને પણ આ નિષ્ફળતા મંજૂર ન હોતી. સલમાન ખાને આગામી ફિલ્મોની આવી હાલત ન થાય તે હેતુથી પોતાના સિલેક્ટેડ ફેન્સને મળવા બોલાવ્યા હતા. 'સિકંદર'ની નિષ્ફળતાના કારણો ચર્ચા દરમિયાન ફેન્સે સલમાનને 'ગંગા રામ'થી દૂર રહેવાની સલાહ આપી હતી. ફિલ્મ હિટ કે ફ્લોપ જવાથી સલમાન ખાનના ફેન બેઝમાં ક્યારેય ફેર પડ્યો નથી અને સલમાન પોતે પણ ફેન્સ સાથે કનેક્ટ રહેવા પ્રયાસ કરતા રહે છે. 'સિકંદર'ની રિલીઝ પછી ફેન્સને ખબર પડી હતી કે સલમાને 'ગંગા રામ'ની તૈયારી શરૂ કરી છે. સલમાન અને સંજય દત્તની જોડી 'ગંગા રામ'ને હિટ બનાવશે તેવી મેકર્સને આશા હતી. જો કે ઓડિયન્સના મિજાજને પારખનારા ફેન્સે સલમાનને 'ગંગા રામ'થી દૂર રહેવા કહ્યું હતું. સલમાનને રૂબરૂ ન મળ્યા હોય તેવા ફેન્સ પણ આ ઝુંબેશમાં જોડાયા અને 'ગંગા રામ' પડતી રાખવા સલમાનને સલાહ આપી હતી. તમામ ફેન્સે એક સૂરે સલમાનને 'ગંગા રામ'થી દૂર રહેવાનું કહ્યા પછી સલમાન ખાને પણ આ બાબતે ગંભીરતાથી વિચારણા કરી. થોડા દિવસો બાદ સલમાને 'ગંગા રામ'ને હોલ્ડ પર મૂકવાનો નિર્ણય લીધો. સલમાન ખાને હવે કબીર ખાન, અલી અબ્બાસ ઝફર અને સૂરજ બરજાત્યા જેવા અન્ય ફિલ્મ મેકર્સની સ્ક્રિપ્ટ તરફ નજર દોડાવી છે. 'ગંગા રામ'થી દૂર રહેવાનું નક્કી કર્યા પછી સલમાને અપૂર્વ લાખિયાના ડાયરેક્શનમાં વોર એક્શન ફિલ્મ ફાઈનલ કરી છે. ૨૦૨૦ના વર્ષમાં ગલવાન વેલીમાં ચીન સાથે થયેલા સંઘર્ષ આધારિત આ ફિલ્મમાં સલમાન ખાન ભારતીય આર્મી ઓફિસરનો રોલ કરવાના છે. દરેક ફિલ્મ સ્ટાર પોતાની ફિલ્મ નિષ્ફળ ગયા પછી તેના કારણો શોધવા મથામણ કરે છે. જો કે સલમાનની જેમ બહુ જૂજ સ્ટાર્સ પોતાના ફેન્સને મળે છે અને ઓડિયન્સના મિજાજને પારખવા માગે છે. સોશિયલ મીડિયા પર તો ફેન્સને પોતાના માનીતા સ્ટારની નિષ્ફળતા ગમતી નથી અને તેઓ આ અંગે બોલતા પણ નથી. જો કે સલમાને સોશિયલ મીડિયાની સાથે રૂબરૂ મુલાકાતો દ્વારા પણ ફેન્સને કનેક્ટ રાખ્યા છે. સલમાન સામે ચાલી તેમને મળવા બોલાવે છે અને ફિલ્મની નિષ્ફળતાને મૂલવે છે. 'સિકંદર'ના ધબડકાને ભૂલાવી સલમાને પણ શાહરૂખની જેમ મોટા પાયે કમબેકનું વિચાર્યું છે ત્યારે આગામી ફિલ્મની પસંદગીમાં સલમાને ફેન્સના અભિપ્રાય પણ લીધા હોવાનું કહેવાય છે.



# આધુનિક કલાકારીને મળ્યો સરસ મેળાનો સંગ ઇમિટેશનના વ્યવસાયને સખી મેળાનો મંચ આપવા માટે રાજ્ય સરકારનો ખૂબ ખૂબ આભાર : પ્રિયંકાબેન વાઘેલા



। (માહિતી) રાજકોટ, તા.૫ ।

ગુજરાત સરકાર દ્વારા મહિલાઓને આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધારવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. સખી મંડળ ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે શ્રેષ્ઠ માધ્યમ બન્યું છે. સખી મેળા ગ્રામ્ય મહિલાઓ માટે રોજગાર અને આત્મવિશ્વાસનું સાધન બની રહ્યા છે. જેનું ઉત્તમ ઉદાહરણ છે જય દ્વારકાધીશ સખી મંડળ.

રાજકોટ શહેરમાં આયોજિત સરસ મેળામાં સ્ટોલધારક, રાજકોટ તાલુકાના તરઘડીયા ગામના શ્રી પ્રિયંકાબેન વાઘેલા જણાવે છે કે, ૦૨ વર્ષથી સખી મંડળ સાથે સંકળાયેલી છું. જય દ્વારકાધીશ સખી મંડળમાં કુલ ૧૦ બહેનો જોડાયેલા છીએ. દર મહિને નિયત રકમની બચત કરીએ છીએ. રીવોલ્વિંગ ફંડ રૂ. ૩૦ હજાર અને રૂ. ૧.૫ લાખની લોન મળી છે. અગાઉ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના લોકમેળામાં ૦૩ લાખથી ૩.૫ લાખ જેટલો નફો થયો હતો. અમે મંડળની બહેનો ઈમિટેશન જ્વેલેરી બનાવીએ પણ છીએ અને તેનું વેચાણ પણ કરીએ છીએ. ઈમિટેશનના વ્યવસાયને સખી મેળાનો મંચ આપવા માટે રાજ્ય સરકારનો ખૂબ ખૂબ આભાર.

આમ, ગુજરાત સરકારની મહિલા સશક્તિક-રણની યોજનાઓ અને ગામસ્તરે મળતી સહાય ગ્રામીણ મહિલાઓની કળાને નિખારવાના દરવાજા ખોલી રહી છે. સખી મંડળ સાથે જોડાયેલી બહેનો પોતાની કમાણીથી પરિવારનું ગુજરાન ચલાવે છે, બાળકોને શિક્ષણ આપે છે. સાથેસાથે પોતાની આગવી ઓળખ પણ બનાવી રહી છે.

ગુજરાત સરકારે આર્થિક રીતે નબળા કુટુંબોના જીવનધોરણમાં સુધારો લાવવા અને મહિલાઓના સશક્તિકરણ માટે સખી મંડળની રચના કરી છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૦માં મિશન મંગલમ્ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ (જી.એલ.પી.સી.)ની રચના કરી હતી. જેના હેઠળ સ્વસહાય જૂથ સાથે જોડાયેલી મહિલાઓને આર્થિક સક્ષમ કરી, કૌશલ્યવર્ધન તાલીમ આપી, બેંક ધિરાણઆપીતથાઆંતરિકમાળખાકીયસુવિધાઓપૂરી પાડીને તેમને સ્વરોજગારી થકી આર્થિક રીતે પગભર બનાવવામાં આવે છે.

## ચાકલીયા પોલિસે વિદેશી દારૂનો ૧,૧૧,૩૬૦નો માલ ઝડપી પાડયો : આરોપી ફરાર



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ચાકલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ. વી.વસાવાની સૂચના મુજબ પોલીસ સ્ટાફના માણસોએ પેટ્રોલિંગ દરમિયાન મળેલ બાતમીના આધારે મલવાસી ગામના સૂનામાળમાંથી એક લાલ કલરની **GJ.20.A.4979** નંબરની ઝાયલો ગાડીમાંથી ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂ અને ટીન બિયરની ૨૬ પેટીઓ ઝડપી પાડી છે.

પોલીસે રૂ.૧,૧૧,૩૬૦ની કિંમતની વિદેશી દારૂ ટીન બિયરની ૮૪૦ બોટલો અને ઝાયલો ગાડી સહિત કુલ રૂ.૫,૧૧,૩૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. જોકે, દારૂની ખેપ લઈ જનાર ઝાયલો ગાડીનો ચાલક નાસી જતા પોલીસે તેના વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લા વિકાસ અધિકારીશ્રીના એક ઉમદા વિચારથી ૧૮૧ બાળકોનું ભવિષ્ય સુંદર બનશે



। (માહિતી) રાજકોટ, તા.૫ ।

જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદનાં અધ્યક્ષ સ્થાને શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એશોશિએશનની ઓફિસ શાપર ખાતે બેઠક યોજી શાળા બહારના બાળકોનો સર્વે કરવા શિક્ષણ વિભાગનાં અધિકારીઓને સુચના આપી હતી. શિક્ષણ વિભાગ દ્વારા ખાસ ઝુંબેશના ભાગરૂપે આ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં સર્વે કરાયો હતો. જેમા ૧૮૧ બાળકો મળી આવ્યા હતા. આ તમામ બાળકોને આવનાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫/૨૬ માં નજીકની પ્રાથમિક શાળાઓમાં નામાંકન કરી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં આવશે.

ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં રોજગારી અર્થે વસવાટ કરતા પરીવારોના બાળકોને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે શાળા બહારના બાળકોનો સર્વે કરવાની સુચના શિક્ષણ વિભાગનાં અધિકારીઓને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદએ સૂચના આપી હતી. જેના અનુસંધાને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દિક્ષિત પટેલ દ્વારા શાપર વેરાવળની તમામ શાળાઓના આચાર્યોશ્રી, સીઆરસી કો-ઓર્ડીનેટરશ્રી, બીઆરસી કો-ઓર્ડીનેટરશ્રી સાથે મિટિંગ કરી, શાળા બહારના બાળકોનો સર્વે કરી તેમનું શાળામાં નામાંકન કરવા અંગેની તાકીદ કરી હતી.

### ૧૦૭૮ સભ્યો માઠી ૮૪૫ સભ્યોએ સાત ઉમેદવારો માંથી ત્રણ ઉમેદવારોને ચૂંટી કાઢ્યા

# ઝાલોદ કેળવણી મંડળની કારોબારી સભ્ય માટેની ચૂંટણીમા ૭૯.૦૬% મતદાન યોજાયું




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ કેળવણી મંડળમાં દર વર્ષે ફારેગ થતાં કારોબારી સભ્ય માટે ચૂંટણી યોજાતી હોય છે. કેળવણી મંડળની ચૂંટણીમાં જે મતદાન કરનાર વ્યક્તિ કેળવણી મંડળનો સભાસદ હોવો જરૂરી હોય છે. આ વર્ષે રોટેશન મુજબ પાટીદાર સમાજના ત્રણ ફારેગ થતાં સભ્યો માટે સાત ઉમેદવારોએ ચૂંટણી જંગમા ઝંપલાવ્યું હતું. કુલ ૧૦૭૮ માંથી ૮૪૫ કેળવણી મંડળના સભાસદો દ્વારા ત્રણ ઉમેદવારોને જીતાડવા માટે મતદાન યોજવામાં આવ્યું હતું. જે મતદાનની ટકાવારી ૭૯.૦૬% થાય છે. કેળવણી મંડળમાં ૧૦૭૮ મતદારો હોવાથી ત્રણ બુથો ઉભા કરવામાં આવ્યા હતા. એક બુથ પર ૩૬૦ જેટલા સભ્યો ક્રમાંક નંબર મુજબ મતદાન કરે તેવી ગોઠવણ કરવામાં આવી હતી. આજનુ મતદાન ચૂંટણી અધિકારી પંકજ. એસ. પારીખની નિગરાણી હેઠળ યોજાયેલ હતું. આ મતદાન સવારે ૮ થી ૧૨ વાગ્યા સુધી થયેલ હતું ત્યારબાદ ૧૨:૩૦ વાગે મતદાન ગણતરી માટેની પ્રક્રિયા ચૂંટણી અધિકારી પંકજ.એસ.પારીખ દ્વારા હાથ ધરવામાં આવેલ હતી. આ મતદાનમાં કુલ ૧૧ મત રદ કરવામાં આવેલ હતા.

ચૂંટણીનુ કાઉન્ટીંગ પતિ જતા ચૂંટણી અધિકારી પંકજ. એસ. પારીખ દ્વારા પાર્થ પટેલ ૫૫૬ મત, દિલીપ પટેલ ૪૬૩ મત અને પરેશ પંચાલને ૪૧૪ મત મળતાં વિજેતા જાહેર કરેલ હતા. ઉમેદવારોની જીતને સમર્થકો દ્વારા ફૂલમાળા પહેરાવી તેમજ મીઠાઈ ખવડાવી ખુશી વ્યક્ત કરેલ હતી. આ ચૂંટણી દરમ્યાન કેળવણી મંડળના અને સ્કૂલના શિક્ષકોએ સુંદર કામગીરી જોવા મળી હતી વિશેષમાં ગોવિંદ જોશીએ ચૂંટણી દરમ્યાન સમગ્ર કામગીરી સફળ રીતે નિભાવી હતી.

### રાજ્યકક્ષા ખેલ મહાકુંભ ૩.૦ – જુડો (અંડર-૧૪ બહેનો) સ્પર્ધાનું સફળ આયોજન

# પોરબંદર ખાતે રાજ્યકક્ષા જુડો સ્પર્ધામાં બાલિકા ખેલાડીઓનો ઉલ્લેખનીય ઉત્સાહ




। (માહિતી) પોરબંદર, તા.૫ ।

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરના પ્રેરણાથી તેમજ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના સહયોગથી જિલ્લા વહીવટી તંત્ર, પોરબંદરના માર્ગદર્શન હેઠળ તથા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, પોરબંદર દ્વારા રાજ્યકક્ષા ખેલ મહાકુંભ ૩.૦ – જુડો (અંડર-૧૪ બહેનો) સ્પર્ધાનું ભવ્ય આયોજન તા. ૦૨/૦૫/૨૦૨૫ થી તા. ૦૩/૦૫/૨૦૨૫ દરમિયાન સરદાર પટેલ રમત સંકુલ, પોરબંદર ખાતે યોજાયું હતું.

આ રમતોમાં વિવિધ જિલ્લાઓમાંથી અંદાજિત ૩૫૦ જેટલી બહેનો ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાની અંતિમ ફાળીમાં જુદા જુદા વજનવર્ગોમાં ૩૨ વિજેતા ખેલાડીઓનો વિજય થયો હતો. વિજેતા ખેલાડીઓને મેડલ, ટ્રેકશૂટ અને પ્રમાણપત્રો વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. સરકારશ્રી દ્વારા રમતવીરોના પ્રોત્સાહન માટે રોકડ ઈનામ પણ જાહેર કરવામાં આવ્યા છે – જેમાં પ્રથમ સ્થાન મેળવનાર ખેલાડીના બેંક ખાતામાં રૂ. ૧૦,૦૦૦/-, દ્વિતીયને રૂ. ૭,૦૦૦/- તથા તૃતીય વિજેતાને રૂ. ૫,૦૦૦/- **RTGS** પદ્ધતિ દ્વારા જમા કરવામાં આવશે.

આ આયોજન ખેલદક્ષતા, શિસ્ત અને રમતગમત પ્રત્યેના આત્મવિશ્વાસને વધુ મજબૂત બનાવતું સાબિત થયું છે. જિલ્લા વહીવટી તંત્ર, ખેલ પ્રશિક્ષકો તથા સંકલન ટીમના કાર્યને ભરપૂર પ્રશંસા મળી રહી છે.

## પોરબંદરઃ પ્રાકૃતિક કૃષિ ખેત પેદાશોની વેચાણ વ્યવસ્થાની જિલ્લા વિકાસ અધિકારીએ સ્થળ મુલાકાત કરી



। (માહિતી) પોરબંદર, તા.૫ ।

પોરબંદર જિલ્લાના પ્રાકૃતિક કૃષિ ખેડુતોને માર્કેટ સાથે સીધો સંપર્ક મળી રહે અને તેમને યોગ્ય ભાવ મળે તે હેતુસર જિલ્લા પ્રસ્થાપિત પદ્ધતિ અનુસાર વેચાણ વ્યવસ્થાની સુચારુ કામગીરી માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

આ સંદર્ભે પોરબંદર ખાતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.બી. ચૌધરી એ સ્થળની મુલાકાત લીધી હતી અને ખેડુતો દ્વારા ઉગાડવામાં આવેલી વિવિધ પ્રાકૃતિક કૃષિ પેદાશોની ખરીદી પણ કરાઈ હતી. તેમણે પ્રાકૃતિક ખેતીના મહત્ત્વ વિશે જણાવતાં ખેડુતોને આ પ્રણાલી અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા તથા ખેડૂતો સાથે સીધી સંવાદસંપર્ક સ્થાપી તેમને યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું હતું.

આ પ્રસંગે વિવિધ વિભાગોના અધિકારીઓ, કૃષિ વિભાગના પ્રતિનિધિઓ તથા સ્થાનિક ખેડૂત મિત્રો સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ઝાલોદમાં મોહસિન એ આઝમ મિશન દ્વારા બીજું સમૂહ નિકાહ સફળતાપૂર્વક યોજાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।



ઝાલોદ, ૪ મે ૨૦૨૫ – મોહસિન એ આઝમ મિશન, ઝાલોદ દ્વારા રવિવારના રોજ બીજું સમૂહ નિકાહ વિધિવત રીતે આયોજિત કરવામાં આવ્યું હતું. આ સેવાભાવી કાર્યક્રમ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી ચાલી હતો, જેમાં ૧૨ ગરીબ અને જરૂરતમંદ યુગલોએ નિકાહ બંધન ગાંઠ્યું.

આ વિશાળ અને ભવ્ય સમારંભમાં અંદાજે ૪૦૦૦ મહેમાનોને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર આયોજન મિશનના સભ્યો, યુવા ટીમ અને લેડીસ ટીમના સહયોગથી શ્રેષ્ઠ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયું.

મોહસિન એ આઝમ મિશન છેલ્લા ત્રણ વર્ષથી સમૂહ નિકાહ યોજી રહી છે, જેમાં ઝાલોદ સહિત અન્ય વિસ્તારોના યુગલોએ પણ ભાગ લીધો છે. દરેક દંપતીને ઘરગૃહસ્થિનું સંપૂર્ણ સેટ, કુરઆન શરીફ, મુસલ્લા, પલંગ-ગોદડા તેમજ દુલ્હનને ચાંદીની પાયલ ભેટ રૂપે આપવામાં આવી હતી. નિકાહ સુન્ની જમા મસ્જિદના ઈમામ દ્વારા પઢાવાયા હતા. આ કાર્યક્રમમાં દરેક સમુદાયના લોકોની ઉપસ્થિતિ રહી હતી, જે સમાજમાં ઐક્ય અને ભાઈચારાનું પ્રતિક બની રહી. મોહસિન એ આઝમ મિશન રાષ્ટ્રીય અને સામાજિક ક્ષેત્રે પોતાની ઓળખ બનાવતી આવતી રહે છે અને આગલા સમયમાં પણ આવી સેવાઓ માટે પ્રતિબદ્ધ છે.

## અસમયના વરસાદના પૂર્વાનુમાનને અનુરૂપ ખેડૂતો માટે અગત્યની સૂચના

। (માહિતી) પોરબંદર, તા.૫ ।


પોરબંદર જિલ્લાના તમામ ખેડૂતોને અગત્યની સૂચના આપવામાં આવી છે કે હવામાન વિભાગના અનુમાન મુજબ તા. ૦૪/૦૫/૨૦૨૫ થી તા. ૦૯/૦૫/૨૦૨૫ દરમિયાન પશ્ચિમી ખલેલ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) ના કારણે પોરબંદર જિલ્લામાં છૂટાછવાયા હળવા વરસાદની સાથે ગાજવીજ થવાની શક્યતા છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ સર્જાય તેવી શક્યતાઓ રહેલી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી અસમયના વરસાદથી ખેતપેદાશને નુકશાન થતું અટકાવવા ખેડૂતોએ તૈયાર રહેવું અનિવાર્ય છે.

## અસમયના વરસાદના પૂર્વાનુમાનને અનુરૂપ ખેડૂતો માટે અગત્યની સૂચના

। (માહિતી) પોરબંદર, તા.૫ ।

પોરબંદર જિલ્લાના તમામ ખેડૂતોને અગત્યની સૂચના આપવામાં આવી છે કે હવામાન વિભાગના અનુમાન મુજબ તા. ૦૪/૦૫/૨૦૨૫ થી તા. ૦૯/૦૫/૨૦૨૫ દરમિયાન પશ્ચિમી ખલેલ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) ના કારણે પોરબંદર જિલ્લામાં છૂટાછવાયા હળવા વરસાદની સાથે ગાજવીજ થવાની શક્યતા છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ સર્જાય તેવી શક્યતાઓ રહેલી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી અસમયના વરસાદથી ખેતપેદાશને નુકશાન થતું અટકાવવા ખેડૂતોએ તૈયાર રહેવું અનિવાર્ય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....


**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. રહેવાના સ્થળમાં પરિવર્તન ખાસ્સું મંગલકારી પુરવાર થશે. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો. આજે તમે નવા વિચારોથી તરબતર હશો તથા પ્રવૃત્તિની તમારી પસંદગી તમારી અપેક્ષા કરતાં અનેક ગણો વધારે લાભ અપાવશે.


**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો.


**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં.


**કર્ક (ડ,હ) :**
આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે.


**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે.


**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે.


**તુલા (ર,ત) :**
આજના દિવસે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો.


**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય. સમય ની નાજુકતા ને સમજી ને, આજે તમે બધા થી અંતર રાખી ને એકાંત માં સમય પસાર કરવા નું પસંદ કરશો.


**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? કોઈક ધાર્મિક સ્થળ અથવા સંતપુરૂષની મુલાકાત લો અને તમારા મગજને આશ્વાસન અને શાંતિ મળશે. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે.


**મકર (ખ,જ) :**
આજના દિવસે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.


**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.


**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.







નવી દિલ્હીમાં દિલ્હી કેન્ટમાં માણેકશો સેન્ટર ખાતે ગાર્ડ ઓફ ઓનર દરમિયાન જાપાનના રક્ષામંત્રી જનરલ નાકાતાની અને રક્ષામંત્રી રાજનાથ સિંહએ ઓનરનું નિરીક્ષણ કર્યું.

### IICT સાથે કામ કરવા વિશ્વની ટોચની કંપનીઓ ઉત્સુકઃ વૈષ્ણવ

# ભારતમાં મીડિયા-એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્રે વૈશ્વિક નેતૃત્વની ક્ષમતાઃ વૈષ્ણવ

### વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન સાથે IICTના સહયોગ માટેની પણ વાટાઘાટો ચાલી રહી છે

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

મુંબઈમાં યોજાઈ રહેલી વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વેઝ)માં નવા જાહેર કરાયેલાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટીવ ટેક્નોલોજી (IICT) સાથે કામ કરવા માટે વૈશ્વિક કંપનીઓ ઉત્સુક હોવાનું કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભારત મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્રે વૈશ્વિક નેતૃત્વ લેવાની ક્ષમતા ધરાવે છે. આ સંસ્થા આ દિશામાં ભરાયેલું પ્રથમ પગલું છે.વેઝ સમિટમાં સાત અગ્રણી કંપનીઓ જીઓસ્ટાર, ગૂગલ, એડોબ, મેટા, એપલ, એનવિડિયા તથા માઈક્રોસોફ્ટે



આઈઆઈસીટી સાથે કામ કરવા માટે લેટર ઓફ ઈન્ટેન્ટ આપ્યાં બાદ વૈષ્ણવે આ નિવેદન આપ્યું હતું. વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ ઈન્સ્ટિટ્યૂટ એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટસ, ગેમિંગ, કોમિક્સ તથા એક્સટેન્ડેડ રિઆલિટી (એવીજીસી-એક્સઆર)ક્ષેત્રે દેશનું મુખ્ય કેન્દ્ર બનશે. આપણાં દેશના યુવા સર્જકોને ભવિષ્ય માટે સજ્જ બનાવવા માટે આઈઆઈસીટી આ ઉદ્યોગના લોકો સાથે મળીને કામ કરશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO) સાથે આઈઆઈસીટીના સહયોગ માટેની પણ વાટાઘાટો ચાલી રહી છે. આ મુદ્દે વૈષ્ણવે શુક્રવારે WIPOના મહાસચિવ ડેરેન ટેંગ સાથે મંત્રણા પણ કરી હતી. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ફિક્કી અને સીઆઈઆઈના સહયોગથી આઈઆઈસીટીની સ્થાપના નેશનલ સેન્ટર ફોર એક્સેલન્સ તરીકે કરાઈ રહી છે.

### આ નિવેદન કાશ્મીરના લોકો માટે ખતરારૂપ બનશેઃ મહેબૂબા મુફ્તી

## પહેલગામ હુમલો સ્થાનિકોના સપોર્ટ વગર થઈ શકે નહીંઃ ફારુક અબ્દુલ્લા

### ફારુક અબ્દુલ્લાએ કહ્યું કે, ઘટના પછી સૌથી મોટો સંદેશ એ છે કે પ્રવાસીઓ ડરનાર નથી

। (એજન્સી) શ્રીનગર, તા.૫ ।

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાએ પહલગામ આતંકવાદી હુમલાને લઈને મહત્વનું નિવેદન આપ્યું છે. અબ્દુલ્લાએ કહ્યું કે, પહલગામ આતંકી હુમલો લોકલ સપોર્ટ વિના થઈ શકે નહીં. કારણ કે આતંકવાદી ત્યાં સુધી કેવી રીતે આવ્યા, એ પ્રશ્ન આજે પણ યથાવત છે. કોઈ લોકલે આતંકવાદીઓને મદદ તો ચોક્કસ કરી છે. ફારુક અબ્દુલ્લાના આ નિવેદન પર પૂર્વ મુખ્યમંત્રી મહબૂબા મુફ્તીએ આકરો વાંધો વ્યક્ત કરીને કહ્યું કે, ફારુક અબ્દુલ્લાનું આવું નિવેદન દેશના બાકીના ભાગોમાં રહેલા કાશ્મીરી લોકો માટે ખતરારૂ બની શકે છે. તેનાથી કેટલીક મીડિયા ચેનલોને કાશ્મીરીઓ અને મુસ્લિમોને બદનામ કરવાનો મોકો મળી શકે છે.ફારુક અબ્દુલ્લાએ કહ્યું કે, લોકલ સપોર્ટ વિના પહલગામ હુમલો થઈ શકે નહીં, પરંતુ મહેબૂબા મુફ્તીએ તેનો ઈનકાર કર્યો છે. મહેબૂબાની દરેક વાતનો જવાબ હું નહીં આપું. કારણ કે મહેબૂબાને પણ ખબર હોવી જોઈએ કે કાશ્મીરમાં બહારના રાજ્યમાંથી આવેલા લોકોને ટાર્ગેટ બનાવવામાં આવે છે. આપણા પંડિત



ભાઈઓને અહીંયાથી ભાગવું પડ્યું. આવું કરનાર કોણ હતું? અબ્દુલ્લાએ વધુમાં કહ્યું કે, મહેબૂબા આતંકવાદીઓના ઘરે જતી હતી. તેમણે આનો જવાબ આપવો જોઈએ. વધુમાં ફારુક અબ્દુલ્લાએ કહ્યું કે, ઘટના પછી સૌથી મોટો સંદેશ એ છે કે પ્રવાસીઓ ડરનાર નથી. જે લોકો ભય ફેલાવવા ઈચ્છતા હતા, એ હારી ગયા છે. આતંકવાદીઓ હારી ગયા છે. આજે સાબિત થઈ ગયું છે કે અમે ડરવાના નથી. કાશ્મીર હંમેશા ભારતનો હિસ્સો હતું અને હંમેશા રહેશે. લોકો ઈચ્છે છે કે આતંકવાદ ખતમ થાય. આતંકવાદને ૩૫ વર્ષથી જોઈ રહ્યા છીએ, આપણે પ્રગતિ ઈચ્છીએ છીએ. આપણે આગળ વધવા ઈચ્છીએ છીએ. આપણે એક દિવસ મહાશક્તિ બનીશું. આ સાથે ફારુક અબ્દુલ્લાએ આતંકવાદ સામેની લડાઈમાં દેશવાસીઓને એકસંપ થવા વિનંતી કરી હતી.

## AMC સ્નાનાગારોમાં પૂરુષ-મહિલા કોચ લેવા ખાનગી કોન્ટ્રાક્ટરને આમંત્રણ!

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

મ્યુનિ.એ કરોડો રૂપિયાનાં ખર્ચે બનાવેલાં સ્નાનાગારોમાં તરવાનું શિખવાડવા માટે જરૂરી પૂરુષ અને મહિલા કોચની કાયમી ભરતી કરવાનું ટાળીને વધુ એક વાર કોચ પૂરા પાડવા ખાનગી કોન્ટ્રાક્ટર-એજન્સીને આમંત્રણ આપવામાં આવ્યું છે.મ્યુનિ.નાં ૧૫ સ્નાનાગારમાં ૩૬ જેટલાં પૂરુષ આસિ.કોચ અને ૩૮ મહિલા આસિ.કોચની જગ્યા ભરવાની જરૂરિયાત છે. આસિસ્ટન્ટ કોચ ઉપર મ્યુનિ.નાં ૧૫ જેટલાં અધિકારી કમ કોચ હોવા જોઈએ. પરંતુ મ્યુનિ.તિજોરી ઉપર ભારણનાં નામે છેલ્લા કેટલાક સમયથી પટાવાળા, ક્લાર્ક, સ્વીમિંગ કોચ વગેરે પ્રકારની ભરતી સદંતર બંધ કરી દેવાઈ છે અને માનીતા તથા ઓળખીતાઓને મેનપાવર પૂરા પાડવાનાં કોન્ટ્રાક્ટ આપી દેવાય છે.મ્યુનિ.માં જુદા જુદા ખાતામાં મેનપાવર પૂરા પાડતી એજન્સીઓ પૈકી મોટાભાગની એજન્સી હજુ પણ તેમનાં કર્મચારીઓને યેનકેન પ્રકારે ઓછો પગાર ચૂકવવાનો ખેલ કરે છે અને યુવાનો-યુવતીઓનું આર્થિક શોષણ કરે છે. મ્યુનિ. સ્નાનાગારોમાં પણ અગાઉ કોચ પૂરા પાડવાનો કોન્ટ્રાક્ટ લેનારી એજન્સીનું આવું જ કૌભાંડ પકડાયું હતું અને તેની પાસેથી મોટી રકમ રિકવર કરવાનો આદેશ તત્કાલીન કમિશનર એમ.થેન્નારસને કર્યો હતો, જેનો અમલ થયો છે કે કેમ તેની કોઈ વિગત જાહેર કરવામાં આવતી નથી.મ્યુનિ. સ્નાનાગાર ખાતામાં અગાઉ કોન્ટ્રાક્ટથી ફરજ બજાવતાં કોચને કાયમી કરવાને બદલે છ છ મહિનાનાં કોન્ટ્રાક્ટ કરી રાખવામાં આવ્યા છે. આ સંખ્યા અપૂરતી હોવાથી સ્નાનાગારોમાં તરવાનું શીખવા આવતાં બાળકો, યુવાનો, યુવતીઓને યોગ્ય અને વૈજ્ઞાનિક ઢબે તરવાનું શિખવે તેવા કોચની અછત વર્તાઈ હોવાની બૂમ પડવાની રાહ જોતાં હોય તેમ સ્નાનાગાર ખાતાનાં અધિકારીઓએ ૩૬ પૂરુષ આસિ. કોચ અને ૩૮ મહિલા કોચ પૂરા પાડવા માટે ટેન્ડર બહાર પાડ્યા છે.આ ટેન્ડરમાં સ્નાનાગાર ખાતે કોઈ અકસ્માત, મરણ કે પોલીસ કેસ થશે તો તેના માટે એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવેલાં કોચની વ્યક્તિગત જવાબદારી અને એજન્સીની પણ જવાબદારી રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

## ૨ રૂપિયાના ભ્રષ્ટાચારના કેસમાં ૨૦ વર્ષે સુપ્રીમ કોર્ટનો ચુકાદો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સુપ્રીમ કોર્ટમાં માત્ર બે રૂપિયાના ભ્રષ્ટાચારનો એક મામલો પહોંચ્યો હતો. બે દસકા પહેલા વર્ષ ૨૦૦૩માં સ્ટેમ્પ પેપર માટે માત્ર બે રૂપિયા વધુ લઈ લીધા હતા, જે બદલ તેની સામે ભ્રષ્ટાચારનો કેસ થયો હતો અને ટ્રાયલ કોર્ટે ૨૦૦૮માં સજા આપી હતી, હાઈકોર્ટે પણ સજા યોગ્ય ઠેરવી હતી. જો કે સુપ્રીમ કોર્ટે આ સજાને રદ કરીને આરોપીને મૂક્ત કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટ સમક્ષ એ સવાલ ઉપસ્તિત થયો હતો કે શું સ્ટેમ્પ વેન્ડર જાહેર કર્મચારી કહેવાય? અને તેની સામે ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ કાર્યવાહી થઈ શકે? સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, 'સ્ટેમ્પ વેન્ડર પબ્લિક સર્વન્ટ કહેવાય, જો કે બે દસકા જુના આ કેસમાં સ્ટેમ્પ વેન્ડરને બે રૂપિયા લાંચ તરીકે લેવા બદલ ટ્રાયલ કોર્ટ દ્વારા જે સજા અપાઈ હતી તેને રદ કરી દીધી હતી. આ ઘટના જનકપુરીની સબ-રજિસ્ટ્રારની ઓફિસમાં ૯ ડિસેમ્બર, ૨૦૦૩ના રોજ સામે આવી હતી. એક સ્ટેમ્પ વેન્ડરે ૧૦ રૂપિયાના સ્ટેમ્પ પેપરના રૂ. ૧૦ ના બદલે ૧૨ રૂપિયા માગ્યા હતા. તેને કેમિકલ લગાવેલી ચલણી નોટો અપાઈ હતી, બાદમાં ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ તેની ધરપકડ કરાઈ હતી અને પીસી કાયદા હેઠળ કાર્યવાહી થઈ હતી. વર્ષ ૨૦૦૮માં ટ્રાયલ કોર્ટે તેને પબ્લિક સર્વન્ટ ગણાવી દોષિત ઠેરવી એક વર્ષની કેદ અને એક હજાર રૂપિયાનો દંડ કર્યો હતો. દિલ્હી હાઈકોર્ટને મામલાનો નિકાલ કરવામાં ૬ વર્ષ લાગ્યા હતા અને સજાને યોગ્ય ઠેરવી હતી.

### ન્યૂઝ બ્રિફ

## વિદેશોમાં નિર્મિત ફિલ્મો પર ૧૦૦% ટેક્સ ઝીંક્યો



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકન ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ફરી જીવીત કરવાના ઉદ્દેશ્યથી એક મોટો નિર્ણય લેતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી કે વાણિજ્ય વિભાગ અને અમેરિકન વેપાર પ્રતિનિધિ ને અમેરિકાથી બહાર બનેલી તમામ ફિલ્મો પર ૧૦૦% ટેરિફ લાગુ કરવાની પ્રક્રિયા હાથ ધરવા આદેશ અપાયો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં ટ્રમ્પે વિદેશમાં અમેરિકન સ્ટુડિયો અને ફિલ્મ નિર્માતાઓને આકર્ષિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે અન્ય દેશોની ટીકા કરી હતી અને આવી સ્થિતિને આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા બંને માટે ખતરો ગણાવ્યો હતી. ટ્રમ્પે કહ્યું કે અમેરિકન ફિલ્મ ઈન્ડસ્ટ્રી ઝડપથી અંત તરફ આગળ વધી રહી છે. ટ્રમ્પે ઘરેલુ ફિલ્મ પ્રોડક્શન પર ભાર મૂકતાં કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે ફિલ્મોનું નિર્માણ ફરીથી અમેરિકામાં થાય. નવા ટેરિફનો ઉદ્દેશ્ય રમતના મેદાનને લેવલમાં લાવવા અને સ્ટુડિયોને અમેરિકન ધરતી પર તેનું ઓપરેશન જારી રાખવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. ટ્રમ્પે સાન ફ્રાન્સિસ્કો ખાડીમાં અલ્કાટ્રાઝ જેલ ફરીથી ખોલવાના પ્લાન અંગે પણ ખુલાસો કર્યો.

## વૃદ્ધ દંપતી માટે જજે રોડ પર જ ચુકાદો સંભળાવ્યો

। (એજન્સી) હૈદરાબાદ, તા.૫ ।

ઘણીવાર લોકો કાનૂની કેસોને કારણે કોર્ટની સીડીઓ ચઢીને કંટાળી જાય છે, પરંતુ તેલંગાણાના નિઝામાબાદમાં ન્યાયાધીશે રસ્તા પર જ એક વૃદ્ધ દંપતીને ન્યાય આપી દીધો. આનું કારણ એ હતું કે વૃદ્ધ દંપતી બીમાર હતા અને તેમના માટે કોર્ટ પરિસરમાં જવું મુશ્કેલ હતું. મેજિસ્ટ્રેટને આ વાતની માહિતી મળતાં જ તેઓ તેમની પાસે આવ્યા હતા. વૃદ્ધ દંપતી રિક્ષા દ્વારા કોર્ટ પરિસરમાં પહોંચ્યા, પરંતુ તેમના માટે અંદર જવું મુશ્કેલ હતું. આવી સ્થિતિમાં ન્યાયાધીશે બહાર આવવાનું યોગ્ય માન્યું. હવે સોશિયલ મીડિયા પર ન્યાયાધીશની પ્રશંસા થઈ રહી છે, તો બીજી તરફ કોર્ટના નબળા માળખા પર પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.એડિશનલ જુનિયર સિવિલ જજ ઈ.એસ. શિવાના સોશિયલ મીડિયા પર ખૂબ વખાણ થઈ રહ્યા છે. રસ્તા પર કેસની સુનાવણીનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તેમાં ન્યાયાધીશ કોર્ટ પરિસરની બહાર રસ્તા પર ઓર્ડર પર સહી કરતા દેખાય છે. ત્યાં એક વૃદ્ધ દંપતી પણ હાજર છે. નિર્ણય લેવા આવેલા વૃદ્ધ પુરુષ કોઈક રીતે રિક્ષાની અંદર બેઠા રહે છે, જ્યારે મહિલા બહાર હાથ જોડીને ઉભી રહેલી જોવા મળે છે. આ કેસ ઘરેલુ વૈવાહિક ક્રૂરતાનો હતો, જેમાં ૨૦૨૧માં વૃદ્ધ દંપતી સામે કલમ ૪૯૮છ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

## ૫ માળની ઇમારતમાં આગ લાગતા પતિ-પત્ની અને 3 બાળકોના મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કાનપુરથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં ચમન ગંજ વિસ્તારમાં ગાંધીનગર ખાતે આવેલી એક પાંચ માળની ઈમારતમાં રવિવારે રાતે ભીષણ આગ લાગી જતાં એક જ પરિવારના પાંચ સભ્યો મૃત્યુ પામી ગયા. માહિતી અનુસાર મૃતકોમાં પતિ-પત્ની અને ત્રણ બાળક સામેલ છે. ૮ કલાક સુધી તેમને બચાવવા પ્રયાસ કરાયા હતા પરંતુ છેવટે બધાના શબ જ હાથ લાગ્યા હતા. ઈમારતમાં લાગેલી ભીષણ આગને ઓલવવા માટે ફાયબ્રિગેડની એક ડઝનથી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી પરંતુ સ્થિતિ ૮ કલાકે કાબૂમાં આવી હતી. ડીસીપી દિનેશ ત્રિપાઠીએ કહ્યું કે બે લોકોની હાલત ગંભીર છે. હાલ મેડિકલ એક્ઝામિનેશન બાદ જ સ્થિતિ સ્પષ્ટ થશે. અમને માહિતી મળી હતી કે ત્રણ લોકો ઈમારતમાં ફસાયેલા છે પરંતુ જ્યાં સુધી અમે કોઈ પરિણામ સુધી પહોંચીએ એ પહેલા જ પાંચ લોકો જીવતા ભડથુ થઈ ગયા હતા. આ ઈમારતના નીચલા ફ્લોર પર શૂઝનું કારખાનું હતું અને કારખાનેદાર જ ઉપર રહેતા હતા. શોર્ટ સર્કિટને કારણે આ આગ ભડકી હોવાની જાણકારી મળી રહી છે. આગની લપેટમાં શૂઝનું કારખાનું આવી ગયું હતું અને જોત જોતામાં જ આખી ઈમારત તેમાં લપેટાઈ ગઈ હતી. પોલીસ અને ફાયરબ્રિગેડના અધિકારીઓ હજુ પણ ઘટનાસ્થળે હાજર છે.

## ઉત્તરાખંડમાં વરસાદ ફરી આફત બન્યો, ક્યાંક ભૂસ્ખલન તો ક્યાંક વૃક્ષો ધરાશાયી

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૫ ।

ઉત્તરાખંડમાં હવામાનમાં અચાનક પલટો જોવા મળ્યો હતો અને ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. આ અણધાર્યા મુશળધાર વરસાદને કારણે ઘણી જગ્યાએ વૃક્ષો ધરાશાયી થયા હતા. વરસાદને કારણે, ઋષિકેશ-બદ્રીનાથ હાઈવે પર શિવપુરી નજીક ભૂસ્ખલનના કારણે રસ્તો બ્લોક થઈ ગયો હતો. જેમાં રસ્તાઓ પર કાટમાળ જમા થયેલો જોવા મળ્યો હતો અને વાહનોની અવરજવરમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો.ભૂસ્ખલનના કારણે ઋષિકેશ-બદ્રીનાથ હાઈવેની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. લોકોએ કાટમાળમાં ફસાયેલા વાહનોને કાઢવાનો પ્રયાસ કર્યો હતો, જો કે, આમાં કોઈને ઈજા થઈ નથી. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું અને SDRFની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી.દહેરાદૂનમાં પણ ઘણી જગ્યાએ ભારે વરસાદની અસર જોવા મળી હતા. માલદેવતામાં નદી કિનારે પિકનિક મનાવી રહેલા ઘણાં લોકોએ સમયસર પોતાને બચાવી લીધા હતા. માલદેવતા નજીક વાદળ ફાટવાથી સાંગ નદીમાં પાણીનું સ્તર અચાનક વધી ગયું હતું, પરંતુ બધા સુરક્ષિત હોવાનું કહેવાય છે.

## અશ્લીલ શોના વિવાદ વચ્ચે એઝાઝ ખાનની મુશ્કેલી વધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ટીવી અને ફિલ્મ અભિનેતા એઝાઝ ખાન ફરી એકવાર વિવાદોમાં ઘેરાયો છે. મુંબઈના ચારકોપ પોલીસ સ્ટેશનમાં એક મહિલાએ તેના સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. મહિલાએ આરોપ લગાવ્યો છે કે, એઝાઝ ખાને ફિલ્મોમાં કામ આપવાના બહાને ઘણી વખત તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું.૩૦ વર્ષીય મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, 'એઝાઝ ખાને મને ફિલ્મોમાં ભૂમિકા અપાવવાનું વચન આપ્યું હતું અને આ બહાને ઘણી જગ્યાએ મારા પર દુષ્કર્મ આચર્યુ હતું. એઝાઝે મારો વિશ્વાસ જીત્યો અને મારૂ શોષણ કર્યુ હતું.'મહિલાની ફરિયાદના આધારે ચારકોપ પોલીસે એઝાઝ ખાન સામે ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કેસની તપાસ ચાલુ છે અને એઝાઝને ટૂંક સમયમાં પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે.ઉલ્લેખનીય છે કે, આ પહેલી વાર નથી જ્યારે એઝાઝ ખાન કાનૂની મુશ્કેલીઓમાં ફસાયો હોય. આ પહેલા તેઓ 'હાઉસ અરેસ્ટ' નામના વેબ શોને લઈને વિવાદમાં આવ્યો હતો. આ શો ઉલ્લુ એપ પર સ્ટ્રીમ કરવામાં આવ્યો હતો, જેમાં એઝાઝ પર મહિલા સ્પર્ધકોને અશ્લીલ દ્રશ્યો કરવા અને વાંધાજનક પ્રશ્નો પૂછવા માટે દબાણ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ શોના ઘાણાં વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ પણ થયા હતા.






ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા, રાજસ્થાન મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને કેન્દ્રીય વન મંત્રી ભુપેન્દ્ર યાદવે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી.

ગુજરાતનાં વાતાવરણમાં પલટા | શહેરના એસજી હાઈવે, નારણપુરા, ઈસ્કોન, નારોલ સહિતના અનેક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડ્યો

# અમદાવાદમાં ભારે પવન ફૂંકાયો : છૂટોછવાયો વરસાદ

| (એજન્સી) અમદાવાદ, તા.૫ |

ગુજરાતમાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે, ત્યારે ભરઉનાળે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ, કરા પડવા અને પવન ફૂંકાયો છે. હવામાન વિભાગની આગાહીને પગલે રવિવારે રાજકોટ, ભાવનગર અને બોટાદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદ પડ્યો હતો. જ્યારે આજે સોમવારે ગુજરાતભરના વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે, ત્યારે સૌરાષ્ટ્રના અલગ-અલગ વિસ્તારમાં કરા સાથે કમોસમી વરસાદ પડ્યો છે. જ્યારે અમદાવાદનું વાતાવરણ અચાનક પલટાયું છે, ત્યારે શહેરના અનેક વિસ્તારોમાં ધૂળની ડમરી ઉડવાની સાથે ભારે પવન ફૂંકાયો છે અને છૂટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદ પડવાની સાથે કરા પડ્યા છે. ઉનાળાની ઋતુમાં માવઠું થતાં ખેડૂતોના જુવાર, બાજરી, તલ, કેરી, ટેટી સહિતના પાકને મોટાપાયે નુકશાન થવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે



રાજકોટ, ભાવનગર અને બોટાદ જિલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. બોટાદ તાલુકાના પીપરડી, પાળીયાદ ગામ સહિત રાણપુર તાલુકાના રાણપુર સહિત મોટી વાવડી ગામે કમોસમી વરસાદ શરૂ થયો છે. જ્યારે રાજકોટના પારડી, વિંછીયા સહિતના વિસ્તારોમાં પણ કરા, પવન સાથે કમોસમી વરસાદ ખાબક્યો છે. ભાવનગરના વાતાવરણમાં પલટો જોવા મળતાં લોકોને કાળઝાળ ગરમીમાંથી આંશિક રાહત મળી છે. હવામાન વિભાગની આગાહીને પગલે રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની સાથે ભારે પવન ફૂંકાયો છે. જેમાં આજે સોમવારે અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો છે, ત્યારે શહેરના અનેક વિસ્તારોમાં ધૂળની ડમરી ઉડવાની સાથે ભારે પવન ફૂંકાયો છે. હવામાનની આગાહીને પગલે જાણે વાવાઝોડું જેવી સ્થિતિ ઊભી થઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. જ્યારે શહેરના એસજી હાઈવે, નારણપુરા, ઈસ્કોન, નારોલ સહિતના અનેક વિસ્તારોમાં છૂટોછવાયો કમોસમી વરસાદ પડ્યો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદના વાતાવરણમાં આવતીકાલે મંગળવારથી પાંચ દિવસ માટે પલટો આવી શકે છે અને ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાવવા ઉપરાંત ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. હવામાન નિષ્ણાતોને મતે મંગળવારે ૬૩ ટકા, બુધવારે ૭૦ ટકા, ગુરૂવારે ૪૩ ટકા, શુક્રવાર-શનિવારે ૪૦ ટકા જેટલી વરસાદની સંભાવના છે.

ગુજરાતના અનેક જિલ્લામાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ અને ભારે પવન ફૂંકાયો છે. સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં મેઘગર્જના અને કરા સાથે કમોસમી વરસાદ થતાં ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા છે, ત્યારે ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલ એક મકાનમાં વીજળી પડવાના કારણે મકાનના ખૂણાની દિવાલનો ભાગ તૂટી ગયો હોવાનું સામે આવ્યું છે. ખેડા જિલ્લામાં ભારે પવન ફૂંકાતા વાવાઝોડું જેવી સ્થિતિ નિર્માણ પામી છે. ખેડાના અનેક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયા બાદ કમોસમી વરસાદ પડ્યો છે. જ્યારે પવનની ગતિ તેજ હોવાના કારણે કેટલાક મકાનોના છાપરા ઉડી ગયા હતા. આ સાથે ખેડૂતોના આંબા પરથી કેરીઓ ખરી પડી હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. રાજ્યના વાતાવરણમાં પલટો આવતા ખેડૂતોને ભારે નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

## ઝાલોદ આઇ.પી.મીશન હાયર સેકન્ડરીનુ ઝળહળતુ પરિણામ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ |

ઝાલોદ નગરની આઈ.પી.મીશન એચ.એસ.સી સામાન્ય પ્રવાહમાં કુલ ૮૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં કુલ ૮૦ વિદ્યાર્થીઓ પાસ થતા શાળાનું કુલ પરિણામ ૯૦.૯૦% આવેલ હતું. જેમાં પ્રથમ ત્રણ નંબર મેળવનાર બાળકોમાં પ્રથમ નંબરે પલાસ પુજા જયેશના ૭૦૦/૫૯૬ ૮૫.૧૪% બીજા નંબરે નીનામા મીનલ વિજય ૭૦૦/૫૭૮ ૮૨.૫૭% ત્રીજા નંબરે વગેલા આરતી લાલુ ૭૦૦/૫૬૭ ૮૧.૦૦% લાવી શાળાનું ગૌરવ વધારેલ છે.

## વડોદરા શહેર જિલ્લાનું ધો.૧૨ વિ.પ્ર.નું ૮૨.૨૦ ટકા પરિણામ

| (પ્રતિનિધી) વડોદરા, તા.૫ |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાના આજે જાહેર થયેલા પરિણામમાં વડોદરા શહેર જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૨.૨૦ ટકા અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૭ ટકા પરિણામ આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં વડોદરા શહેર જિલ્લાના ૫૮૯૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને તેમાંથી ૪૮૪૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે ૧૦૬૦ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ગત વર્ષ કરતા આ વર્ષના પરિણામમાં ૦.૩૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. જ્યારે સામાન્ય પ્રવાહમાં વડોદરા શહેર જિલ્લાનું ૮૭ ટકા પરિણામ આવ્યું છે. જે રાજ્યમાં સૌથી ઓછું છે.આમ છતા સમગ્ર રાજ્યનું પરિણામ વધારે આવ્યું હોવાથી વડોદરાનું આ છેલ્લા આઠ વર્ષોમાં સૌથી વધારે પરિણામ છે.

## ૧૬ જૂન ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર પેન્શન અદાલતનું આયોજન

| અમદાવાદ, તા.૫ |

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર રેલવે બોર્ડની સૂચના મુજબ નિવૃત્ત કર્મચારીઓના પેન્શન સંબંધિત પ્રશ્નોના ઝડપી નિકાલ માટે ૧૬ જૂન, ૨૦૨૫ (સોમવાર) ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી સિદ્ધાર્થના જણાવ્યા મુજબ અમદાવાદ ડિવિઝનમાંથી જે પણ કર્મચારી સેવાનિવૃત્ત થયા છે તે પેન્શનરો/ફેમિલી પેન્શનરોની પેન્શન સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, અમદાવાદ ખાતે ૧૬.૦૬.૨૦૨૫ ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ ડિવિઝનમાંથી રેલ્વે સેવામાંથી નિવૃત્ત થયેલા તમામ કર્મચારીઓ, પેન્શનરો/કૌટુંબિક પેન્શનરો અને પેન્શન સંબંધિત ફરિયાદો હોય, તેઓ તેમની અરજી (ત્રણ પ્રતિકૃતિમાં) ડિવિઝનલ રેલવે મેનેજર (સ્થાપના) ઑફિસ, અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલવે, જીસીએસ હૉસ્પિટલ ની સામે અમદુપુરા અમદાવાદ માં તારીખ ૨૩.૦૫.૨૦૨૫ સુધી સબમિટ કરી શકે છે. કૃપા કરીને અરજીમાં તમારું નામ, હોદ્દો, છેલ્લો પગાર, ભરતીની તારીખ, નિવૃત્તિની તારીખ, PPO નકલ અને ફરિયાદનો પ્રકાર દાખલ કરો.

## બોટાદ જિલ્લાના વાતાવરણમાં પલટો, કરા સાથે કમોસમી વરસાદ

| (એજન્સી) બોટાદ, તા.૫ |

રાજ્યમાં છેલ્લા ચાર દિવસથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે પણ આજે રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે બોટાદ જિલ્લાના વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. સવારથી વાતાવરણમાં પલટો આવ્યા બાદ જિલ્લામાં અલગ-અલગ વિસ્તારમાં કરા સાથે કમોસમી વરસાદ શરુ થયો છે. બોટાદ તાલુકાના પાળીયાદ ગામ સહિત રાણપુર તાલુકાના રાણપુર સહિત મોટી વાવડી ગામે કમોસમી વરસાદ શરૂ થયો છે. કમોસમી વરસાદ પડતાં ખેડૂતોના જુવાર, બાજરી, તલ સહિતના ઉનાળુ પાકને મોટાપાયે નુકશાન થવાની શક્યતા છે.

## ગેરકાયદે ૨૪ બાંગ્લાદેશીને પરત મોકલવામાં આવશે

| (એજન્સી) વડોદરા, તા.૫ |

પહેલગામમાં આતંકી હુમલા બાદ ગુજરાતભરમાં ઘુસણખોરી કરનાર બાંગ્લાદેશીઓને દેશ બહાર હાંકી કાઢવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે વડોદરામાંથી ગેરકાયદે ૨૪ બાંગ્લાદેશીઓને પરત મોકલવામાં આવશે. બાંગ્લાદેશી ઘુસણખોરોને ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વડોદરાથી પશ્ચિમ બંગાળ ગયેલી ટીમ દ્વારા તપાસ પૂર્ણ કરવામાં આવી છે. ૨૪ બાંગ્લાદેશીઓને હંગામી ડિટેક્શન સેન્ટર પર રખાયા છે. કેન્દ્ર સરકારનો સંપર્ક કરી તમામ બાંગ્લાદેશીઓને ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ૬,૭ અને ૮મી તારીખે ભારે વરસાદની આગાહી

| (એજન્સી) અમદાવાદ, તા.૫ |

ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. સૂર્યના તાપ પર જાણે વાદળો છવાઈ ગયા છે. ત્યારે ગુજરાતમાં આગામી ત્રણ દિવસ કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. તો બીજી બાજુ વરસાદ સાથે અનેક વિસ્તારોમાં કરા અને વાવાઝોડું આવવાની પણ આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર એ.કે. દાસે આજે આગાહીમાં જણાવ્યું છે કે, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવે છે. રાજ્યમાં મોટાભાગના જિલ્લાઓમાં તાપમાન બેથી ચાર ડિગ્રી ઘટશે. રાજ્યમાં આગામી પાંચ દિવસ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદની આગાહી આપવામાં આવી છે.

બોર્ડમાં લાવ્યો 99.99 PR

# રાજકોટમાં ચાની લારી ચલાવતા પિતાના દીકરાની મહેનત ફળી

ભણવાની સાથે આ દીકરો પિતાની ચાની લારી પર પણ જતો હતો

| (એજન્સી) રાજકોટ, તા.૫ |

આજરોજ ગુજરાત રાજ્ય માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. રાજકોટ શહેર તેમજ જિલ્લાનો ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૩.૬૬% જાહેર થયું છે. આમ ગત વર્ષની સરખામણીએ રાજકોટ શહેર તેમજ જિલ્લાનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૧.૧૪% જેટલું વધુ આવ્યું છે. ત્યારે રાજકોટમાં ચાની લારી ચલાવતા પિતાના દીકરાએ બોર્ડમાં ટોપ કર્યું છે. ભણવાની સાથે આ દીકરો પોતાના પિતાની ચાની લારી પર પણ મદદ માટે જતો હતો. રાજકોટ શહેરના મોદી સ્કૂલમાં અભ્યાસ કરનારા તેમજ ચાની લારી ચલાવનારા પિતાના પુત્રએ પોતાની



મહેનતથી ૯૯.૯૯ પર્સન્ટાઈલ મેળવ્યા છે. પરમાર રાજ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, મારે એકાઉન્ટ, અર્થશાસ્ત્ર તેમજ SP & CC જેવા વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ આવ્યા છે. મારા પિતા નારણભાઈ છેલ્લા છ સાત વર્ષથી ચાની લારી ચલાવે છે. આ સાથે તેણે જણાવ્યુ છે કે, હું રોજ સ્કૂલ દ્વારા આપવામાં આવતું ડે ટુ ડે વર્ક કરતો હતો. તેમજ સ્કૂલ દ્વારા યુનિટ ટેસ્ટ, વિકલી ટેસ્ટ તેમજ ડિઝાઈનર ટેસ્ટ લેવામાં આવતી હતી. તે તમામ ટેસ્ટમાં પણ હું સારો દેખાવ કરતો હતો.

માનસી સર્કલ પર મુકાયેલું સ્કલ્પ્ચર બન્યું આકર્ષણનું કેન્દ્ર

# એએમસી દ્વારા પર્યાવરણ બાબતે જાગૃતિ લાવવા અનોખો પ્રયાસ

| અમદાવાદ, તા.૫ |

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પર્યાવરણ સંરક્ષણ તથા ગ્લોબલ વોર્મિંગ સામેનાં ઈનોવેટિવ પગલાં રાષ્ટ્રીય સ્તરે ચર્ચાઈ રહ્યાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જ પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં અમદાવાદમાં મિશન મિલિયન ટ્રીઝ સહિતના પ્રયાસોને બિરદાવ્યા હતા. એએમસી દ્વારા પર્યાવરણ બચાવવા અને સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવા મુદ્દે શહેરીજનોમાં જાગૃતિ લાવવા માટે અનોખો પ્રયાસ હાથ ધરાયો છે. શહેરના માનસી ચાર રસ્તા ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સિંગલ યૂઝ પ્લાસ્ટિક નહીં વાપરવાના મુદ્દે એક સુંદર અને આકર્ષક સ્કલ્પ્ચર મૂકવામાં આવ્યું છે. જેમાં પ્લાસ્ટિક થેલીની જગ્યાએ કાગળની થેલી અપનાવીને પર્યાવરણ



બચાવવા યોગદાન આપીએ, તેવો સંદેશ લોકોને આપવામાં આવ્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મુકાયેલાં આ પ્રકારનાં સ્કલ્પ્ચર આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

સાયન્સનુ ૮૨.૯૨% તેમજ સામાન્ય પ્રવાહનુ ૮૯.૯૫% પરિણામ

# ઝાલોદ બી.એમ. હાઇસ્કૂલનુ ધોરણ ૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહનું ઝળહળતુ પરિણામ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ |

આજરોજ તારીખ ૦૫-૦૫-૨૦૨૫ સોમવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ગુજરાત રાજ્ય GSEB બોર્ડ દ્વારા HSC નુ રિઝલ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જેનામાં ગુજરાત રાજ્ય GSEB સાયંસનુ ૮૩.૫૧% તેમજ સામાન્ય પ્રવાહનું ૯૩.૦૭% પરિણામ આવેલ છે. જેનામાં દાહોદ જિલ્લા સાંયસ પ્રવાહનુ ૫૯.૧૫% અને સામાન્ય પ્રવાહનું ૯૩.૦૩% પરિણામ આવેલ છે. ઝાલોદ કેન્દ્ર સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૯.૨૦% તેમજ બી.એમ.હાઈસ્કૂલનુ પરિણામ ૮૯.૯૫% આવ્યું હતું.

GSEB નું પરિણામ આવતા ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલનુ પરિણામ ગત વર્ષ કરતાં ખૂબ સુંદર આવેલ હતું. સાંયસ પ્રવાહમાં કુલ ૪૧ વિધાર્થીઓ અભ્યાસ કરતા હતા જેમાંથી કુલ ૩૪ વિધાર્થીઓ પાસ થતા ૮૨.૯૨% પરિણામ આવ્યું હતું તેમજ સામાન્ય પ્રવાહમાં કુલ ૨૦૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા જેમાંથી ૧૮૮ વિદ્યાર્થીઓ પાસ થતા ૮૯.૯૫% પરિણામ આવ્યું હતું. જે ગત વર્ષ કરતાં ખૂબ સુંદર અને સારું જોવા મળતા ઝાલોદ શાળામાં ભણાવતા શિક્ષકોની મહેનત તેમજ બાળકોની ભણતર પ્રત્યે સજાગતા જોવા મળી હતી. શિક્ષક અને વિદ્યાર્થીઓની મહેનતને લઈ શાળાનું પરિણામ એ સૂચવે છે કે મહેનત કરો તો બધું શક્ય છે. પ્રથમ ત્રણ નંબર પર આવેલ વિદ્યાર્થીઓએ શાળાના ઉત્તમ ભણતરની ભારોભાર પ્રશંસા કરી હતી. ઝાલોદ બી.એમ.હાઈસ્કૂલના પ્રિન્સિપાલ યુક્તિ પંચાલે શાળામા ભણતા તમામ વિધાર્થીઓને સુંદર પરિણામ લાવવા શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ દરેક વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીમા ખૂબ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આગળ વધી શાળા તેમજ પરિવારનુ નામ રોશન કરે તે માટે શુભકામનાઓ પણ પાઠવી હતી.

**સાંયસ પ્રવાહના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ**

૧) બોડાણા અર્ચના સુરેશચંદ્ર - ૫૪૦/૬૫૦ ( ૮૩.૦૭% )
૨) સંગાડા વૈશાલી વાલસીંગ ૫૩૬/૬૫૦ ( ૮૨.૪૬%)
૩) પ્રજાપતિ ઝરણા મૂકેશભાઈ ૪૭૩/૬૫૦ (૭૨.૭૬%)

**વાણિજ્ય પ્રવાહના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ**

૧) ગુરુનાની જ્હાન્વી યોગેશ - ૫૮૬/૭૦૦ (૮૩.૭૧)
૨) પંચાલ પ્રાચી અશોક- ૫૮૧/૭૦૦ ( ૮૩.૦૦%)
૩) દૈયા મેઘા અશોક- ૫૭૯/૭૦૦ ( ૮૩.૦૦% )

**સામાન્ય પ્રવાહના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ**

૧) પરમાર પ્રતીક્ષા નગીન- ૫૯૬/૭૦૦ ( ૮૫.૧૪%)
૨) પારગી ધવલ શૈલેષ- ૫૯૪/૭૦૦ ( ૮૪.૮૫% )
૩) ગરાસિયા રીષીકા અતુલ- ૫૯૨/૭૦૦ ( ૮૪.૫૭% )

૩ વિષયમાં આવ્યા ૧૦૦ માર્ક્સ

# ગઢવી સમાજનું ગૌરવ બન્યો ધોરણ-૧૨નો વિદ્યાર્થી

રાજકોટની ધોળકિયા સ્કુલમાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા રૂદ્ર નાગાયે 99.99 PR મેળવ્યા

| (પ્રતિનિધી) રાજકોટ, તા.૫ |

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ આજે જાહેર થઈ ગયું છે. સમગ્ર રાજ્યમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૫૧ ટકા અને સામાન્ય પ્રવાહનું ૯૩.૦૭ ટકા પરિણામ જાહેર થયું છે. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ગત વર્ષ કરતા ૧.૦ ટકા વધુ જ્યારે સામાન્ય પ્રવાહનું ગત વર્ષ કરતા ૧.૧૪ ટકા પરિણામ વધુ જાહેર થયું છે. વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહનું પરિણામ GSEBની વેબસાઈટ પર જાહેર કરાયું છે. રાજકોટની ધોળકિયા સ્કુલમાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા રૂદ્ર નાગાયે 99.99 PR મેળવીને ગઢવી સમાજનું નામ રોશન કર્યું છે.

લોકલ ૧૮ સાથે વાત કરતા રૂદ્ર નાગાયએ જણાવ્યું હતું કે, "ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં મારા 99.99 PR આવ્યા છે. જેની સાથે મેં ગુજરાત બોર્ડમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. કુલ ૭૦૦ ગુણમાંથી મારા ૬૭૧ માર્ક્સ આવ્યા છે. અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને નામાના મૂળ તત્ત્વો એમ ત્રણ વિષયમાં મારા ૧૦૦માંથી ૧૦૦ માર્ક આવ્યા છે. આ સિવાય અંગ્રેજીમાં ૯૫, ગુજરાતીમાં ૯૨, OCEમાં ૯૮ તથા OCCમાં ૯૩ માર્ક્સ આવેલા છે."

"મેં મહેનત ખૂબ જ કરી હતી. માતા-પિતા તરફથી પણ મને સારો સહકાર મળ્યો હતો. હું જ્યારે રાત્રે વાંચતો ત્યારે મારી મમ્મી મારી સાથે જાગતી હતી. મને સમયસર સ્કૂલે ટિફિન પણ મોકલાવી દેતી હતી. જેથી મારા સમયની બચત થતી હતી. જેથી હું સારી રીતે તૈયારી કરી શક્યો. ૧૦માં ધોરણમાં પણ મારા ૯૯.૯૯ PR આવ્યા હતા. ૧૨માં ધોરણમાં પણ ૧૦માં ધોરણ જેવું જ પરિણામ મળ્યું છે. તેથી હું ખૂબ ખુશ છું. આગળ હું UPSCની પરીક્ષા પાસ કરીને એક IAS અધિકારી તરીકે કારકિર્દી બનાવવા ઈચ્છું છું." પિતા કિશોરભાઈ કોર્પોરેશનની સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેમણે જણાવ્યું હતું કે, "મારો દીકરો 99.99 PR લાવીને બોર્ડમાં પ્રથમ ક્રમાંકે આવ્યો છે. ૧૦માં ધોરણમાં પણ તે 99.99 PR લાવ્યો હતો. જેનો મને ખૂબ આનંદ છે. જ્યારથી ૧૨માં ધોરણનો અભ્યાસ શરૂ થયો ત્યારથી જ તેણે મહેનત શરૂ કરી દીધી હતી. તે દરરોજ ૭-૮ કલાક વાંચન કરતો હતો. તેની મહેનતનું પરિણામ સૌની સામે છે. ગઢવી સમાજમાં 99.99 PR લાવનારો અને બોર્ડમાં પ્રથમ ક્રમે આવનારો આ પહેલો દીકરો છે. જેથી તેણે અમારા સમાજમાં એક ઈતિહાસ પણ બનાવ્યો છે. જેનો મને ગર્વ છે."